સુબોધ કથામાળા.

લેખક

મોતીલાલ મનસુખરામ શાહ.

'ગુ. શબ્દાર્થ કોષ,' 'સદુપદેશમાળા,' 'પ્રાણી હિંસા નિષેધક' અને 'બારવ્રત' ઇત્યાદિના કર્તા.

સારંગપુર—અમદાવાદ.

પ્રકાશક

શકરાભાઈ મોતીલાલ શાહ.

સારંગપુર તળીયાની પોળ—અમદાવાદ.

પ્રથમ આવૃત્તિ. પ્રત ૧૫૦૦

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટિંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

કીંમત રૂ. ૦—૩—૦

બે બોલ.

આજ કાલ જનરૂચિ તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો વાંચવા કરતાં કથા વાર્તા વાંચવા તરફ વિશેષ દોરવાય છે, અને આ રીતે દોરવાય તો તે સ્વાભાવિક છે. 'સત્ય બોલવું' અથવા સત્ય બોલવાથી અમુક લાભ છે, એમ જાણવાથી મનુષ્યના ચારિત્ર (વર્તન) પર જે અસર થાય, તેના કરતાં વધારે સ્થાયી અસર સત્યના ઉપાસક હરિશ્ચંદ્ર જેવાનું દૃષ્ટાન્ત વાંચવાથી થાય છે. આ નિયમ સ્મરણમાં રાખી આ **કથા સંગ્રહ** લખવામાં આવ્યો છે. આમાંની દરેક વાર્તામાં કાંઇ નહિ ને કાંઇ બોધ સમાયેલો દરેક વાચક જોઇ શકશે, અને તે બોધ ચોકસ રીતે ધ્યાનમાં રહે તે માટે દરેક વાર્તાની અન્તે એક દોહરો આપવામાં આવ્યો છે, જે સદા કંઠે રાખવા લાયક છે. આ પુસ્તકની કથાઓ જો કે મોટે ભાગે જૈનસૂત્રોને આધારે લખાયેલી છે, છતાં તે સર્વને ઉપયોગી થાય તેવા રૂપમાં આપવામાં આવેલી છે. આ કથાઓને ધ્યાનપૂર્વક વાંચવા અને તેમાંથી સાર ગ્રહણ કરવા ભલામણ કરવામાં આવે છે.

નાનકડા ગ્રન્થને લાંબા ઉપોદ્ઘાતની જરૂર નથી.

સારંગપુર—**અમદાવાદ.**
તા. ૫-૨-૧૨. } **મોતીલાલ મનસુખરામ શાહ.**

અનુક્રમણિકા.

☛ પહેલી કથામાં નવમા પેજમાં 'દેવદત્ત'ના બદલે 'ધનદત્ત' શબ્દ ભૂલથી છપાયો છે તે સુધારીને વાંચવું.

સુબોધ કથા સંગ્રહ.

શરીર અને આત્માનો સંબંધ.

ભરતક્ષેત્રના **માળવદેશમાં** લક્ષ્મીએ કરી **ઈંદ્રપુરી** સમાન સુશોભિત **એવંતી** (ઉજ્જયન) નામે નગર હતું. ત્યાં મહા લક્ષ્મીવંત, સત્યવંત અને ધર્મિષ્ટ એવો **સુધન** નામે શેઠ વસતો હતો. તેને શશીમુખી, પતિવ્રતા અને સત્યવાદિની એવી **સુમંગળા** નામે સ્ત્રી હતી. દંપતી (સ્ત્રી પુરૂષનું જોડું) સંસારનાં અનેક પ્રકારનાં સુખ ભોગવવા સાથે ધર્મકાર્યમાં અનુરક્ત રહેતાં હતાં. ઘેર ૫–૭ વાહન, ૨૫–૩૦ ગુમાસ્તા, ૧૦–૧૨ મોટાં શહેરોના વિષે નામાંકિત દુકાનો અને 'ક્રોડાધિપતિ'ની આબરૂ એવા ઠાઠ સાથે એક નાનાં રાજાના જેવી રાજ્યસાહેબી ભોગવતાં છતાં તેઓ હમેશાં ચિંતાતુર રહેતાં હતાં. અને શરીરમાં કોઈ પણ પ્રકારની વ્યાધિ નહિ છતાં દિન-પ્રતિદિન સુકાતાં જતાં હતાં. કહ્યું છે કે:—

ચિંતાસે ચતુરાઇ ઘટે, ઘટે રૂપ, ગુણ, જ્ઞાન;
ચિંતા બડી અભાગિણી, ચિંતા ચિતા સમાન.

આ ચિંતા શેની હતી? **પૈસો, પદ્મણિ** અને નિરોગી કાયા મળવા છતાં હવે ક્યું સુખ બાકી રહ્યું હતુ? અરે, બીજા નંબરનું સુખજ બાકી હતું કે જે નહિ મળવાથી બીજાં ત્રણ સુખો ઝાંખાં મનાય છે. કહ્યું છે કે:—

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ ઘેર દીકરા;
ત્રીજું સુખ સુકુળની નાર, ચોથું સુખ કોઠીએ જાર.

"દીકરા દૈવને પણ દુર્લભ છે." "દીકરા વગરનું ઘર સુનું છે." એવી એવી કહેવતો યાદ લાવી શેઠ શેઠાણી હમેશાં દીલગીર થતાં હતાં અને સંસાર ઉપર ઉદાશી ભાવ રાખતાં હતાં. કહ્યું છે કે:—

ક્રોડ દીવા નિત્યે બળે, બાર રવિ ઉદ્યોત;
જસ ઘર નહિ એક બાળકો, તસ ઘર જાંખી જ્યોત.

શેઠ અને શેઠાણીની ઉમર ૪૦–૪૫ વર્ષની થવા આવ્યા છતાં એકે સંતાન થયું નહોતું. તેથી વાંઝીયા મહેણું ટાળવાના અને પુત્રવંત થવાનો સુલ્હાવો લેવાના ઘણા ઉપાયો કરવા છતાં તે અદ્યાપિ સુધી વ્યર્થ ગયા હતા.

એક દિવસે સુમંગળા શેઠાણી પોતાના ઘરના છજ્જા ઉપર આરામ લેવા બેઠાં છે; તેવા સમયે એક ગરીબડી ભિખારણ ફાટયાં તુટયાં વસ્ત્ર પહેરી, એક છોકરાને આંગળીએ વળગાડી અને બીજાને કેડે બેસારી ભિખ માગવા આવી. તેને જોઈ નિઃશ્વાસ નાંખી મનમાં વિચારવા લાગ્યાં કે, અહાહા! શું કુદરતનો બનાવ છે? "જેને ધાના તેને પાના નહિ અને પાના તેને ધાના નહિ" એટલે કે જેને પૈસો છે તેને સંતાન નથી અને સંતાન છે તેને પૈસો નથી. આ ભિખારણને પોતાનું પેટ ભરવું પણ મુશ્કેલ છે તેને દૈવે બે પુત્રો આપ્યા છે અને મને અભાગિણીને એક પણ નહિ, એમ અફસોસ કરતી અશ્રુપાત કરે છે. તેવામાં સુધનશેઠ આવ્યા, તેમણે તેને રોવાનું કારણ પૂછી કહ્યું કે, "હે સ્ત્રી! એમાં દૈવનો વાંક નથી. આપણે પૂર્વે પુત્ર પામવા સંબંધી અંતરાય કર્મ બાંધેલું છે. વળી દયા પાળ્યા (જીવ સંરક્ષણ કર્યા) સિવાય પુત્ર સુખ મળતું નથી. કહ્યું છે કે:—

જીવદયા જિનવર કહી, જે પાળે નરનાર;
પુત્ર હોવે શૂરા સકળ, તેહને ઘર મોઝાર.

માટે આપણે પૂર્વે દયા પાળી નથી તો આ ભવમાં સારી રીતે દયા પાળો અને ધર્મકરણી કરો તો ધર્મ અને દયામાતાના પુન્ય પસાયે સહુ સારાં વાનાં થશે." એમ નિશ્ચય કરી શેઠ શેઠાણી પોતપોતાના કામે વળગ્યાં.

એકદા પ્રસ્તાવે ધર્મ કરણી કરતાં થકાં પૂર્વકર્મના ઉદયે અને ધર્મ પસાયે **સુમંગળા** શેઠાણીની કૂખે ધર્મીજીવ ઉત્પન્ન થયો. મહત્ આનંદ અને મહત્ આશાએ ગર્ભનું પાલણ પોષણ કરતાં થકાં સવા નવ માસ પૂર્ણ થયે ચંદ્રમાના તેજ જેવો ભાગ્યશાળી પુત્ર પ્રસવ્યો. તેથી આખા શહેરમાં આનંદ પ્રસરી રહ્યો. વધામણીઓ ચાલી, સાકરો વહેંચાઇ અને ગરીબોને દાન અપાયાં. ખરી ખોટમાં અને ઇચ્છીત વેળાએ પુત્ર સાંપડ્યો તેથી શેઠ શેઠાણીના હર્ષનો પાર રહ્યો નહિ. જેમ અંધને નવાં ચક્ષુ આવે અને મુએલા મનુષ્યને ફરીથી મનુષ્યદેહી પ્રાપ્ત થાય એથી પણ અધિક હર્ષ આ સમયે અટકળી શકાય. કહ્યું છે કે:—

માગ્યા જન્મે બેટડા, માગ્યા મેહ વરસંત;
(તો) કલ્પતરૂ ફળ્યું આંગણે, સુવર્ણ સુર ઉગંત.

પુત્ર દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યો. બારમા દિવસે ભારે ખર્ચ કરી મોટા ઠાઠથી તેનું "**દેવદત્ત**" એવું નામ પાડ્યું. ત્યારબાદ સાતમા વર્ષે નિશાળે ભણવા મૂક્યો. ભણી ગણી કળાવંત થયે તેને ઘરકામમાં જોડ્યો. પુરાં સોળ વર્ષ થયે તેજ નગરના **શાન્તિદાસ** શેઠની **રંભા** નામની પુત્રી વેરે તેનું લગ્ન કર્યું. જન્મોત્સવ કરતાં લગ્નોત્સવ ભારે ગણાય છે. તેથી લોકો કરજ કરીને ખર્ચ કરી ફૂલ-

ખુશી બને છે તો પછી આપણા આ સુધનશેઠ, ખોટનો એકનો એક દીકરો પરણાવવા પાછળ અઢળક ધન વાપરે તેમાં શી નવાઈ? આ વખતે શેઠ શેઠાણીને પુત્ર પ્રસવ કરતાં પણ અધિક હર્ષ ઉત્પન્ન થયો હતો.

જાન ઘેર આવ્યા પછી ત્રીજેજ દિવસે શેઠને પોતાની વસંતપુર નગરની દુકાનેથી મુનીમનો કાગળ આવવાથી ત્યાં જવું થયું. ત્યાં માત્ર એક દિવસ રહી ત્યાંનું સર્વે કામકાજ સત્વર પતાવી હર્ષ સહિત ઘેર આવવા નીકળ્યા. હવે આંહી ઘર આગળ શું બનાવ બન્યો છે તે સાંભળો. દૈવની ગતિ ન્યારી છે. મનમાં ધારીએ કાંઇ અને થાય કાંઈ! કહ્યું છે કેઃ—

कर्मदेव नमस्तुभ्यं त्वत्परा देवता नहि ॥
दैवो रुष्टो स्थियति आन्ति त्वं रुष्टो न स्थियति कश्च ॥

ભાવાર્થ—હે કર્મદેવ! તને નમસ્કાર છે. કારણ કે તારાથી ત્રિલોકમાં બીજો કોઈ મોટો નથી. કદાચ કોઈ દેવતા રૂઠયો હોય તો તેને બાધા આખડીથી કે પૂજા સત્કારથી સંતુષ્ટ કરીએ પણ તું રૂઠયો હોય તો કોઇ પણ રીતે સંતુષ્ટ થઇ શકતો નથી.

એક દિવસે રાત્રિના સમયે દેવદત્ત પોતાના ઘરમાં પ્રવેશ કરવા જાય છે ત્યાં તેને પગે સર્પે ડંસ કર્યો. જોતજોતામાં ઝેર વ્યાપી ગયું અને લીધેલા ઉપાય નિષ્ફળ ગયા. આખા શહેરમાં હાહાકાર વર્ત્તાઈ ગયો અને સર્વત્ર ગભરાટ ફેલાઇ ગયો. આ વખતે દેવદત્તે વિચાર્યું જે હવે “ જીનરાજના ધર્મ ” સિવાય અન્ય ઉપાય વ્યર્થ છે અને આખરે એજ શ્રેય છે. એમ ધારી પોતાની શુદ્ધ બુદ્ધિથી સાગારી અણસણ (અનશન) કર્યું. બાદ થોડી મુદતે તેનો અમર આત્મા કાળરાજાના દફતરમાં નામ નોંધાવી સ્વર્ગવાસી થયો. આથી આખા શહેરમાં શોકકળાણ થઇ રહ્યું અને સર્વત્ર શોકનું વાદળ છવાઇ ગયું. અરે કાળ-

દેવ ! તારી ગતિ ન્યારી છે ! તું ઘરડું કે જુવાન, ખોટનું કે છતનું, નિર્ધન કે ધનવંત, ગાંડું કે ડાહ્યું કાંઇ જોતો નથી. સર્વ એક અગ્રે મુંડે છે એજ વધારે શોકકારક છે, નહિ તો વહેલું મોડું તો સર્વને મરવાનું છેજ. બિચારા સુધનશેઠની વૃદ્ધાવસ્થાએ થયેલો એકનો એકજ પુત્ર, જેને હાથેથી હજુ મીંઢળ પણ છુટયાં નથી તેનું અકાળ મૃત્યુ, બાપનો વિયોગ અને રાંકડી રંભાનું પરણ્યાને આણેજ ટુંક મુદતમાં વિધવા થવું: આવા અઘટિત માઠા સમાચાર સાંભળી કોનું હૃદય કંપ્યા વિના રહેશે ? શું આ વખતે વૃક્ષ રોવા લાગ્યાં, આભ ટૂટી પડયો અને પૃથ્વી કંપવા લાગી. એવી ઉપમા આપીશું તો અયોગ્ય ગણાશે કે ?

હવે દેવદત્તના શબ (મડદા)ને ઠાઠડીમાં ઘાલી મોટી બુમરાણ પાડી લોકો ચૌટા વચ્ચે થઇને સ્મશાન ભૂમિમાં લેઈ જાય છે, તેજ વખતે સુધનશેઠ (વસંતપુર ગયેલા ત્યાંથી આવતાં) નગરના દરવાજામાં પ્રવેશ કરવા જાય છે તો સર્વ કોઇને રોતા–કલ્પાંત કરતા જોવામાં આવ્યા તેથી તેનું કારણ લોકોને પુછયું તો તે નહિ કહેતાં બે ચાર માણસોએ તેમના હાથ ઝાલી બારોબાર સ્મશાનભૂમિમાં લીધા. આ વખતે શેઠના હોસ ને કોસ ઉડી ગયા, અનેક પ્રકારના વિતર્ક થવા લાગ્યા અને દિગ્મૂઢ બની ગયા. સ્મશાનભૂમિમાં દેવદત્તની સળગાવેલી ચિતા જોતાંજ તેઓ ત્યાં મૂર્છા ખાઇ ઢળી પડયા. થોડી મુદ્દતે સચેત થઈ પુત્રનું મૃત્યુ થવાનું કારણ પૂછી રોવા કૂટવા અને આક્રંદ કરવા લાગ્યા. પછાડો ખાધી, માથું કૂટયું અને વિલાપ કરી કરૂણામય રાગડા તાણ્યા પણ સર્વ વ્યર્થ. આખરે ચિતામાં પડી બળી મરવું ધાર્યું. શોકમાં ઘેરાયલો ઘેલો માણસ જે ન ધારે તે ઓછું. થર ચડાવી ચિતામાં પડવા જાય પણ લોકો હાથ ઝાલી પાછા ખેંચી લાવે. એમ વારંવાર કર્યા કરે. આ વખતે એક વૃદ્ધ બ્રાહ્મણ હાથમાં લાકડી ઝાલી

શેઠની સમક્ષ આવ્યો અને શેઠને બોલાવી ટટાર કરી ઉપદેશ કરવા લાગ્યો કેઃ—

"હે વિચક્ષણ સુધનશેઠ! તમે હવે ગમે તો ચિતામાં પડી બળી મરશો તોપણ તમારા પુત્રનું મુખ જોઈ શકશો નહિ અને એમ જો મરનારનો મેળાપ થઈ શકતો હોય તો ઘણા માણસો મરનારની ચિતામાં પડી બળી મરત. વળી આ દુનિયામાં જે જન્મે છે તે મરે છે, ઉગે છે તે આથમે છે, ફૂલે છે તે કરમાય છે અને નામ છે તેનો નાશ છે. એવો કુદરતી નિયમ છે તે કોઇનાથી ટૂટે તેમ નથી. મોટા મોટા ચક્રવર્તી, વાસુદેવ અને બળદેવ સરખા પણ કાળને શરણ થાય છે, તો પછી બીજાનું શું ગજું?" વળી શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

एकवृक्षे समारुढा रात्रौ नाना विहंगमाः ॥
ते प्रभाते दिशो यान्ति का तत्रः परिवेदना ॥

અર્થ:—એક વૃક્ષના વિષે રાત્રે નાના પ્રકારનાં પક્ષીઓ આવી બેસે છે તેઓ પ્રભાતે પાછાં ઉડી જાય છે; તો તેનો શોક શા માટે કરવો?

તેજ પ્રમાણે આ દુનિયારૂપી વૃક્ષના વિષે મનુષ્યરૂપી પક્ષીઓ બેઠેલાં છે. કોઇ આજ તો કોઇ કાલ, કોઈ વહેલું તો કોઇ મોડું પણ સર્વને કાળ રૂપી બાજ પકડયા વિના રહેશે નહિ. માટે જરા સાવચેત થઈ વિચાર કરો અને ચિતામાં પડી બળી મરવાનો દુરાગ્રહ દૂર કરો.

સુધનશેઠ—હે પ્રભુતુલ્ય મહારાજ! આપ કહો છો તે સત્ય છે. પરંતુ આજે મારા દુઃખનો પાર રહ્યો નથી. એકનો એક દીકરો તે પણ પરણ્યા પછી થોડાજ દિવસમાં સંકડી વહુને રંડાપો આપી (ચોરીમાંથી રંડાપો આપી) અમને વૃદ્ધ માતપિતાને રઝળતાં મૂકી મારી ગેરહાજરીમાં અકાળ મૃત્યુને શરણ થયો. આવું દુઃખ મેં સ્વપ્ને પણ સાંભ-

જ્યું નથી. આ અચાનક ગેબીગોળાનો માર મારાથી સહન થઇ શકતો નથી. આથી મને એ પુત્ર ન સાંપડયો હોત તો સારૂં. અરેરે! મને તેનું મૂખ જોવાનો પણ ઓરતો રહી ગયો! હાય હાય! એની બાળવિધવાને મારાથી કેમ જોઈ શકાશે? હે વિપ્રમહારાજ! એ રાંકડી વહુને જોઇ હંમેશાં શોકાગ્નિએ બળવા કરતાં મને આ પ્રગટ અગ્નિએ (ચિતામાં પડી) બળવા દો. કદાચ તમે મને નહિ મરવા દો તો હું બીજી રીતે આપઘાત કરીશ, પણ આ દુઃખ મારાથી સહન થઇ શકવાનું નથી.

વિપ્ર—હે શેઠ! તમે આપઘાત કરી મરવાનું કહો છો તો આ બાબત તમારે સંપૂર્ણ વિચાર કરવાનો છે, કારણ કે જેમ ક્રોધાવેશમાં વિચાર શૂન્ય થઇ જવાય છે તેમ શોકાવેશમાં પણ વિચારશૂન્ય થઈ જવાય છે. તમો આ એકજ ભવમાં આવા દુઃખથી ડરી આપઘાત કરવાનું કહે છો તો "આપઘાત કરનારને સાત ભવ એવાજ દુઃખની શિક્ષા થાય છે." તો તે તમારાથી કેમ સહન થઈ શકશે? અને એમ કેટલીવાર આપઘાત કરશો અને દરેક આપઘાતને સાત ગુણા કરતાં કેટલા ભવ વધારવા પડશે તેનો વિચાર કરજો.

વૃદ્ધ વિપ્રનો બોધ સાંભળી શેઠ કાંઇક સાવધ થયા અને આપઘાતની શિક્ષાથી ડર્યા, તે જોઇ વિપ્રે ત્યાંથી ચાલવા માંડયું. એટલે શેઠ, તેમને પકડી દેવાંશી પુરૂષ જાણી કાલાવાલા કરી કહેવા લાગ્યા કે:—"હે મહાત્મા પુરૂષ! મને મારા પુત્રનું એક વાર મુખ જોવાનો ઓરતો રહી ગયો તે પૂર્ણ કરશો તો હું આપઘાતથી બચીશ અને તમારો ઉપકાર માનીશ.

વિપ્ર—શેઠજી, તમે જાણો છો કે મુએલું માણસ ફરી મળતું નથી. જે ખોળિયાને તમે તમારો દીકરો કહેતા હતા તે ખોળિયાને તમે તમારી જાતેજ બાળી મુકો છો, તો પછી તે જીવતું કેમ થઈ શકે?

શેઠ—મહારાજ! ત્યારે તેનો આત્મા મને બતાવો.

આ હકીકત સાંભળી વિપ્ર (કે જે દેવદત્તનો મામો મરીને દેવના થયેલો હોવાથી માત્ર ઉપદેશ દેવા અર્થેજ અહીં આવ્યો હતો તે) સુધનશેઠને ધનદત્તનો આત્મા બતાવવા સારૂ લેઇ જાય છે.

આ વખતે ધનદત્ત કે જે મરીને પહેલા દેવલોકે દેવતા થયો છે, તેણે ઉપયોગ મૂકીને જોયું કે હું આ દેવપણું શાથી પામ્યો ? તો તેને માલૂમ પડયું કે, મારો પૂર્વ ભવ ધનદત્તનો હતો. મરતી વખતે જીનરાજના ધર્મની આરાધના કરવાથી હું આ ગતિને પામ્યો છું. તો ધન્ય છે એ ધર્મને ! અને વર્ત્તમાન સમયમાં શ્રી જીનેશ્વર તેવીસમા શ્રી પાર્શ્વનાથ તીર્થંકર એવંતી નગરીમાં બીરાજે છે, તેમના સમોવસરણમાં જઈ હું આજે તેમને વાંદુ એમ ધારી એ દેવ, સમોવસરણમાં જવા નીકળ્યો. ત્યાં રસ્તામાં પેલા વિપ્ર થયેલા દેવે, સુધનશેઠને ધનદત્તના આત્માની ઓળખાણ પડાવી દેવનાથી મેળાપ કરાવ્યો. ત્યાં તેઓનો નીચે પ્રમાણે વાદવિવાદ થયોઃ—

શેઠ—બેટા દેવદત્ત ! તને દેવ થયો જોઈ હું બહુ ખુશી થયો. પરંતુ તું તારી બાળ વિધવાને રડવડતી મૂકી તથા અમને (તારાં માત પિતાને) વૃદ્ધાવસ્થામાં ધૂળ ફાકતાં કરી આમ ચાલી નીકળ્યો એ સારૂં કર્યું નહિ. અરે ! તને કાંઈ પણ દયા આવી નાહ ?

દેવ—મૂર્ખ ! તું બેટો કોને કહે છે ? હું તારા પુત્રપણે ઘણી વખત જન્મ્યો અને તું મારા પુત્રપણે ઘણી વખત જન્મ્યો. એમ "સગપણ ચક્ર" માં ફરતાં તારો વારો આવ્યો તેથી શું થઈ ગયું ? તારા વીર્યથી ઉત્પન્ન થયેલું ખોળિયું કે જેને તું "દેવદત્ત" કહેતો હતો તેને તો તેં તારા હાથેજ બાળી મૂક્યું છે તો પછી બેટા કોને કહે છે ?

શેઠ—હે દેવ ! તું ખરી વાત કહે નહિ તો તને ઈશ્વરની આજ્ઞા છે. તારો આત્મા **ધ**નદત્તના ખોળિયામાં હતો તેજ ખરો કે આ **વિપ્ર** દેવ મને ખોટું બતાવે છે ? જો તું **ધ**નદત્તનો આત્મા હોય તો આમ મને તિરસ્કારના શબ્દો કહે નહિ.

દેવ—હે શેઠ ! **ધ**નદત્તના ખોળિયામાં જે આત્મા હતો તેજ આત્મા આ ખોળિયામાં છે, પણ આ ખોળિયાને અને તારે કાંઈ સંબંધ નથી.

શેઠ—હે દેવ ! મેં તને (**ધ**નદત્તને) ઘણો પાળ્યો પોષ્યો તથા મારા શરીરથી પણ અધિક ગણ્યો. તેનો કાંઈ બદલો આપ્યા વિના તથા તારી બાળ વિધવાને બંધીખાનામાં નાખી ચાલતો થયો તેનું પાતિક શું તને નહિ લાગે ?

દેવ—" જણ્યાંને જીવાડવાં અને પરણ્યાંને પાળવાં " એમાં શો ઉપકાર ? જુઓ ચકલાં, પોતાનાં બચ્ચાંને ચાંચમાં ઘાલી ખવરાવે છે તે શી આશાએ ? માટે તેં મારા શરીરને પાળી, તારી આશાએ મોટું કીધું તેથી મને કાંઈ દોષ લાગતો નથી. વળી એ ખોળિયું હતું ત્યાં સુધી માતાપિતાની તથા સ્ત્રી વગેરેની પ્રતિમા પાળવાને (સેવા ચાકરી કરવાને) બંધાયલું હતું પણ તેનો વિધ્વંશ (નાશ) થયો એટલે તેના આત્માને કાંઈ દોષ નથી. બળાત્કારે દેહ ત્યાગ કરનારને એ દોષ લાગે ખરો !

શેઠ—હે દેવ ! હવે મારી શી વલે ? મારી વૃદ્ધાવસ્થામાં કોણ ચાકરી કરશે ?


દેવ—હે શેઠ ! આ દુનિયામાં સર્વ કોઈ પૂર્વ ભવના સંબંધે આવી મળ્યું છે; સંબંધ પૂરો થયો એટલે કોઇ કોઇનું નથી. ધારો કે એક તુરંગ છે, તેમાં ઘણી ઓરડીઓ છે; તે દરેક ઓરડીમાં પ—૭

માણસ ભેગાં રહે છે, તે એક બીજાથી સંબંધ રાખે છે. તેમાંથી એક માણસ કેદની અવધ પૂરી થયે છૂટે તો તે સંબંધનું બંધન નહિ ગણતાં ખુશી થાય છે. તેમ આ **સં**સારરૂપી **તુ**રંગ છે, કેદીરૂપી **મ**નુષ્યાવતાર છે, **ઘર** રૂપી **ઓર**ડીઓ છે અને કુટુંબ એ એક ઓરડીમાં રહેતા કેદીઓ છે. તે તેમાંથી છૂટે તો (મૃત્યુ પામે તો) સ્નેહબંધન રહેતું નથી. માટે હે શેઠ ! એ તુરંગમાંથી છૂટવા ધર્મકરણી કરો. એમ કહી બન્ને દેવતાઓ અંતર્ધ્યાન થયા.

ઉપર પ્રમાણે ઉપદેશ સાંભળી **સુ**ધનશેઠનો અફસોસ મટયો અને મન, ધર્મકરણી કરવા તરફ વળ્યું તેથી **ભ**ગવાનના સમોવસરણમાં જઈ તેમને સવિનય વંદન કરી ધર્મકથા સાંભળી શ્રાવકનાં બાર વ્રત અંગિકાર કીધાં. પછી ઘેર આવીને પોતાની સ્ત્રી તથા દીકરાની વહુને બોધ આપી વ્રતધારી કીધાં.

દોહરો.

આ તન–ઘર ભાડા તણું, અવધિ ખાલી થાય;
મરણ શરણ સહુ થાય છે, ચાલે નહિ ઊપાય.



૪૭૦૨

સ્વર્ગ, નર્કની હયાતી અને આત્માનું અમરપણું.

કેટલાએક ધર્મના લોકો એમ માને છે કેઃ–" આ શરીર પંચ મહાભૂતનું પૂતળું છે, તેમાંથી ચૈતન્ય એટલે આત્મા વિકારે કરી જુદો પડે છે એટલે શરીર તથા આત્મા બન્નેનો નાશ થાય છે. મતલબ કે આત્મા અમર નથી તથા સ્વર્ગ કે નર્ક પણ નથી." આવું માત્ર અજ્ઞાન લોકોજ માને છે એમ નથી; કેટલાક વિદ્વાનો પણ તે બાબતનું પ્રત્યક્ષ પ્રમાણ નહિ હોવાથી તે વાતને સ્વિકારે છે અને વિશેષમાં તેઓ એમ કહે છે કે–ધર્મોપદેશકોએ માણસોને નીતિના રસ્તે ચઢાવવા સારૂ "ધર્મ કરનારો સ્વર્ગે જાય છે અને પાપ કરનારો નર્કે જાય છે" એવો દાબ મૂકેલો છે. આ મત તદ્દન ખોટો છે એમ સમજાવવા સારૂ તથા હાલની અંગ્રેજી કેળવણી પામેલો યુવાન જૈનવર્ગ તેવાઓના પ્રસંગમાં રહી શંકાશીલ ન બને તેના સારૂ આ નીચે કથા લખી છે.

ધનપુર નગરીમાં **ધર્મચંદ** અને **કર્મચંદ** નામના બે ઝવેરીઓ રહેતા હતા. તે બન્ને જણ ઝવેરાતની ખરીદી કરવા સારૂ દેશાંતરમાં ગયા અને ભારે કીમતનાં ઝવેરાત ખરીદી પોતાના દેશ તરફ પાછા વળ્યા.

ધર્મચંદ ધર્મની આસ્તાવાળો હતો. તે આત્માને અમર માનતો અને જગતમાં જે કાંઇ પુણ્ય કે પાપ કરીએ તેનું ફળ પુનર્ભવમાં ભોગવવું પડે છે તથા ધર્મી જીવ સ્વર્ગમાં અને પાપી જીવ નર્કમાં જાય છે એવું તે માનતો હતો; અને **કર્મચંદ** એવું માનતો હતો કે–શરીર મરી જાય છે તેની સાથે આત્મા પણ મરી જાય છે અને સ્વર્ગ કે નર્ક પણ નથી.

ધર્મચંદ અને **કર્મચંદ**ને એ મુસાફરીમાં ઘણી દોસ્તી થઇ હતી. તેથી તેઓ દરરોજ ઉપર લખેલી બાબતો વિષે ચર્ચા કરતા હતા. તે મુસાફરીમાં ચાર મહીના થઇ ગયા તોપણ **ધર્મચંદ** ઉપરની તકરાર વિષે **કર્મચંદ**ની ખાતરી કરી શક્યો નહિ. **ધર્મચંદ** કહેતો હતો કે આખી

પૃથ્વી ઉપર જેટલા દેશો છે તે દેશોમાં મોટા મોટા વિદ્વાનો જેટલા થઇ ગયા અને હાલમાં જેટલા હયાત છે, તેઓએ ઘણો શોધ કરીને તથા ઘણો ઉંડો વિચાર કરીને એવું નક્કી કર્યું છે કે-" આત્મા અમર છે અને સ્વર્ગ તથા નર્ક પણ છે." માટે તેમનાં લખેલાં શાસ્ત્રો ઉપર આપણે વિશ્વાસ રાખવો જોઇએ.

કર્મચંદ કહેતો હતો કે હું તો નજરે દેખું અથવા મારા મનની ખાત્રી થાય તોજ તે વાત કબુલ કરૂં. ફલાણા ભાઈ લખી ગયા છે કે ફલાણો ભાઇ કહે છે, માટે તેનો વિશ્વાસ રાખીને તે વાત માનવીજ જોઇએ; એવી રીતે તો મારૂં મન કબુલ કરતું નથી. સ્વર્ગમાંથી કે નર્કમાંથી કોઇના ઘરડાએ કાગળ મોકલ્યો નથી કે અમે સુખી છીએ કે દુઃખી છીએ. નર્કના રહેનારા તો કદાપિ બંધીવાનની પેઠે પરવશ હશે, પણ સ્વર્ગમાં રહેનારા તો સ્વતંત્ર હશે. માટે તેમાંનો કોઇ પોતાના કુટુંબીઓને અહીં આવીને ચેતાવી જાત કે અમે ધર્મ કર્યું હતું માટે સ્વર્ગમાં રહીને આવું આવું સુખ ભોગવીએ છીએ માટે તમે પણ ધર્મ કરજો.

પછી ધર્મચંદે જૈન મતના રાયપશેણી સુત્રમાં લખેલાં ઘણાં દૃષ્ટાંતો આપીને તથા બીજાં શાસ્ત્રોમાં લખેલાં દૃષ્ટાંતો આપીને કર્મચંદને ઘણો સમજાવ્યો પણ તેના મનમાં તે વાત ઉતરી નહિ.

તે બન્ને જણા રસ્તે ચાલતાં એજ બાબતની ચર્ચા કરતા હતા, તથા જ્યાં રાતવાસો રહે, ત્યાં રાત્રિએ પણ જ્યાં સુધી જાગે ત્યાં સુધી એજ ચર્ચા કરતા હતા. એમ કરતાં મેવાશી જીલ્લામાં તેઓ આવી પહોંચ્યા. તે જીલ્લામાં લુંટારાની બીક ઘણી હતી, તેથી સાથે વળાવો લીધા વગર કોઈ જતું આવતું નહોતું. તેથી તે બન્ને જણાએ પણ દરેક મુકામથી આવતા મુકામ સુધી એક બે વળાવા સાથે રાખવા માંડયા. એ રીતે ત્રણ ચાર મુકામ સુધી આવ્યા ત્યારે કર્મચંદે કહ્યું કે " લુંટારા તો આપણા જોવામાં ક્યાંઈ આવ્યા નહીં અને અમસ્થા

વહેમ ખાઇને આપણે દરરોજ વળાવાને બે રૂપીઆ આપીએ છીએ, માટે હવે તો આપણે વળાવા સાથે રાખવો નહિ."

ધર્મચંદે કહ્યું કે "ભાઈ, ડરીને ચાલવું તેજ સારૂં છે, માટે વળાવો સાથે રાખ્યા વગર એક પગલું પણ ભરવું નહિ." ત્યારે કર્મચંદે કહ્યું કે "મારી તો ખાતરી થઇ છે કે, આ રસ્તામાં કાંઇ પણ ડર નથી. અને વળાવવાને નાણાં આપીએ છીએ તે આપણી ગાંઠેથી છુટી પડે છે. માટે તું, જો બીકણ હોઉં તો, તારી ગાંઠનું નાણું ખરચીને વળાવો લેઇને પછવાડેથી આવજે; હું તો આગળ જાઉં છું." એમ કહીને પોતે ચાલી નીકળ્યો. પેલા ધર્મચંદને તો વળાવા વગર જવાનું ઠીક લાગ્યું નહિ તેથી તે તો વળાવો શોધવા સારૂ પાછળ રહ્યો.

પેલો કર્મચંદ જેમ જેમ આગળ ચાલ્યો અને રસ્તામા ઘણાં કોતર અને ડુંગરા ઓળંગતો ગયો, તેમ તેમ પોતાના ડહાપણનું અને હિમતનું અભિમાન તેના મનમાં વધતું ગયું અને મનમાં કહેવા લાગ્યો કે "ધર્મચંદ કેવો ભોળો અને બીકણ માણસ છે કે વગર કારણે રૂપીઓ એક ખર્ચીને વળાવો લેવા સારૂ પાછળ રહ્યો !"

આગળ જતાં કર્મચંદને પાંચ લુંટારા મળ્યા. તેઓએ તેને ખુબ માર મારીને અર્ધમુઆ જેઓ કીધો અને તેની પાસેનું તમામ ઝવેરાત વગેરે લુંટી લેઇને ચાલતા થયા. કર્મચંદથી આગળ ચાલી શકાયું નહિ તેથી તે બિચારો એક ઝાડ તળે બેશી લમણે હાથ દેઇ પોકે પોકે રોવા લાગ્યો, અને ઘણોજ અફસોસ કરવા લાગ્યો. એવામાં પેલો ધર્મચંદ વળાવો લેઇને ત્યાં આવી પહોંચ્યો. તેણે કર્મચંદને પાણી પાઇ ટટાર કીધો અને ઘણી હીમત આપી રોતો છાનો રાખ્યો.

પછી કર્મચંદ કહેવા લાગ્યો કે-"ભાઇ ધર્મચંદ ! મેં તમારૂં કહ્યું માની વળાવો ન લીધો એ મોટી ભૂલ કરી છે. એક રૂપીઆનું ખર્ચ બચાવવા જતાં મારૂં એક લાખ રૂપીયાનું ઝવેરાત ખોઈ બેઠો છું. તમે જાણો તો છો કે પચાસ હજાર રૂપીયા મેં ઝવેરાત લાવવા પ્રેમચંદ-ભાઇ સરાફના દેવા કીધા છે અને પચાસ હજાર રૂપીઆ ઘરના લીધા

હતા. કુલ એક લાખ રૂપીઆનું ઝવેરાત લીધેલું જે આ લુંટારા લોકો માર મારીને લેઇ ગયા. હવે હું ઘરનો છેક ખાલી અને ભારે કરજદાર થઇ ગયો, હવે હું એ કરજ ક્યારે વાળી શકવાનો છું ? વળી ખાવા પીવાની પણ ઘણી તંગી પડશે એમ કહી છાતી કુટતો કુટતો ધ્રુશકે ને ધ્રુશકે રોવા લાગ્યો.

ધર્મચંદે કહ્યું "ભાઇ, હવે પસ્તાવો કરવાથી કાંઇ વળવાનું નથી. જો છાતી કુટીશ તો પીડા ભોગવીશ અને બહુ રડીશ તો આંધળો થઇશ. બધો વિચાર આગળથી કરવાનો હતો." એમ કહી તેને છાતી કુટતો અટકાવી છાનો રાખ્યો અને કહ્યું કે, હું તને એક શિખામણ દેઉં છું તે સાંભળ;—તારી પચાસ વર્ષની ઉમર થઇ છે તો હવે થોડા વર્ષ જીવતરનાં બાકી રહ્યાં છે, તેતો સુખે કે દુઃખે સ્વપ્નાની પેઠે જતાં રહેશે. પણ આત્મા અમર છે, તેની આવરદાનો તો છેડો નથી, એટલી લાંબી છે, માટે એટલા લાંબા વખતની મોટી આપદા તારા માથે પડે નહિ તેનો બંદોબસ્ત આગળથી હવે કરવા માંડ. તેં ધાર્યું હતું કે—આ ઠેકાણે લુંટારાની કાંઈ બીક નથી તેમ છતાં અકસ્માત લુંટારા મળી આવ્યા અને તને લુંટી લીધો. તેમજ **તું ધારે છે કે, આત્મા અમર નથી અને સ્વર્ગ કે નર્ક પણ નથી, તેમ છતાં કદાપ આત્મા અમર હશે અને સ્વર્ગ કે નર્ક પણ હશે તો પછી તારી કેવી ગતિ થશે વારૂં ! અને આત્મા અમર છે તથા સ્વર્ગ નર્ક છે એવું તું આજથી માનીશ તો તે માનવાથી તને કેટલું નુકશાન થવાનું છે ? તે વિષે વિચાર કર."**

નાસ્તિક થવાથી સ્વેચ્છાએ ચાલી શકાય તેટલોજ ફાયદો છે પણ 'આત્મા અમર છે અને પુણ્ય પાપનું ફળ ભોગવવું પડે છે' એ વાત ખરી ઠરે તો પછી શા હાલ થવાના ? તેં વળાવાનો એક રૂપીયો બચાવા જતાં એક લાખ રૂપીયાનું ઝવેરાત ખોયું તેથી પણ વધારે નુકશાન ભોગવવું પડશે અને આસ્તિક થવાથી માત્ર મેં એક રૂપીયો ખરચી

વળાવો લીધો તેટલુંજ નુકશાન ભોગવવું પડે એટલે કે નીતિના બંધનમાં રહેવું પડે પરંતુ આસ્તિકપણાની વાત ખરી ઠરે તો અપૂર્વ અફસોસને પાત્ર ન થવું પડે એ મોટામાં મોટો ફાયદો છે. વળી બીજો ફાયદો એ છે કે એથી અવળે રસ્તે ચઢી કુકર્મો કરી શકાતાં નથી. ત્રીજો ફાયદો એ છે કે-મરવા ટાણે ધર્મના વિશ્વાસથી આપણને શાંતિ રહે છે અને ગભરાટ ઉપજતો નથી. ઈત્યાદિક ફાયદા આસ્તિકપણામાં છે. જો જગતના બધા લોકો નાસ્તિક હોત તો જનાવરોના જેવી માણસોની સ્થિતિ હોત. જનાવરને પાપનો ડર નથી તો એક બીજાનાં બચ્ચાંને મારી નાંખે છે. એકે મેળવેલો ખોરાક બીજું જોરાવર હોય તે તેની પાસેથી પડાવીને ખાઇ જાય છે અને પરોપકાર બુદ્ધિ તેઓનામાં આવતી નથી તેથી એક બીજાનું દુઃખ મટાડી શકતાં નથી. એવી સ્થિતિ માણસની પણ થાત. સરકાર કેટલો બંદોબસ્ત રાખી શકત ? સરકારનો હુકમ માણસોના શરીર ઉપર ચાલે છે પણ ધર્મનો હુકમ માણસોના અંતઃકરણ ઉપર ચાલે છે માટે માણસોના સુખના વાસ્તે જેટલી રાજાની જરૂર છે તે કરતાં પણ ધર્મની વધારે જરૂર છે.

ઉપર પ્રમાણે ધર્મચંદનો બોધ સાંભળી તથા લુંટારાનો બનાવ જોઇ કર્મચંદ આસ્તિક થયો. તેણે વિચાર્યું કે-"ધર્મચંદે આસ્તિકપણાની તરફેણમાં કાંઇ પ્રત્યક્ષ પ્રમાણ તો આપ્યું નથી પરંતુ નાસ્તિકપણા કરતાં આસ્તિકપણામાં વધારે ફાયદો છે એ સિદ્ધ કરી આપ્યું છે, તો વધારે ફાયદાની વાત ગ્રહણ કરવી એજ ઉત્તમ રીત છે."

પછી ધર્મચંદે કર્મચંદને ગાડીમાં ઘાલી ઘેર લીધો અને તેને પૈસા સંબંધી સારી રીતે મદદ આપી.

દોહરો.

અમર રહે આ આત્મા, સ્વર્ગ, નર્ક છે સિદ્ધ;
અદષ્ટ જાણી અવગણે, પસ્તાશે બહુવિધ.

દૃઢતા અને વિષયવાંચ્છના.

ચંપા નગરીમાં માકંદિ શેઠના જિનરક્ષિત અને જિનપાલિત નામના બંને પુત્રો ઘણા સાહસિક હતા. તેઓ વળી જૈન ધર્મમાં શ્રદ્ધાવંત અને વ્યવહારમાં શુદ્ધ હતા. છતાં વણિક વર્ગને પેઢી દર પેઢી વારસામાં જે 'લોભ' નામનો કુબેરના ભંડારથી પણ મોટો ખજાનો મળે છે તે ખજાનો તેઓને પણ વારસામાં મળ્યો હતો.

લડવું તે ક્ષત્રીના બાપનુંજ છે અને રળવું તે વાણીઆના બાપનુંજ છે. જેમ ક્ષત્રીઓ જેવી શુરાતનથી જીતેલી લડાઇઓ બીજી સંભળાઇ નથી તેમ વાણીઆ જેવી ધીરજ, સહનશીલતા, દીર્ઘદૃષ્ટિ અને સમયસૂચકતા વેપારમાં કોઇ કોમે વાપરી કદી જાણવામાં આવી નથી. હાલની માફક તે પુરાણા જમાનામાં કાંઇ વીજળી વેગથી ચાલતી અને સર્વ સગવડોથી ભરપુર મહેલ જેવી આગબોટો ન હતી પણ પવનના વિશ્વાસ ઉપર મુકવામાં આવતાં વ્હાણો કે જે ક્યાં અને ક્યારે જઇ ચડશે તેનું ખાત્રીપુર્વક કહી શકાતું નહિ તેમાં સફરો કરવાની હતી એવી સાહસિક અને જોખમી ૧૧ સફરો કરી અખુટ દ્રવ્ય મેળવ્યા છતાં જિનરક્ષિત અને જિનપાલિત હજી ધરાયા નહોતા અને ડાહ્યા છતાં "જેઓ ધનથી ધરાતા નથી તેમને લોભ લુંટે છે" એ કહેવતથી હજી અજાણ્યા હતા.

ધનના લોભી આ બે વણીક બંધુઓએ પોતાનાં વ્હાણ દરીઆમાં ઝપલાવ્યાં. કેટલાક દિવસે સમુદ્રમાં મહાભારત તોફાન શરૂ થયું. વિકાળ મોઝાં પોતાની રાક્ષસી ડાચાં વિકાસી વ્હાણને આખાં ને આખાં હોઇઆં કરવા મથતાં. વહાણો ઘડીમાં પાતાળની ગુફામાં પછડા-

તાં અને ઘડીમાં આકાશ તરફ ફેંકાતાં. છેવટે જ્યારે એક ભયંકર મોઝાએ બન્ને ભાઇઓ જે વ્હાણુમાં હતા તે વ્હાણુને પોતાના ડાચામાં પકડયું અને ગળવા માંડયું. તે વખતે **જિનરક્ષિત** સિવાયના બધા માણસો અર્ધ ગાંડા બની ગયા. આ સાહસ માટે પોતાને ગાળો દેવા લાગ્યા, કોપેલા દૈવને કરગરવા લાગ્યા અને ચીસો પાડવા લાગ્યા. **જિન**પાલિતે તો સોગન લીધા કે આ સંકટમાંથી બચું તો ફરી કદી સફરનું નામજ દઉં નહિ !

પણ આ સઘળું તોફાન **જિન**રક્ષિત શાંતપણે જોયાં કરતો હતો. તે ગભરાયો નહિ, રડયો નહિ, બાધા આખડીથી ભૂલો ભમ્યો નહિ કે સોગન લેવા તત્પર થયો નહિ. પુદ્દગળનો સ્વભાવ અને પૂર્વ કર્મનું અનિવાર્ય ફળ તેના ખ્યાલમાં હતું. વળી " કરવું ત્યાં ડરવું શું ? " એ તે બરાબર સમજતો હતો. તે દઢ મનનો હતો.

વ્હાણુ ભાગ્યું, માત્ર બે ભાઇઓ સિવાય સર્વ ડુબી મુઆ. ભાગ્યયોગે મળી આવેલા પાટીઆની મદદથી તેઓ બન્ને **રત્નદ્વીપ** નામના બેટ ઉપર આવી પહોંચ્યા.

એ બેટ ઉપર ' **રયણા** દેવી નામની એક વિષયરાગી અને ઘાતકી દેવીની સત્તા હતી. તે દેવી પોતાના સીરસ્તા મુજબ આ બન્ને ભાઇઓ પાસે આવીને પહેલાં ધમકીથી અને પછી ભોગ વિલાસની લાલચથી તેમને પોતાની સાથે લઇ ચાલી. તેમને એક ભવ્ય મહેલ, સુંદર ઉપવન અને સુખની સર્વ સામગ્રીઓ આપી અને તેમની સાથે પોતાને મનગમતા ભોગ ભોગવવા લાગી. કેટલાક દિવસ એમ પસાર થતાં, દેવીને ઇંદ્ર રાજાનું તેડું આવવાથી ત્યાં જવું પડયું. તેથી તેણે નીકળતી વખતે પોતાના બન્ને દીલજાનોને કહ્યું કે " આ મહેલની ત્રણ દિશાના ત્રણે બાગોમાં ફરી નવનવિન ફળ ખાઇ આનંદમાં

રહેજો. પણ ચોથી દક્ષિણ દિશાના બાગમાં એક ભયાનક નાગ રહે છે, જે તેની પાસે જનારને ડસે છે. માટે તે દિશામાં જતા નહિ. ”

જે વસ્તુના ઉપર પડદો નાખવામાં આવે છે તે વસ્તુ વધારે જિજ્ઞાશા ઉત્પન્ન કરે છે. દેવીના ગયા પછી આ બંને ભાઇઓને વિચાર થયો કે અમુક દિશામાં જવાની મના કરવાનું ખાસ કારણ કાંઇક હોવું જોઇએ. તેઓ પોતાની જિજ્ઞાશા તૃપ્ત કરવા દક્ષિણ દિશામાં ચાલ્યા. રસ્તે ચાલતાં તેઓની આંખોએ મનુષ્યનાં હાડપિંજર જુદાં જુદાં વિકાળ રૂપમાં જોયાં, કાને શળી ઉપર વિંધાતા નાજુક યુવાનોના આક્રંદમય શબ્દો સાંભળ્યા અને નાકે બેભાન કરી નાખે એવી સખત દુર્ગંધ અનુભવી. એક શળી ઉપરનો જુવાન આ બંને ભાઇઓને જોઇને બોલ્યો કે, “ હે કમનશીબ યુવાનો ! તમે શું સુખ સમજી અહીં મ્હાલો છો ? રયણા દેવી જેવી મોહિની, સ્વાદિષ્ટ ફળ ફુલ તથા મનહર ગાનતાન મળતું હોવાથી તમે આને સુખનું ધામ માનો છો, પણ એવીજ ભૂલ કરવાથી આ સ્થિતિએ આવી પડેલા મુજ રંકનાં વચન સત્ય કરી માનજો કે વહેલી મોડી તમારી પણ આજ વલે છે. શું તમને એ દેવીએ પ્રથમ પોતાની ઇચ્છિાને આધીન કરવા માટે વિકાળ રૂપથી છળ્યા નહોતા ? એ વિકાળ રૂપ તે તેણીનું અસલ રૂપ છે. જે સુંદરતા, કોમળતા, નવિનતા અને નખરાં તમે પાછળથી જોયાં તે તો વિક્રીય રૂપ છે—બનાવટી છે. તમારી જુવાની જવા માંડવાથી, અગર જુવાની છતાં પણ તમારામાંથી વીર્ય ઘટતું જવાથી અગર જુવાની અને વીર્ય બંને છતાં પણ તમારાથી સહજ કુડું પડવાથી તમારી દશા મારા જેવી, અને તમારી આસપાસ જે અસંખ્ય હાડપીંજરો જુઓ છો તેવીજ થવાની. ”

એ શબ્દો સાંભળતાં જિનપાલીત ધ્રુજવા લાગ્યો. જિનરક્ષિત પણ ડર્યો તો ખરો પણ તેની બુદ્ધિ સંકટમાં ગુમ થતી નહિ. તેણે

હવે યાદ કર્યું કે, જો કે અહીં આપણું કોઈ બેલી ન હોવાથી આ દેવીનો હુકમ માન્ય કરીને તેની સોબત કર્યા સિવાય આપણો છૂટકો નહોતો તોપણ "વિષયનાં ફળ બુરાં છે" એ શાસ્ત્રવચન સુણેલાં હોવા છતાં આપણે તેના મોહપાસમાં અંધજ બની રહ્યા અને તેમાંથી પહેલેજ પ્રસંગે છૂટવાની કોશીશ કરવાનો વિચાર સરખો પણ આપણા મનમાં આવવા પામ્યો નહિ એ કેવી મૂર્ખતા !

આ તરફ જ્યારે તે આમ આત્મનિંદા કરતો હતો તે વખતે જિનપાલિત "અરે રે, અરે રે" એવા ઉદ્ગારો અને ધ્રુજાટથી ગાંડો અને વધારે ગાંડો બન્યો જતો હતો, અને તેજ વખતે શળી ઉપરના જુવાનનો છેલ્લો શ્વાસ લેવાનો વખત હતો. મરતાં મરતાં બે મનુષ્યહિંસા અટકાવવાના હેતુથી "તમે પૂર્વ બાગમાં શૈલકયક્ષને વિનવશો તો ઘર ભેગા થવા પામશો" એટલું બોલવાની સાથેજ તેણે પ્રાણ છોડયા.

પોતાના હિતેચ્છુના શાંત શબને જોતા તથા એવીજ સ્થિતિ કદાચ પોતાની થશે એમ વિકલ્પો કરતા બન્ને ભાઈઓ દિગ્મૂઢ થઈ ઉભા. કેટલીક વારે સ્વભાવથીજ દૃઢ મનવાળો અને એક ખત્તાથી વધારે દૃઢીભૂત થયેલા મનવાળો જિનરક્ષિત બંધુને લઈ પૂર્વ બાગમાં ચાલ્યો. ત્યાં આવી આંખમાંનાં આંસુની ધારાથી યક્ષના પગને નવરાવતો, આડા અવળા વીખરાઈ ગયેલા ચોટલાથી યક્ષના પગ આગળની રજને વાળતો, બે હાથ ભેગા કરી તેના સંપુટમાં કાલાવાલાનું ભેટણું ધરતો હોય તેમ કહેવા લાગ્યો કે, "હે ત્રાતા, અમને બચાવો. દયાળુ દેવ, આ ઠગારી ભૂમિમાં અમે ઠગાઈ બેઠા છીએ, એટલુંજ નહિ પણ આપની સ્હાય વગર અમારા પ્રાણ પણ બચવાના નથી. અમે તમારા શરણે આવ્યા છીએ, મહા દુઃખી છીએ, નાસવાના રસ્તાથી અજાણ્યા છીએ, ચોતરફ પડેલા મહાસાગરને તરવા અશક્ત છીએ. અમારા

શત્રુથી લડવા કાયર છીએ, મહા-મહા દુઃખી છીએ. અમને ફસાવનાર હમણાં જરા દૂર છે તેટલામાં અમને બચાવો રે બચાવો."

જે નિરાધારને આધાર આપવાનો ધંધોજ લઇને આ બેટમાં બેઠા છે, દુઃખીને શાન્ત્વન આપવાનો અને ભુડતાને બચાવવાનો જેનો કુદરતી સ્વભાવ છે તે શૈલક યક્ષે તેમને આશ્વાસન આપ્યું અને કહ્યું કે, "હું તમને બંનેને મારી પીઠ ઉપર બેસાડી સમુદ્ર પાર તમારા સ્વગ્રહે પહોંચાડવા તૈયાર છું. પણ એટલુંજ યાદ રાખજો કે તમારા મનને જરા પણ ચલિત થવા દેશો તો મારી પીઠપરથી ગબડી પડશો."

શૈલક યક્ષ તેમને લઈ સમુદ્રના અગાધ જળથી અદ્ધર ઉડવા લાગ્યો. તે વખતે વિશાળ કાગળના પાના જેવી પાણીની સપાટી જોઇને વિશ્વની વિશાળતા જોઇને તથા સૂર્યનો અપ્રતિબંધ પ્રકાશ જોઇને તેમને નવું નવું જ્ઞાન થવા લાગ્યું અને તેઓ કદી નહિ અનુભવેલા આનંદ અને આશ્ચર્યમાં ડુબકી ખાવા લાગ્યા. શૈલક એટલી તો ઝડપથી ઉડતો હતો કે આ બંને જુવાનોને તેને વળગી રહેવું મુસ્કેલ પડતું હતું પણ તેઓ દઢતાથી વળગી રહ્યા હતા અને વળી તે યક્ષ પણ તેમને પડતાં અટકાવવા માટે વારંવાર કાળજી રાખતો હતો. એમ કરતાં જ્યારે તેઓ મધ્ય સમુદ્રમાં આવ્યા ત્યારે દુષ્ટ યક્ષણીને ખબર પડવાથી તે તેમની પાછળ ઉડી અને લગભગ તેમની નજીક આવીને વિક્રાળ રૂપ બનાવી ડરાવવા અને ધમકાવવા લાગી કે, " તમે મને આવી રીતે ઠગી જાઓ છો પણ હમણાં હું તમને ચીરી નાખીશ, તમારા ટુકડે ટુકડા કરીને તળી ખાઇશ માટે જીવતર વહાલું હોય તો મારી સાથે પાછા ચાલો. " પરંતુ યક્ષના રક્ષણમાં આવેલા અને તેના ઉપદેશથી દઢ બનેલા બંને જુવાનો પૈકી એક્કે ડગ્યો નહિ. કોઇએ તેના સામું સરખું પણ જોયું નહિ.

પરંતુ આપણે ઘણી વાર જોઇએ છીએ કે જેઓ ઝગઝગતી તરવારને તાબે થતા નથી તેઓ માત્ર એકજ મંદહાસ્ય કે એકજ મીઠી નજર કે એકજ લલિત વચનને આધીન આધીન થઇ જાય છે, અને એજ કારણથી કામદેવનું બાણ કુસુમ કલ્પ્યું છે.

આ બંને ભાઇઓ પાસે દુષ્ટાની ધમકીનું કાંઇ ચાલ્યું નહિ ત્યારે તેણે સુંદર સોળ શણગારથી શોભિતી અને આછા ઘુંઘટથી હાવ ભાવ કરતી સુંદરીનું રૂપ લઇને સજળ નેત્રે કરગરવું શરૂ કર્યું; "મને અબળાને અટવીમાં મુકીને શું તમે પ્રાણાધારો જતાજ રહેશો ? અહીં મુજ રંક-નું કોણ બેલી ? આટલા દિવસની પ્રીતિ કાંઇક તો યાદ કરો." વળી ફુલોના હાર અને સુગંધી જળની વૃષ્ટિ કરીને બોલી; "પ્રાણેશ પાછા પધારો તો હું આપના પગ પૂજું."

આ છેલ્લા બોલથી જિનપાલિત પાછું ફરી એક વાર જોવા લલચાયો અને એક દૃષ્ટિ થતાંજ તેનું મન ડગમગવા લાગ્યું તેવોજ તે યક્ષની પીઠ ઉપરથી ગબડી પડયો. તેને નિરાધાર થયો જોઇ રયણાદે-વીએ રાક્ષસીરૂપ ધારણ કર્યું અને રંક ઉપર રાડ કરવા લાગી. તેના ઉપર શૂળી ભોંકવા લાગી, અદ્ધર ઉછાળી શૂળી ઉપર ઝીલવા લાગી અને તેના ટુકડે ટુકડા કરી દશે દિશામાં ફેંકવા લાગી.

એ દરમ્યાન જિનરક્ષિત ક્યારનોએ ચંપા નગરીએ પહોંચી ચુકયો હતો. તે હવે ઘેર જઇ જિનધર્મની આજ્ઞાઓ દૃઢપણે પાળવા લાગ્યો અને છેવટે વીર ભગવાનના ઉપદેશથી દિક્ષા લઇ શુદ્ધ ચારિત્ર પાળી મૃત્યુ પામી પહેલે દેવલોકે ઉત્પન્ન થયો, ત્યાંથી મહા વિદેહક્ષેત્રે મનુષ્યભવ પામી આકરી ક્રિયાઓ કરી મોક્ષ પામશે.

આ વાતમાં મહાસાગર તે ભવોની પરંપરા બતાવે છે. રત્નદ્વીપ તે મનુષ્યભવ સમજવો. રયણાદેવી એ વિષયવાંચ્છના સમજવી, કે જે પ્રથમ લલચાવવા માટે સુંદર રૂપ ધારણ કરે છે અને પાછળથી શૂળી

ચડાવવા વખતે (એટલે કે મહા દુઃખી કરવા માટે) વિકાળ રૂપ ધારણ કરે છે પેલા બે ભાઇઓએ જે અસંખ્ય હાડપિંજરો વિવિધ રૂપમાં જોયાં તે વિષયવાંચ્છનાથી ખુવાર થયેલા મનુષ્યોની મોટી સંખ્યા સૂચવે છે.

શળી ઉપરના જુવાને મરવાની અણી વખતે બોધ કર્યો તેવા બનાવ ભાગ્યશાળી પુરૂષોના સંબંધમાં સંસારમાં પણ ક્વચિત્ ક્વચિત્ નજરે પડે છે. કોઈ કોઈ માણસો વિષયમાં પડી ખુવાર થાય છે પણ મૂળે વિદ્વાન કે ડાહ્યા હોવાથી તેને માટે પસ્તાય છે—પસ્તાવા છતાં તેઓ વિષયની સત્તામાં એટલા તો સપડાઇ ગયા હોય છે કે તેથી છુટી શકાતું નથી—તેઓ પોતાના જાત અનુભવથી બીજાઓને શિખામણ આપી એ ખાડમાં પડતા અટકાવવા કોશીશ કરે છે. એવાઓનો બોધ મેળવનાર ખરેખર ભાગ્યશાળીજ સમજવો.

જિનપાલિત કાચા મનનો હતો અને જિનરક્ષિત સ્થિર મનનો વિચારશીલ હતો. સંસારમાં આવી પડેલો હોવાથી તે જમીનની અધિષ્ટાતા દેવી "સ્ત્રી" થી તદ્દન સ્વતંત્ર બનવું એટલી શક્તિ તો આપણામાં નથી પરંતુ તેના મોહપાસમાંજ ગરકાવ નહિ થતાં વખત આવ્યે તે હદવાળા પ્રેમમાંથી—તે કાચી કેદમાંથી છુટી નાસવાની તક શોધવા મથવું એજ વ્યાજબી છે એમ તેને પાછળથી વિચાર થયો.

શેલક યક્ષ તે સાધુજીની ઉપમા છે. તેની પાસે ખરા મનથી યાચવાથી તે સમુદ્રપાર (ભવજળ પાર) ઉતારવાનું માથે લે છે. જેમ વ્હાણના મધ્ય ભાગમાં ભવ્ય ઓરડામાં બેઠેલા સુકુમાલ નરને વ્હાણનો કપ્તાન કહે છે કે "તારે વ્હાણના કઠેરા આગળ જવું નહિ. કારણકે તને ફેર ચડશે અને તે 'ફેર' સામા ટક્કર ઝીલવાની તારી શક્તિ નથી તેથી આવું મોટું વ્હાણ મળવાં છતાં મરણને આધીન થઇશ." તેમજ સાધુ પણ તેની યાચના કરનારને ચેતાવે છે કે "હું જે બોધ કરૂં અને જે જે આજ્ઞા ફરમાવું તેમાં દઢ મન રાખજે. જરા પણ મન ફેરવીશ

નહિં, નહિ તો તને ફેર આવશે (વિષયોની અસર લાગશે તેથી ચિત્ત ચગડોળે ચડશે) અને તે ફેર સામા ટક્કર ઝીલવાની તારી શક્તિ ન હોવાથી મારા જેવો 'તારો' મળવા છતાં તું અગાધ ભવજળમાં રડવડી મરીશ—રયણાદેવી (વિષય પાસ) વડે હણાઇશ, કપાઇશ, છેદાઇશ અને મહા દુઃખી થઇશ."

માણસ જેમ જેમ વિષયથી વિરક્ત થવા ઠરાવ કરે છે તેમ તેમ વિષય વધારે અને વધારે યુક્તિઓથી અને વધારે જુસ્સાથી તેને લલચાવે છે. રયણાદેવીએ નાસતા આશકોને પ્રથમ કરતાં પણ વધુ હાવભાવ અને લાલચોથી ફસાવવા કોશીશ કરી, તેમજ વિષયથી છુટવા મથનારને એવા ઘણા પ્રસંગો મળે છે કે જે રયણાદેવીના જેવાજ શબ્દો અને હાવભાવથી લલચાવે છે અને છેવટે એક રજ માત્ર ચળાયમાન થતાં તે નર આસનભ્રષ્ટ થઇ ડુંગરની ટોચ ઉપરથી ગુફાના ગર્ભમાં લથડી પડે છે અને તેના ટુકડે ટુકડા થઈ જાય છે.

ધંધામાં કે ધર્મ કાર્યમાં દૃઢતા વિનાનો માણસ નકામો છે. તે એક તરખલાની માફક, ઘડી ઘડી દિશા બદલતા પવનની લહરીમાં ઘડીમાં આમ અને ઘડીમાં તેમ ઉડયાં કરે છે. પૈસો કે ધર્મ કાંઇ પ્રાપ્ત કરી શકતો નથી. માણસે મગજને સીસા જેવું ભારે અને અંગોને રૂ જેવા હલકા બનાવવા કોશીશ કરવી જોઇએ, જેથી મગજ આમ તેમ ઉડી શકે નહિ અને ચપળ અંગો મજબુત મગજનો હુકમ થતાંની સાથેજ સ્હેલાઇથી ગતિ કરે.

દોહરો.

વિષય વાંચ્છના વિશ્વમાં, અતિશય દુઃખ દેનાર;
અડગપણે અળગો રહે, તે પામે ભવપાર.

સુપાત્રે દાન દેવાનું ફળ.

ધન ધાન્યથી ભરપુર અને અતિ શોભિતી રાજગૃહી નગરીમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતા હતા. ત્યાં ધનદત્ત નામે એક કોટીધ્વજ વ્યવહારિયો રહેતો હતો. તેને ચંદ્રવદની અને મૃગલોચની એવી વસુમતી નામે સતી સ્ત્રી હતી. તેને પોતાના દેવ, ધર્મ અને ગુરૂ ઉપર ઘણી પ્રીતિ હતી.

એકદા વસુમતી રાત્રિના વિષે ગર્ભના પ્રભાવે સિંહસ્વપ્ન દેખી જાગી અને તેનું ફળ પોતાના સ્વામીને પૂછ્યું. સ્વામીએ તેનું ફળ સારૂં કહેવાથી હર્ષ પામી સ્વસ્થાનકે ગઈ. પ્રાતઃકાળે ધનદત્તશેઠે સ્વપ્નપાઠકને તેડાવી તેનું ફળ પૂછી તેને ધન આપી વિદાય કીધો. અનુક્રમે ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો. નવમાસ પરિપૂર્ણ થયે શુભ લગન, શુભ વેળા, શુભ ઘડી અને પુષ્ય નક્ષત્રે પુત્રનો જન્મ થયો. મોટા હર્ષથી અને મોટા આડંબરથી તેનો જન્મોત્સવ કીધો. બારમે દિવસે સગાં સંબંધીને જમાડી ***કયવન્નો** એવું નામ પાડયું. પાંચ ધાવ વડે કરી બીજના ચંદ્રમાની પેઠે દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. ૭-૮ વર્ષનો થયે તેને નિશાળે ભણવા મૂક્યો. થોડી મુદતમાં સર્વ વિદ્યા ભણી ગણી હોંશીયાર થયો. યુવાવસ્થા પામ્યે તેજ નગરના સાગરદત્ત શેઠની દેવકુંવરી સમાન જયશ્રી નામની પુત્રી વેરે મોટા આડંબરથી તેનું લગ્ન કીધું. જેમ નળ અને દમયંતી, વિક્રમ અને ઉર્વશી, મહાદેવ અને પાર્વતી, રાધા અને કૃષ્ણ તેમ કયવન્નો અને જયશ્રીનું જોડું મળ-

* "કયવન્નાશેઠનું સૌભાગ્ય હોજ્યો" એમ જૈન વ્યાપારીઓ બેસતા વરસના દિવસે ચોપડાની શરૂઆતમાં કુમકુમ વડે લખે છે.

વાથી તેઓનાં માતપિતા ઘણાં ખુશી થયાં. તેઓને સુવા માટે એક સુંદર મહેલ આપ્યો, તેની વચમાં સોનાની રત્નજડિત્ર હીંચોળાખાટ બાંધેલી હતી જેથી આખા મહેલમાં ઝાકઝમાળ થતું હતું.

કયવન્નો ભણી ઉઠયા છતાં પણ ઘેર પંડિત પાસે શાસ્ત્રનો અભ્યાસ કરતો હતો. તેમાં એટલો બધો તલ્લિન થઇ રહ્યો હતો કે તેને ખાવા પીવાનું પણ ભાન નહોતું અને વિષય વિકારથી તદ્દન વેગળો હતો. એટલુંજ નહિ પણ પોતાને આવી દેવાંગ્ના જેવી સ્ત્રી મળવા છતાં પણ તેનાથી હાસ્ય વિનોદનાં વાક્યો બોલવાનું તથા તેના સામું પ્યારની દૃષ્ટિથી જોવાનું તેને ભાન નહોતું. મતલબ કે સ્ત્રી વિષયમાં તે બીલકુલ અજાણ રહ્યો હતો. આથી જયશ્રી દિનપ્રતિદિન શોચ કરી ચંપક વ્રક્ષની કાપેલી ડાળની પેઠે સુકાવા લાગી. વિયોગિણી અને વિધવા સ્ત્રી કરતાં આવા વિરાગી પુરૂષની સતી સ્ત્રીને વધારે દુઃખ હોય છે. કારણ કે તેને સ્વામીને દેખીને પળે પળે બળવાનું થાય છે. આ પ્રમાણે ઘણા દિવસ વિત્યા બાદ એક દિવસે જયશ્રીએ પોતાના સાસુને કહ્યું કે, "સાસુજી, મારા સ્વામી મારાથી હસીને બોલતા નથી તેમ વિનોદવાર્ત્તા કરતા નથી; એટલું જ નહિ પણ સંસાર વ્યવહારથી તદ્દન અજાણ છે. વિશેષ શું કહું? હું તમારા આગળ કહેતાં શરમાઉં છું અને અન્ય મનુષ્ય આગળ આ વાત થઇ શકે પણ નહિ." આ વાત સાંભળી વસુમતિ શેઠાણીએ પોતાના સ્વામી પાસે જઇ એકાંતમાં કહ્યું કે "સ્વામિન્! આપણો કયવન્નો હજુ સાંસારિક વાતમાં કાંઇ જાણતો નથી અને આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કર્યા કરે છે, તો વસ્તી શી રીતે રહેશે? વળી વહુ પણ ભર યોવનાવસ્થામાં છે તો એ સર્પનો ભારો શી રીતે સાચવી શકાશે? માટે આ બાબતનો તાકીદે ઇલાજ કરવો જોઇએ." ધનદત્તશેઠ કહે, "સ્ત્રી! એ વિદ્યા કોઇને શીખવવી પડતી નથી. મોરનાં પીંછાં ચીતરેલાંજ હોય છે. ચીતરવાની

જરૂર પડતી નથી.” એ પ્રમાણે કહેવાથી શેઠાણી રીસાયાં. ત્યારે ધનદત્તશેઠે વિષયી, જુગારી અને વ્યસની વગેરે લોકોને તેડાવી તેઓને ઘણા પૈસા આપી કહ્યું કે “કયવન્નાને તમે વિષયકળા શિખવો.” એ ઉપરથી એ લોકો રાત્રિ દિવસ કયવન્ના પાસેજ મિત્રપણે રહેવા લાગ્યા. અને અફીણ, મદિરા, ભાંગ, તમાકુ પી મોજશોખ અને ગાનતાન કરવા લાગ્યા તથા જુગટું પણ રમવા લાગ્યા. જેમ મીઠું દૂધ છાશના બીંદુથી વિણસે, કસ્તુરી અને કપૂરની સુવાસ લસણ હણે, અને ગંગાનું પાણી મીઠાના સંગથી ખારૂં થાય તેમ આ કયવન્નો પણ જુગારી, વ્યસની અને વિષયી લોકની સોબતથી દુરાચારી થઇ વેસ્યાને ઘેર આવીને રહ્યો. અને રાત્રિદિવસ ત્યાંજ ગુજારવા લાગ્યો. વેશ્યાએ તેને ગૃહસ્થનો પુત્ર જાણી હાવભાવ અને ખાનપાનથી મોહલુબ્ધ કરી નાખ્યો. દરવર્ષે એક કોડી ધન ધનદત્તશેઠ પુત્ર માટે મોકલતા હતા. તેના વડે કયવન્નો અને વેસ્યા ગાનતાનમાં ગુલતાન રહી મોજશોખ અને ચેનબાજી ઉડાવતાં હતાં. કયવન્નો વેશ્યાને આધીન થઇ પોતાની સ્ત્રી, મા, બાપ, સગાવહાલાં અને ઘરબારને વીસરી ગયો. એમ બાર વર્ષ વહી ગયાં ત્યારે ધનદત્તશેઠે પુત્રને તેડવા સારૂ દાસી મોકલી પણ તે ઘેર આવ્યો નહિ. ઘણા ઉપાય કીધા પણ તે કોઈ રીતે ઘેર આવ્યો નહિ. કેટલીક મુદતે તેનાં માબાપ ઘરડાં થઇ પુત્રનો શોચ કરતાં મરણ પામ્યાં પણ તે ઘેર આવ્યો નહિ. તેની સ્ત્રી જયશ્રી ખરેખરી પતિવ્રતા હતી તે પોતાનો કુળાચાર અને સતીધર્મ જીવની પેઠે આચરી રહી હતી. તેણે ઘણા ઉપાય કીધા પણ પોતાનો સ્વામી ઘેર આવ્યો નહિ, ત્યારે ધનદત્તશેઠની માફક પોતે ધન મોકલવા માંડયું. એમ મોકલતાં કેટલીક મુદતે ધન ખૂટયું ત્યારે સોના રૂપાના દાગીના મોકલવા માંડયા.

દાગીના દેખી વેસ્યાની ડોશી વેસ્યાને કહેવા લાગી કે—કયવન્નો હવે નિર્ધન થયો માટે તું તેની સોબત મૂકી દે. ધનવગરનો માણસ

મુઆ સરખો જાણવો. એ વ્યસની ને બેઠાખાઉ મરતાં સુધી માંચો મૂકશે નહિ. જેમ નાઇ રોજ નવનવા મુંડે તેમ વેશ્યા રોજરોજ ધનહિણ પુરૂષની પ્રીતિ તોડે અને ધનવંતની પ્રીતિ જોડે માટે હવેથી તું એને તજી દે. એ સાંભળી વેશ્યા તેની માતાને કહે છેઃ "માતાજી, હવ એને તજી દેવો એ કુલીન અને સુજાતનાં લક્ષણ નહિ, જેમ પટોળે ભાત પડી તેમ તેનો નેહ મારાથી બંધાયેલો છે અને જેમ નેત્રાની વચ્ચે પુતળી છે તેમ તે મારા અંતઃકરણમાં છે. એના વિના મારો જીવ રહી શકે તેમ નથી. જો એ એક દિવસ મારાથી અળગો રહે તો મને ઉંઘ આવે નહિ." આ સાંભળી ડોશી બહુ ક્રોધાતુર થઇ તેને ગાળો ભાંડવા મંડી અને કહેવા લાગી કે, "નાચનારીને નેહ શો? જ્યાં ધન મળે ત્યાં નેહ, માટે હવે ઝટ તેનો સંગ છોડી દે." આ પ્રમાણે ડોશીએ કહ્યું પણ તેણે કયવન્નાને તજ્યો નહિ. ત્યારે ડોશી કયવન્નાને ગમે તેમ બોલવા લાગી અને તેના ઉપર હદપાર દ્વેષ કરવા લાગી. તે એક વખતે કહેવા લાગી કે, "બેઠાં બેઠાં અજીર્ણ, આછાં લુગડાં, તંબોળ અને તાજાં ધાન્ય, ઘી, ગોળ જોઇએ છે તો હવે તું તારા ઘેર ચાલ્યો જા; તારાં માવીત્ર મરી ગયાં છે તો હવે તારૂં ઘરબાર સંભાર." ડોશીનાં આવાં વચન સાંભળી કયવન્નાને તરત ચાનક લાગી ગઇ 'અને ધિક્ક છે વેશ્યાના નેહને!' એમ કહીને તરત ત્યાંથી ઉઠીને પોતાના ઘર તરફ ચાલ્યો. તેને રસ્તામાં એક શાહુકાર મળ્યો, તેને પોતાના ઘરના સમાચાર પૂછતાં તે કહેવા લાગ્યો કેઃ— "ધનદત્તશેઠ અને તેમનાં શેઠાણી મરી ગયાં અને દીકરો કપૂત નીકળ્યો તેણે વેશ્યાને ઘેર વશી સઘળું ધન ઉડાવી દીધું." આવી રીતના પોતાના અવગુણ પોતાના કાને સાંભળીને તથા પોતાનાં વૃદ્ધ માતપીતાની મરણ સમયે પણ ચાકરી ન થઇ તે માટે કયવન્નો આંખમાંથી આંસુ પાડી પશ્ચાતાપ કરતો કરતો પોતાના ઘર તરફ ચાલ્યો. ઘર

આગળ આવી જુએ છે તો ઘરનો ઠાઠ તદ્દન જાંખો અને ઘર આગળ કોઇ દાસદાસી દીઠાં નહિ તેથી શોકસાગરમાં ડૂબી ઘરની નજીકમાં ઉભો. ત્યાં તેની સ્ત્રી પોપટને નીચે પ્રમાણે કહે છે તે પોતે સાંભળવા લાગ્યો.

"હે વીરા પોપટ ! તું મારા સ્વામીને જઇને કહેજે કે, તમારી સ્ત્રી તમારા વિરહથી રાત્રિદિવસ ઝુરે છે અને તેલ, તંબોળ તથા શૃંગાર તજ્યા છે. અમૂલ્ય રત્ન જાણીને છેડે બાંધ્યું પણ તે પત્થર નીવડયું. સોનું, સીસું નિવડ્યું. માબાપનું નામ લજાવ્યું અને વેસ્યાને ઘેર રહી તમામ ધન ગુમાવ્યું માટે હવે મોહની અંધારી દૂર કરી તમારી વિરહણી સ્ત્રીને મળો."

ઉપર પ્રમાણે સંદેસો કહેવાનો કહી પોપટને કયવન્ના શેઠ પાસે મોકલ્યો અને વળી કહ્યું કે–"તું જવાબ લેઇને આવે ત્યાં સુધી હું તારી વાટ જોવા અહીં ઉભી છું માટે વહેલો આવજે." પોપટ ત્યાંથી સંદેશો લેઇ ઉડયો એટલે **જયશ્રી**નું ડાબું અંગ ફરકવા લાગ્યું તેથી તેણે જાણ્યું કે આજે મારો સ્વામી મળશે. આવા અવસરે કયવન્નો શેઠ જેમ રાહુએ ચંદ્રને ગ્રહ્યો હોય એવા મુખે અને ઢીલાપગે ઘરમાં ગયો. તેને દેખીને **જયશ્રી** સંખાણી અને એકદમ ઉભી થઇ પુંઠ કરી કહેવા લગી કે, "આ સતીનું ઘર છે, અહીં પરપુરૂષનું કામ નથી માટે ચાલ્યા જાઓ," આ સાંભળી કયવન્નો એકદમ હસી પડયો. તેથી **જયશ્રી**એ ફરીથી જોતાં પોતાના સ્વામીને ઓળખ્યો, અને અતિ હર્ષિત થઇ આદરસત્કાર કર્યો.

સુરતરૂ ફળિયું આંગણે, દૂધે વુઠયા મેહ;
મોં માગ્યા પાસા ઢળ્યા, અતિ ઉલસિયો દેહ.

કયવન્નો શેઠ ઘેર આવ્યાની વાત સાંભળી કુટુંબ કબીલો સર્વ આવી મળ્યો. ઘેર તરિયા તોરણ બાંધ્યાં અને વાજાં વગડાવવા માંડયાં,

જાણે લગ્નનો દિવસ હોય નહિ ! હવે કયવન્નો અને જયશ્રી અતિ સુખમાં દિવસ ગુજારવા લાગ્યાં અને દાન આપવા ઉપર પ્રીતિ વધારવા માંડી.

હવે વેશ્યાની દીકરી ડોશીથી વઢીને કયવન્ના શેઠના ઘેર આવી રહી. બન્ને સ્ત્રીઓને બન્ને આંખ સમાન કયવન્નો શેઠ ગણે પણ અમલ જયશ્રીનો ચાલે. કેટલાક દિવસ વિત્યા બાદ જયશ્રીને પુરા માસે અતિ રૂપવંત પુત્ર જન્મ્યો. તેથી કયવન્ના શેઠના હર્ષનો પાર રહ્યો નહિ.

એક દિવસે કયવન્નો શેઠ, જયશ્રીને કહેવા લાગ્યો કે–"આપણું ઘર તથા નામ મોટું છે માટે ઘરડાના નામ પ્રમાણે પૈસો વાપરવો જોઇએ માટે હું પરદેશ ધન રળવા જઉં અને તમે બે સ્ત્રીઓ બેનપણે રહેજો." જયશ્રી પોતાના અંગનાં ઘરેણાં ગાંઠાં ઉતારી તે કયવન્નાના મુખ આગળ મૂકી કહેવા લાગી કે, "સ્વામિન્ ! આ વેચીને જોઇએ તેટલું ધન ખાઓ પીઓ ખરચો અને વેપારમાં વાપરો." કયવન્નો કહે, "દાગીના વેચતાં ઘરની આબરૂ જાય માટે હું રળવા જઇશ. રળ્યા વગર બેઠાં બેઠાં ખાધે ઘરેણાં ગાંઠાં ક્યાં સુધી પહોંચશે?" એમ કહી રળવા જવા બન્ને સ્ત્રીઓની રજા મેળવી. એવામાં એક સાર્થવાહ એવો ઢંઢેરો પીટાવે છે કે–"જેને ધન કમાવા માટે પરદેશ જવું હોય તે મારી સાથે આવો." આવી ઉદ્‌ઘોષણા સાંભળી કયવન્નો સારા શુકન જોઇ તે સાર્થવાહની પાસે આવવા નીકળ્યો. નજીકમાં એક દેવળ હતું ત્યાં પરદેશ જનારો સાથ ઉતર્યો હતો ત્યાં કયન્વનો ગયો અને રાત્રે સેજપર સૂતો. પેલો સાથ સર્વ ઉપડી ગયો અને કયવન્નો અહીં નિદ્રાવસ્થ થઇ જવાથી પડી રહ્યો. ભેંસનો પગ ભાગ્યો તે સારા માટે કે નરસા માટે તેની અગાઉથી ખબર કેમ પડે ?

હવે એજ નગરીમાં એક ઋદ્ધિવંત શેઠીઓ અપુત્રીઓ મરણ પામ્યો હતો. તેને ચાર સ્ત્રીઓ હતી. તેઓને તેમની વૃદ્ધ સાસુ કહે

કે, " તમે રોશો નહિ, રોશો તો રાજાને ખબર પડવાથી આપણું ધન લેઈ લેશે અને ઘરબાર ખોઇ બેસીશું. આપણે એક રૂપવંત નર ઘરમાં લાવી ઘાલીશું તેનાથી તમારે પુત્ર થશે અને આપણું ધન રહેશે." સ્ત્રીઓ કહે, " એવું અકાર્ય અમારાથી કેમ થાય?" ડોશી કહે, " ધન કારણે સહુ થાય." એમ કહી ચાર વહુઓ તથા ડોશી રૂપવંત નરને શોધતી શોધતી પેલા દેવળમાં આવી અને કયવન્ના શેઠને રૂપવંત જોઈ ખાટલા સુદ્ધાં ઉપાડી પોતાના ઘરમાં લાવી મૂક્યો. ત્યાં જરા થોડી વારે કયવન્નો જાગ્યો અને એકદમ દિગ્મૂઢ થયો. તે વિચારવા લાગ્યો કે—" આવું સુશોભિત મકાન કોનું હશે? શું આ સ્વર્ગ તો નહિ હોય? અગર મને સ્વપ્ન તો આવ્યું નહિ હોય? પણ અરે સ્વપ્ન તો નહિ. હવે હું ક્યાં જઉં? એમ શોચના કરે છે, તેવામાં ડોશી આવીને મધુર વચનથી કહેવા લાગી કે—" બેટા! આ ઘરબાર, ધનમાલ તથા આ ચારે વહુઓ તારી છે. તેનાથી તું ખા પી અને મોજશોખ ભોગવ. કોઇ રીતે ગભરાઇશ નહિ, મેં મારી કુલદેવીને સમરી તેણે મને તને પુત્ર તરીકે આણી આપ્યો છે." આ વાત સાંભળી કયવન્નો ખુશી થયો અને ચારે સ્ત્રીઓ સાથે સાંસારિક સુખ ભોગવવા લાગ્યો. કહ્યું છે કે— "ખોદે ઉંદર અને ભોગવે ભોરંગ." કયવન્નો સોનાની રત્નજડિત હીંડોળા-ખાટે હીંચે છે અને કસ્તુરી કેશર સાથે તંબોળ ચાવી નવનવીન પોશાક પહેરી તાતો માતો અને રાતો રહે છે અને દેવ સમાન સુખ ભોગવે છે. કયવન્નો આવા અત્યંત સુખમાં અને નવી સ્ત્રીઓના પ્રેમમાં પોતાનું ઘરબાર અને સ્ત્રીઓ વીસરી ગયો. અનુક્રમે કેટલાંક વરસ વહી ગયાં એટલે ચારે સ્ત્રીઓને એકેક પુત્ર જન્મ્યો. ડોશીને પુત્રનો સ્વાર્થ હતો તે પૂરો થયો. હવે સ્વાર્થ પૂરો થયે તે શું કરે છે તે સાંભળો:—

કયવન્નાને અહિં પુરાં બાર વરસ થયાં એટલે ડોશી ચારે વહુઓને કહેવા લાગી કે " હવે આને ઘરમાંથી બહાર કાઢો. એ કાંઇ

ખપનો નથી, તો નકામું ખર્ચ રાખવું શા કામનું ? ત્યારે વહુઓ કહેવા લાગી કે "સાસુજી! એમના વડે આપણી લાજ તથા લક્ષ્મી રહી અને દીકરા ચાર થયા તો હવે ગરજ વીત્યે કાખ દેખાડવી એ સારા માણસનું ભૂષણ નહિ, વળી બાર વર્ષનો સ્નેહ તોડવો એ અમને મૃત્યુ સમાન વસમું લાગે છે. માટે હવે એ અમારો આ ભવનો ધણી છે." આવાં વચન સાંભળી ડોશી ક્રોધાતુર થઇને વાઘની પેઠે તાડુકી કહેવા લાગી કે " તમે તમારી આબરૂમાં રહો, નહિ તો તમને પણ મારી કુટી બહાર કાઢીશ. આ ઘર તથા ધન મારૂં છે. જારપુરૂષને ઘરધણી કરવા ઇચ્છો છો એ કેમ બને ? માટે જલદીથી એને ઘરમાંથી બહાર કાઢો." ડોશી આગળ વહુઓનું કાંઇ ચાલે તેમ નહોતું તેથી નિરૂપાય થઇ ડોશીના હુકમને આધીન થઇ, અને ચારે સ્ત્રીઓએ મળી જળકાંત નામનાં ચાર મહા કીમતી રત્ન લેઇ એકેક લાડુમાં એકેક ઘાલી ચાર લાડુ એક કોથળીમાં ઘાલી તે કોથળી કયવન્નાના ઓશીકે મૂકી. ત્યારબાદ કયવન્નાને રાત્રે નિદ્રાવસ્થ થયેલો જોઇ ડોસીએ તેનો પલંગ વહુઓ પાસે ઉપડાવી જે દેવળમાંથી લાવ્યાં હતાં તેજ દેવળમાં મૂકાવ્યો. આ વખતે પેલો બાર વર્ષ ઉપર ઉતરેલો સાર્થવાહ પરદેશથી રળીને સાથ સહિત એજ દેવળમાં ઉતર્યો હતો.

હવે કયવન્નાની પરણેત સ્ત્રી જયશ્રી પોતાના પુત્રને સાથે લેઇને એક જોશી પાસે જઇ તેની સમક્ષ શ્રીફળ અને સોપારી મૂકી પૂછવા લાગી કે—"હે જોશી મહારાજ! મારા ધણીને પરદેશ ગયે બાર વર્ષ થયાં પણ કુશળતાનો સંદેશો તથા પત્ર પણ આવ્યો નથી માટે તે ક્યારે આવશે તે કહો." જોશીએ પ્રશ્ન મૂકીને કહ્યું કે "બેન, તમારો સ્વામી આજે તમને મળશે." આવું વચન સાંભળી જયશ્રી હર્ષિત થઇ ઘેર આવી એટલે તેનું ડાબું અંગ ફરકવા લાગ્યું. એવામાં પેલો સાર્થવાહ સાથ સહિત દેવળમાં ઉતર્યો છે એવા સમાચાર તેને મળ્યા તેથી હર્ષવંત થઇ બન્ને સ્ત્રીઓ મળીને દેવળમાં આવી.

હવે કૃયવન્નો જાગ્યો અને વિસ્મય પામ્યો, તે વિચારવા લાગ્યો કે "મારી હવેલી તથા હિંડોળાખાટ ક્યાં ગઇ અને હું અહીં ક્યાંથી ? મને ડોશીએ દગો દીધો. હું ખાલી હાથે ઘેર શી રીતે જઉં ?" એવો વિચાર કરે છે એવામાં પેલી સ્ત્રીઓ દેવળમાં ગઇ અને કયવન્નાને સેજ ઉપર બેઠેલો જોઇ પુત્રને કહેવા લાગી કે—"બેટા ! પેલા તારા બાપ બેઠા." એ સાંભળી પુત્ર તેના ખોળામાં જઇ બેઠો. બન્ને સ્ત્રીઓ અત્યંત હર્ષવંત થઇ અને રોમરાય ઉલસ્યાં પણ મનમાં એવું આશ્ચર્ય ઉપન્યું કે " આ સેજ પ્રથમ હતો તેજ છે તેનું કારણ શું ? વળી પાસે ધનમાલ જણાતો નથી, કદાચ હુંડી પત્રી હશે પરંતુ શરીરે સતેજ અને પુષ્ટ છે, હાથ પગે મેલ કે ખેહ લાગી નથી, લૂગડાં ઉજળાં છે અને તાજાં પાન આરોગ્યાં હોય એવા દાંત અને હોઠ રાતા છે તેથી જણાય છે કે જાણે રંગમહેલમાં રમી ખારખાંડનાં ભોજન ખાધાં ન હોય ? વળી મુસાફરી પણ કરી જણાતી નથી. " એમ વિચારી તેઓ કયવન્નાને પૂછવા લાગી કે, "સ્વામિન્ ! તમે આકાશ માર્ગે ઉડીને આવ્યા કે વિમાનમાં બેસીને આવ્યા ? " કૃયવન્નો તેના ઉત્તરનાં કાંઇ નહિ બોલતાં માત્ર હૂં હૂં હું કહે છે. પછી તેઓ કૃયવન્નાને લેઇ ઘેર આવ્યાં.

જયશ્રીએ કૃયવન્નાના ઓશીકેથી કોથળી લેઇ જોયું તો તેમાં ચાર લાડું નીકળ્યા, તે હાથમાં લેઇ જુએ છે તેવામાં તેનો પુત્ર જે અગીયાર વર્ષનો હતો તેણે તે દીઠા એટલે તેણે તેમાંથી એક ખાવા માગ્યો તો તેને એક લાડું આપ્યો. તે લઇને તે ભણવા ગયો. આગળ જઈ તે ભાગ્યો તો તેમાંથી રત્ન નિકળ્યું તે" પાટી ઘુંટણું" થશે એમ ધારી હાથમાં ઝાલી આગળ ચાલ્યો. તે હાથમાંથી છૂટી કંદોઇની કુંડીમાં પડયું તેથી તેમાંનું જળ ફાટયું. તે જોઇ કંદોઇએ તે હર્ષભેર લેઇ લીધું. છોકરે પાછું માગ્યું તો તેને નહિ આપતાં લાડુ, પેંડા વગેરે પકવાન આપી વિદાય કીધો. જયશ્રીએ બાકીના ત્રણ લાડુ ભાગ્યા તો તેમાંથી ત્રણ

અમૂલ્ય રત્ન નીકળ્યાં. તે જોઈ કૃયવન્નો તથા બન્ને સ્ત્રીઓ ઘણો હર્ષ પામ્યાં. આવી અથાગ ઋદ્ધિ મળવાથી કૃયવન્નાની આબરૂ વધી અને વણજ વેપાર કરવા માંડયો અને તેઓ એશઆરામમાં દિવસ ગુજારી સુપાત્રે દાન દેવા લાગ્યાં.

એક દિવસે શ્રેણિક રાજાનો **સિંચાનક** હાથી નદીમાં પાણી પીવા જતાં મચ્છે તેનો પગ ગ્રહી રાખવાથી ખુંચી રહ્યો તે કેમે કર્યો નહિ નીકળવાથી નગરમાં રાજાએ એવો ઢંઢેરો પીટાવ્યો કે-" જે કોઈ હાથીને કાઢશે તેને અર્ધુ રાજ્ય આપવામાં આવશે તથા રાજકુંવરી પરણાવવામાં આવશે." આથી ઘણા વિદ્યાવંત, કળાવંત, અને જોગી જતિઓ મંત્ર, જંત્ર વગેરે ઉપાયો કરી થાકયા પણ સર્વે નિષ્ફળ નીવડયું. છેવટે ઢંઢેરો પેલા કંદોઇએ ઝીલ્યો. તેણે જલકંત રત્ન પાણીમાં મૂક્યું એટલે પાણીમાં માગ થયો તેથી મચ્છનું કાંઇ જોર ચાલ્યું નહિ અને હાથી નદીમાંથી નીકળી બહાર આવ્યો.

શ્રેણિક રાજાએ કંદોઇને કહ્યું કે-" આ રત્ન તું ક્યાંથી લાવ્યો ? સાચું કહીશ તો શીરપાવ મળશે અને જુઠું બોલીશ તો ગરદન મારવામાં આવશે." કંદોઇએ કહ્યું કે, "કૃયવન્ના શેઠના દીકરા પાસેથી એ રત્ન મને મળ્યું છે." રાજાએ કંદોઇને માત્ર સાચું બોલવાનો શીરપાવ આપી વિદાય કીધો અને કૃયવન્ના શેઠને બોલાવી સરત પ્રમાણે પોતાનું અર્ધુ રાજ્ય આપી પોતાની કુંવરી મોટા ઠાઠથી પરણાવી. કૃયવન્ના શેઠને ધન ઉપર ધન અને સુખ ઉપર સુખ આવી મળ્યું. કહ્યું છે કે, "ચઢતામાં ચઢતી અને પડતામાં પડતી."

એક દિવસ શ્રેણિક રાજાના મંત્રી અને પુત્ર **અભયકુમારને** કૃયવન્ના શેઠે કહ્યું કે-" મને એક ડોશીએ બાર વર્ષ ઘરમાં રાખી રાત્રિના વિષે નિદ્રાવસ્થ થયેલો જોઈ પલંગ સહિત ઉપાડીને દેવળમાં લાવી મુક્યો. (એમ કહી પોતાની સ્વમવત્ સર્વે હકીકત કહી બતાવી.)

તેનો તપાસ કરવો જોઇએ." અભયકુમાર મહા બુદ્ધિશાળી છે, તેણે એક દેવળ કરાવીને તેમાં કૃયવન્ના શેઠનું બાવલું (મૂર્તિ) કરાવી મૂક્યું અને નગરમાં ઢંઢેરો ફેરવ્યો કે, " આ યક્ષદેવનાં દર્શન કરવા સર્વ મનુષ્યે આવવું." તે દેવળની પાસે મંડપ કરાવી તેમાં અભયકુમાર તથા કૃયવન્નો શેઠ ગુમ પણ ઉભા રહ્યા. સર્વ પુરૂષ તથા સ્ત્રીઓ છોકરાં સહિત યક્ષની પૂજા અર્ચા કરી ચાલતાં થયાં. પછી પેલી ડોશી હાથમાં લાકડી ઝાલી ચાર વહુઓ, તથા ચાર છોકરાઓને લેઇ ડગુમગુ ચાલતી આવી દેવળમાં પેઠી, પત્થરની મૂર્તિ દેખીને ચારે વહુઓ હર્ષિત થઈ વારંવાર તેના સામું જોઇ રોવા લાગી. ડોશી પણ ઘણીજ ચિંતાતુર થઈ, તેણે જાણ્યું કે આમાં કાંઇક ભેદ છે. ચારે બાળક આવીને મૂર્તિને બાઝી પડયાં અને કહેવા લાગ્યાં કે "બાપા ચાલો આપણે ઘેર, અહીં કેમ બેઠા છો ?" એમ કહી કોઇએ આંગળી, કોઇએ હાથ અને કોઇએ પગ ઝાલ્યો. આ જોઈ કૃયવન્નો શેઠ તથા અભયકુમાર પ્રગટ થયા. તેમને જોઈ ડોશી ધ્રુજી પડી. અભયકુમારે ડોશીને કાઢી મૂકી ચારે વહુઓ, છોકરા તથા ધનમાલ કૃયવન્ના શેઠને સોંપ્યું. હવે કયવન્ના શેઠને ધનનો તથા સુખનો પાર રહ્યો નહિ. તે સાત સ્ત્રીઓ સહિત સંસારનાં અનેક પ્રકારનાં સુખ ભોગવવા લાગ્યો. આ સર્વ દાનનું ફળ જાણવું.

તે કાળ, તે સમયના વિષે ભગવાન્ શ્રી મહાવીર સ્વામી છત્રીશ હજાર સાધ્વી, ચૌદ હજાર સાધુ અને અગ્યાર ગણધર સાહત ગામાનુગામ વિચરતા થકા રાજગ્રહી નગરીના ગુણાશલ વનના વિષે પધાર્યા. તેમને વાંદવા શ્રેણિક રાજા, અભયકુમાર અને કૃયવન્નો શેઠ મોટા ઠાઠ અને મોટા પરીવારથી ગયા. તેઓએ ભગવાનને ત્રણવાર પ્રદક્ષિણા દેઇ વાંદી—નમસ્કાર કરી ત્યાં બેશી પ્રખદા (પરિષદ) સમક્ષ ધર્મોપદેશ સાંભળ્યો. પ્રભુની વાણી સાંભળી કેટલાકે દિક્ષા લીધી અને કેટલાકે શ્રાવકપણું અંગિકાર કર્યું. પછી કૃયવન્ના શેઠે ભગવાનને વાંદી

સવિનય પૂછ્યું કે, "હે સ્વામિન્! મારો પૂર્વનો ભવ શો હતો?" ભગવત્ કહે, દેવાનુપ્રિય ! સાંભળઃ—

કયવન્ના શેઠનો પૂર્વનો ભવ.

શાલીગ્રામ નામે ગામમાં એક ગોવાલણી રહેતી હતી. તેને એક છોકરો હતો, તે બાલ્યાવસ્થામાં હતો. ધન વગર ડોશી પારકું કામ કરીને પોતાનું તથા છોકરાનું પેટ મુશ્કેલીએ ભરતી હતી. એક દિવસ પર્વ મહોત્સવ હોવાથી ઘેર ઘેર ખીરખાંડનાં ભોજન થતાં હતાં, તે જોઇને છોકરાને તે ખાવાનું મન થયું; તેથી મા પાસે આવીને રોતાં-રોતાં તે ભોજન માગ્યું. ઘરમાં સામગ્રી નહિ, તેથી માયે ઘણો સમજાવ્યો પણ છાનો રહે નહિ. તે જોઇ પાડોશણોને દયા આવી તેથી એકે દૂધ આપ્યું, એકે ચોખા આપ્યા, એકે ઘી આપ્યું અને એકે ખાંડ આપી; તે લેઈ ડોશીએ ખીર રાંધી અને છોકરાને બેસારી થાળીમાં પીરસી. તે ઘણી ઉની હોવાથી છોકરો ઠારવા માટે ફુંક મારતો બેઠો અને ડોશી કાંઇ કારણસર ઘર બહાર ગઇ. હવે અહીં એક અચરજ ઉપન્યું તે સાંભળોઃ—

એક મહિમાવંત શુદ્ધ મુનિવર માસખમણના પારણે ગોચરી અર્થે ફરતા ફરતા તે છોકરાના ઘર આગળ પધાર્યા, તેમને જોઈ છોકરો ઘણોજ હર્ષવંત થયો અને ઉભો થઇ મુનિને વાંદી તેમના પગે પડ્યો અને વોહોરાવવા માટે ઘરમાં તેડી લાવી ઘણુંજ આદરમાન દીધું. ખીરમાં લીટી તાણી ત્રણ ભાગ કીધા. મુનિએ વહોરવા માટે પાત્ર ધર્યું તેમાં છોકરે પ્રથમ એક ભાગ વહોરાવ્યો, પછી તે પોતાને થોડો લાગવાથી બીજો ભાગ વહોરાવ્યો; વળી ઉત્કૃષ્ટ ભાવ થવાથી ત્રીજો ભાગ વહેરાવ્યો. ઉત્કૃષ્ટ ભાવ, ફાસુક આહાર અને સુપાત્ર સાધુ એ ત્રણ મળવાથી સુક્ષેત્રે બીજ વાવ્યું, જેથી પુણ્ય રૂપી કલ્પવૃક્ષ ઉગ્યું, તેનું ફળ આ ઉત્પન્ન થયું.

છોકરો સાધુને ખીર વોહોરાવી તેમને ઘર બહાર લગી પહોંચાડી વંદન કરી પાછો વળ્યો અને ખાલી થાળી લઈ બેઠો. માતા પાસે તેણે ફરીથી ખીર માગી, તો ડોશીએ બાકી રહેલી સર્વ ખીર આપી. છોકરે મુનિને ખીર વહોરાવ્યાનું માને કહ્યું નહિ. (ગુપ્તદાન દીધું,) તેથી માયે વિચાર્યું કે મારો છોકરો હમેશાં આટલી ભૂખ સહન કરે છે માટે મારા જન્મને ધિક્કાર છે, એટલું વિચારે છે તેટલામાં છોકરાએ ઘણી ભૂખમાં ઘણી ખીર ખાધેલી હોવાથી મૂર્છા પામી શુભ ધ્યાનમા મરણ પામ્યો.

સુપાત્રેદાન દેવાથી તું ઉત્તમકુળમાં જન્મ્યો અને ઘણી ઋદ્ધિ પામ્યો. ચાર પાડોશણોએ દૂધ, ચોખા, ઘી, ખાંડ આપી તારા સારૂ ખીર કરાવરાવી (દયાથી ગરીબને દાન આપ્યું,) તેથી તારી ચાર સ્ત્રીઓ થઈ. તેં ખીરમાં ત્રણ લીટી કરી ત્રણ ભાગ કર્યા તે કારણથી ત્રણ વાર તને લક્ષ્મી મળી અને ત્રણ વાર અંતરાય પડી.

ઉપર પ્રમાણે ભગવાન્ શ્રી મહાવીર સ્વામીના મુખથી વાણી સાંભળી કયવન્નાશાહ વૈરાગ્ય પામ્યો અને ઘેર આવી પુત્રને ઘરબાર સોંપી દિક્ષા લેવા તૈયાર થયો. તેની સાતે સ્ત્રીઓ પણ દિક્ષા લેવા તૈયાર થઈ. એ રીતે આઠ જણે મોટા ઠાઠથી ભગવાન્ પાસે જઈ દિક્ષા ગ્રહણ કરી. કયવન્ના મુનિ ચૌદ પૂરવભણી માસમાસખમણનાં પારણાં કરતા થકા પંડિત મરણે મૃત્યુ પામી, સર્વાર્થસિદ્ધ વિમાને દેવતા થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહે નરભવ પામી આઠ કર્મ દહન કરી કૈ-વલ્યજ્ઞાન પામી મોક્ષે જશે.

દોહરો.

દાન, શિયળ, તપ, ભાવના, ધર્મના ચાર પ્રકાર;
દાન વડું છે તેહમાં, સુજ્ઞ કરે સ્વિકાર.

ધર્મમાર્ગે વાપરતાં ધન ખૂટતું નથી.

આ જંબુદ્વીપના **ભરતક્ષેત્રના** વિષે **લક્ષ્મીપુર** નામે નગરમાં **લક્ષ્મીવિલાસ** નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં ધર્મિષ્ટ અને મહા સત્યવંત એવો **લક્ષ્મીધર** નામે શેઠ વસતો હતો. તેને કમળમુખી અને મૃગ લોચની કમળા નામે ભાર્યા હતી. એક દિવસ શેઠે રાત્રિને સમયે સૂતાં થકાં ઉજ્વળ વસ્ત્ર અને આભૂષણવંત એક સ્ત્રી દીઠી. તેને તેણે પૂછ્યું, " ભદ્રે ! તું કોણ છે ?" તે બોલી, " હું તારા ઘરની લક્ષ્મી છું." શેઠ બોલ્યા, " કેમ આવી છે ? " તે બોલી, " હું હવે તારા ઘરમાંથી જવાની છું માટે તને કહેવા આવી છું." આ વચન સાંભળી શેઠ તેને પાટુ પ્રહાર દઈ બોલ્યા, "જો તારે પછી પણ જવું છે તો હમણાં જ જા."

આ પછી લક્ષ્મી અન્ય સ્થાનકે ગઈ. પ્રાતઃકાળે શેઠ ઉઠ્યા અને ઘરમાં જુએ છે તો ધન, ધાન્ય, કાપડ, ચોપદ વગેરે કાંઈ ન દીઠું. ત્યારે વિચારવા લાગ્યા કે, "એ બાપડી રાંક ગઈ તો શું થયું ? મારૂં સત્ય તો નથી ગયું ? મારૂં સત્ય અને સત્વ એ વડે ઉદ્યમ કરીશ તો લક્ષ્મી પાછી રાંક બની કાલાવાલા કરતી આવશે." કહ્યું છે કેઃ—

સતિયા સત્ય મત છોડિયે, સત્ય છોડયે પત જાય;
સત્યની બાંધી લક્ષ્મી, ફિર ફિર ફેરા ખાય.

એમ વિચારીને પાડોશી પાસેથી કાંઈક દ્રવ્ય ઉછીનું લેઈ તેનું તેલ, મીઠું વગેરે લેઈ કોથળો ભરીને નગરમાં પાડે પાડે ભમવા લાગ્યા. **કોઈને તોલમાં ઓછું આપવું નહિ, સારી ચીજમાં નઠારી ચીજ ભેળવી વેચવી નહિ, ખોટા ભાવ કરવો નહિ અને**

કોઈ રીતનો દગો પ્રપંચ કરવો નહિ. આ પ્રમાણે સાફ દાનતથી ક્રયવિક્રય કરતાં પાડોશીનું દ્રવ્ય જે ઉછીનું લીધું હતું તે તેને પાછું આપી, ઘેર આવી દેવગુરૂની ભક્તિ કરી પુણ્ય માર્ગે પણ કાંઈક વાપર્યું. એમ નિરંતર કરતાં જે કાંઈ લાભ આવે તેમાંથી આજીવિકા ચલાવે પણ ઘણો લાભ ન થયો, તે વારે કોથળો લઈને પાસેના ગામોમાં જઈ માલ વેચે. એમ કાળ નિર્ગમન કરવા લાગ્યા.

હવે લક્ષ્મી એક કૃપણને ઘેર ગઈ. લક્ષ્મી ઘણું કરીને કૃપણને [illegible] સુખ માને છે; કારણ કે તે તેનું સારી રીતે રક્ષણ કરે છે (સાચવી રાખે છે). પણ આ કૃપણે તો લક્ષ્મીને ઉંડો ખાડો ખોદીને દાટી તેથી તે આકરૂં દુઃખ ભોગવવા લાગી, ત્યારે ઉદ્વેગ પામીને ચીંતવવા લાગી કે, "અહો ! મેં અયુક્ત કર્યું ! જે કારણ માટે મેં તે મહાનુભાવને મૂકયો તે કારણ તો ન સર્યું પણ ઉલટું દુઃખ ભોગવવું પડે છે. માટે હવે તેને ઘેર પાછી જઉં. પણ તે મને ઘરમાં પેસવા દેશે નહિ. માટે કાંઈક ઉપાય કરીને આગળથી તેને પ્રસન્ન કરૂં અને પછી જાઉં."

એક દિવસ લક્ષ્મીધર શેઠ ગામડેથી પાછા વળીને એક વડના ઝાડ તળે વિસામો લેવા બેઠા છે, ત્યાં લક્ષ્મી એક કલસ હાથમાં લેઈ ઉભી રહી. તેને શેઠે દીઠી એટલે વિચાર્યું કે, આ કોઇ પરસ્ત્રી ઉભી છે. તેથી ત્યાંથી ઉઠી આઘા ચાલ્યા. બીજે દિવસે તેણે આવી શેઠને બોલાવ્યા પણ શેઠ ઉત્તર દીધા વિના ચાલ્યા ગયા. ત્રીજે દિવસે શેઠના બે પગ વચ્ચે વળગીને રહી. ત્યારે શેઠ બોલ્યા તું કોણ છે? તે બોલી, તમારા ઘરની લક્ષ્મી છું. હવે હું તમારા ઘેર આવીશ. શેઠ બોલ્યા, તારાથી સર્યું ! તને નમસ્કાર ! **તારામાં શો ઢંગ છે! તું પંડિત, સમજુ કે સત્યવંતનું ઘર મૂકી, અભણ, મૂર્ખ કે અસ-**

ત્યવંતનું ઘર વહેલું પસંદ કરે છે. અને અંધ થઇ ઉંચ કુળ મૂકી નીચ કુળે ભમે છે. વળી તું જાતે ચપળ છે. જેને તેં સુખ આપ્યું તેને પાછું દુઃખ આપવામાં બાકી મૂકતી નથી. એવી તું નિર્દય, નફ્ટ અને ઢંગ વગરની છે, તો તારો સંગ કોણ કરે ? મારા પગ મૂકીને વેગળી જા. લક્ષ્મી બોલી, તમે મોટા છો, તેથી મારી પ્રાર્થના ભંગ કરવી ઘટે નહિ. હું બીજે ઠેકાણે ગઇ તે મારી ભૂલ છે માટે મારા ઉપર પ્રસન્ન થઈ મને ઘરમાં આવવાની હા પાડો. એમ ઘણો આગ્રહ કરવાથી શેઠ બોલ્યા, જો તારે આવવાની મરજી હોય તો " જ્યારે તને મારા ઘરમાંથી જવાની ઇચ્છા થાય ત્યારે, તારે મને એક વર્ષ પહેલાં ખબર આપવી." એ સરત કબુલ હોય તો હું તને મારા ઘરમાં પેસવા દઉં. લક્ષ્મીએ તે વચન કબુલ કર્યું. પછી શેઠ ઘેર આવ્યા. ઘરમાં જુએ છે તો ઠામ ઠામ ધનના ઢગલા પડ્યા છે. તે દ્રવ્યવડે કરીને ધાન્ય, રાચરચીલાં, વસ્ત્રાભૂષણ મન માનતાં લાવીને શેઠ યથેચ્છાએ લક્ષ્મી ભોગવવા લાગ્યા અને દીન, અપંગ, અનાથને દાન દેવા લાગ્યા. એમ લક્ષ્મીનો સદુપયોગ કરતાં કેટલાક દિવસ વહી ગયા.

એકદા રાત્રે લક્ષ્મી આવીને શેઠને કહેવા લાગી કે, તને મૂકીને હવે હું એક વર્ષ પછી બીજે ઠેકાણે જઇશ. એ વાત સાંભળીને શેઠે પ્રાતઃકાળે દીન, અપંગ, અને સાધુ જનોને દાન આપવા માંડયું. વાંચનશાળા, શિક્ષણશાળા, ધર્મશાળા અને ઔષધશાળાઓ સ્થાપવા માંડી, ઘણા જીવોને અભયદાન દેવરાવ્યાં, કુટુંબ, મિત્ર, બંદીવાન, દીન, દુઃખીજનોના ઉદ્ધાર કર્યા. એમ સર્વ દ્રવ્ય ધર્મ માર્ગે વાપરીને એક કછોટી વાળી તૃણાનો સંથારો કરીને શેઠ સુતા. પછી લક્ષ્મી આવી રોતી થકી કહેવા લાગી કે, " હે શેઠ ! તમે દેવગુરૂ અને ધર્મ કાર્યના વિષે લક્ષ્મી વાપરીને મને છળી, તો હું હવે નગ્ન થઈ થકી ક્યાં જાઉં ?

તે માટે હવે બીજે ઠેકાણે નહિ જાઉં. દાશીની પેઠે આળોટતી તારેજ ઘેર રહીશ." શેઠ બોલ્યા, "જેમ તને ગમે તેમ કર, કિંબહુના?" પછી શેઠના ઘેર પૂર્વની પેઠે લક્ષ્મી વિસ્તાર પામી. ત્યાર પછી લક્ષ્મીધર શેઠ દેવગુરૂ, અને ધર્મ માર્ગના વિષે ઘણા કાળ સુધી લક્ષ્મી વાપરીને સ્વર્ગે ગયા.

દોહરો.

લક્ષ્મી કોની થૈ નથી, થાશે નહિ કો દંન;
ધર્મ માર્ગે વાપર્યું, તે ધારો નિજ ધન.

પ્રાણીમાત્ર નસીબ લેઇને જન્મે છે !

નસીબ અથવા કીસમત એ પૂર્વભવની કરણીનું ફળ છે. કેટલીક વખતે વિદ્વાન્ દુઃખી અને મૂર્ખ સુખી થતા જોઇએ છીએ, તથા ગૃહસ્થનાં છોકરાં બાપના મુઆ પછી ભૂખે મરતાં અને ગરીબનાં છોકરાં બાપના મુઆ પછી શ્રીમંત થયેલાં જોઇએ છીએ, તથા એક બાળકનો જન્મ ગરીબના ઘેર થવાથી તેનો કોઈ ભાવ પૂછતું નથી, અને એક બાળકનો જન્મ રાજાના ઘેર થવાથી સહુ તેને ખમ્મા ખમ્મા કરે છે, તે ઉપરથી કીસમત સિદ્ધ થાય છે.

કીસમત પ્રમાણે આ અવતારમાં સુખ દુઃખ ભોગવવાનું છે, છતાં કેટલાંક મનુષ્યો પોતાનાં છોકરાંની ને કુટુંબની હદ ઉપરાંત ફીકર કરી ધર્મ કરણીમાં અંતરાય પાડે છે, તે યોગ્ય નથી. કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે, **धर्मस्य त्वरितागति** માટે ધર્મના કામમાં વિલંબ કરવો નહિ. છોકરો, છોકરાનું નસીબ લેઇને જન્મે છે, અને સ્ત્રી, સ્ત્રીનું

નસીબ લેઇને જન્મે છે. તેમનું ભરણપોષણ તથા સંરક્ષણ કરવું એ આપણી ફરજ છે પણ એમને સર્વદા સુખી કરવાં એ આપણા અધિકારનું કામ નથી, તો પછી ધર્મ કરણીમાં અંતરાય શા માટે પાડવી જોઇએ ? તથા મિથ્યા અફસોસ શા માટે કરવો જોઇએ ? તત્ સંબંધમાં એક નાની કથા નીચે લખીએ છીએ.

પાલડી કરીને એક નાનું ગામ હતું, ત્યાં **અં**બારામ ભટ્ટ કરીને એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. તેને એક સ્ત્રી ને બે છોકરા ૧૨ વર્ષની અંદરની ઉમરના હતા. **અં**બારામ પોતાના ગામની નજીકમાં નદી હતી તેની પેલીપાર જઈ લૂગડું પાથરી બેસતો અને નદીમાં સ્નાન કરી બહાર નીકળેલા માણસોને કંકુના ચાંલ્લા કરતો. તેના બદ-લામાં લોકો મૂઠી મૂઠી દાણા તેના પાથરેલા લુગડામાં નાખતા હતા. તે એ-કંદરે એક આખા દિવસનું ત્રણ માણસનું ગુજરાન ચાલે એટલા થતા હતા.

અંબારામ આ સિવાય બીજો કાંઈ ઉદ્યમ કરતો નહોતો. અને હમેશાં સવારમાં વહેલો ઉઠી દાતણપાણી કરી નદી ઉપર જઈ લૂગડું પાથરી બેસતો, તે નવ વાગ્યા સુધી ત્યાં રહી ઘેર આવતો. તેના લાવેલા દાણાને દળી ભટ્ટાણી દરરોજ રોટલા કરી આપતી. લાવેલા દાણામાંથી બીજા દિવસના માટે કાંઈ ઉગારો પડતો નહિ. એ પ્રમાણે હમેશાં ચાલતું.

એક દિવસ **અં**બારામને નદીએથી દાણા લેઈ ઘેર આવવાની વખતે નદીએ અકસ્માત પૂર આવ્યું તેથી તેનાથી નદી ઉતરી ઘેર આવી શકાયું નહિ અને આખો દિવસ તથા રાત્રિ નદીની પેલીપાર પડી રહેવું પડ્યું. તે વખતે તેણે થોડા કાચા દાણા પલાળીને ખાધા અને બાકીના છોકરા તથા સ્ત્રીના માટે રાખી મૂક્યા.

" છોકરા અને સ્ત્રી શું ખાશે અને તેમનું શું થશે " ? આવી ફીકર કરતો તે બેઠો. જો કે આ ફીકર વાસ્તવિક હતી પણ તેતો તેની

હદ એટલે સુધી વધારવા લાગ્યો કે, વારંવાર ગાંડાની માફક બકવા લાગ્યો અને પોતાનું ખટકર્મ પણ કરી શક્યો નહિ. રાત્રે નિદ્રાદેવી પણ તેનાથી રીસાઈ બેઠાં. જરાક આંખ મળે કે સ્ત્રી, છોકરા અને ઘરનો ચિતાર નજરે પડે. કદાચ જો આવી સ્થિતિમાં તે બે ત્રણ દિવસ રહેત તો અવસ્ય તેની ડાગળી ખસ્યાવિના રહેત નહિ, પણ સારા ભાગ્યે પૂર તો બીજે દિવસે ઉતરી ગયું તેથી એક આખો દિવસ અને રાત્રિ અંબારામ ભટ્ટે આવી સ્થિતિમાં ગુજારી. હવે તેના ઘરની હકીકત સાંભળો.

પાલડીમાં માત્ર એકજ અંબારામ બ્રાહ્મણનું ઘર હતું. તેથી ત્યાંના એક કાળીદાસ નામના સદ્‌ગૃહસ્થ પટેલે બ્રાહ્મણ જમાડવાના માનેલા હોવાથી તેણે તે દિવસે અંબારામ ભટ્ટના ઘેર નોતરૂં દીધું. ભટ્ટાણી તથા છોકરાએ જઈ લાડુ, દાળભાત તથા એક શાક બનાવી ભોજન કીધું. પટેલે જમ્યા ઉપર ત્રણે જણને ચચ્ચાર આના દક્ષિણા આપી અને અંબારામ ભટ્ટ ઘેર નહિ હોવાથી તેના માટે બે લાડુ લઈ જવા ભટ્ટાણીને કહ્યું. ભટ્ટાણીએ તે પ્રમાણે કર્યું અને ત્રણે જણ ઘેર આવ્યાં.

હવે બીજે દિવસે નદીએ પાણી ઉતરી જવાથી અંબારામ મોટા મળશકામાં ઉઠી ઘેર આવ્યો અને આવતાંવાંતજ લુગડાના છેડેથી દાણા છોડી ભટ્ટાણીને કહ્યું કે "લે આ દાણા, છોકરા તથા તું કાલનાં ભૂખ્યાં છો માટે તાકીદે તેને દળી રોટલા કરી ખાઓ. મેંતો કાલે દાણા પલાળી ખાધા છે એટલે મને ઝાઝી ભૂખ લાગી નથી પણ બિચારા છોકરાઓ ભૂખે પીડાતા હશે માટે તાકીદ કર."

આ સાંભળી ભટ્ટાણીએ કહ્યું: "મહારાજ, તમે અકળાશો નહિ, કાલે કાળીદાસ પટેલના ઘરનું નોતરૂં આવ્યું હતું તેથી અમે ત્રણ જણ લાડુ દાળભાત અને એક શાક બનાવી જમ્યાંછીએ અને

તમારા માટે એ લાડુ ઘેર લાવી છું માટે તમે દેવ સેવા કરી જમવા બેસો. અંબારામ એ પ્રમાણે કરી જમવા બેઠા એટલે નાનો છોકરો રમતો રમતો ત્યાં આવ્યો, તેણે કહ્યું કે-" બાપાજી ! તમે ક્યાં ગયા હતા ? તમે તો રોજ જાર બાજરીના રોટલા ખવરાવતા હતા અને કાલે તમે નહોતા તો અમે લાડુ જમ્યા. અને હવે પાછા તમે આવ્યા તો દર-રોજ રોટલા મળીશું. વળી તમે આજે ન આવ્યા હોત તો તમને આપવાના લાડુ અમે બે ભાઈ આજે અક્કેક વહેંચી ખાત."

ભોળા છોકરાએ કહેલાં ભલાં વચન, અંબારામ ભટ્ટની છાતીએ કોરાઇ ગયાં, તેણે તાકીદે ખાઈ લીધું અને મનમાં વિચાર્યું કે-"આ છોકરે કહ્યું તે ખરૂં છે. હું કાલે તેઓના ખાવા માટે ફીકર કરી મુઓ અને ખટકર્મ પણ ચૂક્યો અને તેમને તો તેમના નસીબ પ્રમાણે લાડુ મળ્યા. વળી છોકરો કહે છે કે તમે ન આવ્યા હોત તો સારૂં. એણે તો એ, વગર સમજવે કહ્યું છે પણ ખરૂં જોતાં સંસારમાં તમામ સ્વાર્થની સગાઇ છે; કોઇ, કોઇનું નથી. માટે આપણા આત્માનું શામાટે બગાડવું જોઇએ ? એમ વિચારી ત્યાંથી બોલ્યા ચાલ્યા વગર ગામ બહાર નીકળી બીજે ગામ જઇ એક જૈન સાધુનો ઉપદેશ સાંભળી તેમની પાસે દિક્ષા લીધી.

દોહરો.

સહુ સહુનું સંભારશે, સંભારો સહુ આપ;
કરી કમાઇ ભોગવે, કાં બેટા કાં બાપ.

કામદેવ જીતનારને ધન્યવાદ.

પાટલીપુત્ર નગરમાં **નંદરાજા** રાજ્ય કરતો હતો. ત્યાંના મંત્રી **સકટાળ**ના સ્વર્ગવાસથી તેના પુત્ર **શ્રીયક**ને મંત્રીપદ લેવા રાજાએ કહ્યું. ત્યારે તે વિનયવંત **શ્રીયકે** કહ્યું કે, " હે મહારાજ ! એ માનવંતી પદવી મને આપી મારા ઉપર આપ મોટો ઉપકાર કરવા ધારો છો તે માટે હું પોતાને ભાગ્યશાળી માનું છું. પરંતુ મારા વડીલ ભાઈ **સ્થુળભદ્ર કોશ્યા** ગણિકાના ઘેર બાર વરસથી રહે છે તેમના છતાં મારાથી આ પદ કેવી રીતે સ્વિકારી શકાય ?"

આથી **નંદરાજા**એ **સ્થૂળભદ્ર**ને બોલાવી મંત્રીપદ લેવા કહ્યું. પરંતુ ગણિકાના મોહપાસમાં લુબ્ધ થયેલો માણસ રાજ્યકાર્યભાર જેવી જોખમભરી ધુંસરી કેમ ઉપાડી શકે ? **વિષયનું વિષ જેમને ચઢયું છે તેઓનું ચિત્ત કદી કોઈ કામમાં ચોંટયું છે ?** **સ્થૂળભદ્ર** મોટા વિચારમાં પડયા. પરંતુ રાજાનો હુકમ તોડવો અને મોતને સામૈયું કરવું એ બે બરાબર હોવાથી તેમણે માત્ર એટલોજ જવાબ વાળ્યો કે " હું વિચાર કરીને ગ્રહણ કરીશ."

જેમણે પૂર્વભવોમાં કર્મોને પાતળાં કર્યાં છે તેમને તો દેખાતાં દુઃખો સુખો માટેજ આવી પડે છે. ગણિકાના સંગનું સુખ ખોવા રૂપી દુઃખ પડવાનો વખત **સ્થૂળભદ્ર**ને આવ્યો, તે માત્ર તેમના કલ્યાણ અર્થેજ થયો. કારણ કે તેમને વિચાર થયો કે, " અહો ! ધિક્ક છે આ પરવશતાને ! મોહને વશ પડેલો હું ગણિકાની સોડમાંથી છૂટી શકતો નથી, એટલુંજ નહિ પણ રાજશિક્ષાને પાત્ર બનવાનો પણ વખત આવ્યો છે. હવે જો હું રાજસેવા અંગિકાર કરૂં તો ત્યાં પણ પરવશતાજ છે. ન્યાયાન્યાય કરતાં રાજાની મરજીને વધારે માન આપવું

પડશે. વળી કોઈ વખત તેનાથી સહેજ પણ કુદું પડયું તો જીવનું પણ જોખમ, માટે **મોહ વગેરે સર્વ મીઠી દેખાતી ચીજો પરવશતા અને દુઃખનું જ કારણ છે. એ કારણથી હે જીવ એ પરવશતાને હવે છોડ. જ્યાં સુધી તું તેને નહિ છોડે ત્યાં સુધી તે તારો કેડો છોડશે નહિ. સ્વતંત્રતા અને એકાંત સુખ તો વિતરાગી મુનીનેજ છે.**"

એવી રીતે શુભ ધ્યાનમાં ચડેલા શ્રી **સ્થૂળભદ્રજી** લોચ કરી, મુખવસ્ત્ર તથા રજોહરણ સહિત **નંદ**રાજા પાસે આવ્યા. નવીન રૂપ જોઈ રાજાએ પૂછ્યું કે, "**किमालोचितम**" (શું વિચાર કર્યો) ?" એ વાક્યનો અર્થ 'કેમ લોચ કર્યો' એવો લઈને શ્રી **સ્થૂળભદ્રે** જવાબ વાળ્યો કે "મુનિને એમજ ઘટે છે." એમ કહી સર્વે હકીકત કહી બતાવી. તે સાંભળી **નંદ**રાજા ઘણો પ્રસન્ન થયો અને **શ્રીયક**ને મંત્રીપદ આપ્યું.

એકદા શ્રી **સ્થૂળભદ્ર** મુનિ પોતાના ગુરૂ પાસે બેઠા હતા તેવામાં ત્રણ શિષ્યોએ ગુરૂ પાસે આવીને અનુક્રમે સિંહની ગુફા ઉપર, સર્પના બીલ પાસે અને કૂવાના બારવટીઆ ઉપર ચાતુર્માસ કાયોત્સર્ગે રહેવાના અભિગ્રહ લીધા. ત્યારે શ્રી **સ્થૂળભદ્રજી**એ કહ્યું કે, "હું **કોસ્યા** ગણિકાની ચિત્રશાળામાં ષટ્રસ ભોજન લેતો છતો ચોમાસું પૂર્ણ કરીશ." ગુરૂએ સર્વને યોગ્ય ઉપદેશ આપ્યા પછી યથેષ્ટ સ્થાને જવા આજ્ઞા આપી એટલે સર્વ મુનિઓએ તેમ કર્યું.

શ્રી **સ્થૂળભદ્ર**ને આવતા જોઈ **કોસ્યા**ગણિકા વિનય સહિત તેમને લેવા સામી ગઈ અને પોતાની ચિત્રશાળા સોંપી. તે પ્રતિદિન ષટ્રસ ભોજન આપતી અને વિધવિધ પોશાક અને લાવણ્યતા તથા હાવભાવથી મુનિને પલાળવા મથતી. પરંતુ અગ્નિનું જોર જળ પાસે શું ચાલે? છેવટે કામથી વિહ્‌વળ બનેલી ગણિકાએ સ્પષ્ટ શબ્દોમ

માગણી કરી ત્યારે મુનિએ તેને ઉપદેશના રૂપમાં જવાબ વાળ્યો કે, "**હે કોશ્યા! આ જીવે બહુ બહુ ભોગ ભોગવ્યા છે, પરંતુ તે કદી તૃપ્તિ પામ્યો નથી. કામ ભોગ શલ્ય છે, હલાહલ વિષ છે. તે કામભોગ નહિ ભોગવવા છતાં માત્ર તેની ઈચ્છા કરવાથી પણ અસંખ્ય જીવો દુર્ગતિ પામ્યા છે. વળી વિષય માત્ર કાયર જનોનેજ વિહ્વળ કરે છે; તંતુ માત્ર મચ્છરનેજ બાંધી શકે છે. વળી એક મૈથુન પ્રસંગે નવ લાખ સુક્ષ્મ જીવોની હિંસા થાય છે એવું શાસ્ત્ર વચન છે.**" આ વચનામૃતથી જાણે કે નવોજ અવતાર પામી હોય તેમ તે કોશ્યા ગણિકા ગણિકા મટી—ગુણીયલ શ્રાવિકા બની.

વસંત, કોયલ, પંચમરાગ અને ચંદ્ર જેવા સુભટો છતાં, અને હરિ, શિવ, બ્રહ્મા આદિ કિંકરો છતાં કામદેવ એક મુનિથી હણાયો એ કેવી આશ્ચર્યજનક કથા છે! હે રતિપતિ મદન! આ સ્થુળભદ્ર મુનિને તું કદાચ નંદિષેણ, રથનેમી, અને આર્દ્રકુમાર તુલ્ય ગણતો હોઈશ, પણ શું તને ખબર નથી કે એમણે તો શ્રી નેમિનાથ, શ્રી જંબુસ્વામી અને શ્રી સુદર્શન શેઠની પંક્તિમાં ચોથા થઈને તને રણ-ક્ષેત્રને વિષે હણવાજ અવતાર લીધો છે? વળી સરખામણી કરવા જતાં શ્રી નેમીનાથ કરતાં પણ શ્રી સ્થૂળભદ્ર ઉત્તમ વીર મનાય છે કારણ કે શ્રી નેમીનાથે તો ગિરનાર ઉપર ચઢીને મોહને જીત્યો હતો પરંતુ શ્રી સ્થૂળભદ્રજીએ તો મોહનાંજ કિલ્લામાં પ્રવેશ કરીને તેને જીત્યો!

ચાતુર્માસ પુરૂં થયું અને શ્રી સ્થૂળભદ્ર તથા બીજા ત્રણે શિષ્યો ગુરૂ પાસે આવ્યા. ગુરૂએ ત્રણેને "તમે દુષ્કર કર્યું છે!" એવા શબ્દથી ધન્યવાદ આપ્યો પણ શ્રી સ્થૂળભદ્રને આવતા જોઇ આસનથી ઉઠી. ગુરૂએ કહ્યું કે "અહો! તમે અતિ દુષ્કર કર્યું છે!!"

ત્રણે શિષ્યોને ગુરૂનો પક્ષપાત જણાયો. તેઓ માંહોમાંહે કહેવા લાગ્યા કે "ષટ્રસ ભોજન ખાતાં છતાં વેશ્યાના ઘરમાં ચાતુર્માસ રહેનારા આ સ્થૂળભદ્ર સંસાર પક્ષે પ્રધાનપુત્ર હતા તેથી ગુરૂજી તેમને વધારે માન આપે છે અને આપણે સિંહની ગુફા આદિ વિકટ સ્થળે અનેક પરિસહ સહન કરી કાયોત્સર્ગમાં ચાતુર્માસ ગુજાર્યું તોપણ ગુરૂને કાંઇ હિસાબમાંએ નથી. માટે હવે આપણામાંના એકે હવેનું ચાતુર્માસ કોસ્યાને ઘેરજ કરવું." એમ નિશ્ચય કર્યા બાદ વખત જતાં, બીજા ચાતુર્માસના સમય પહેલાં ત્રણે શિષ્યોએ ગુરૂને કહ્યું કે, "અમને આ ચાતુર્માસ કોસ્યાની ચિત્રશાળામાં કરવા દો." યોગ્યાયોગ્યતાના જાણકાર ગુરૂએ કહ્યું કે, "સ્થૂળભદ્રે કર્યું તેવું કોઈ કરી શકે તેમ નથી. માટે તમે તેનો વાદ લેવો જવા દો. નહિ તો પૂર્વનું પુણ્ય પણ ખોઇ બેસશો."

છતાં ગુરૂના નિષેધને નહિ માન્ય કરતાં ત્રણમાંનો એક શિષ્ય વેશ્યાના ઘેર ચાતુર્માસ રહેવા ગયો. ગણિકા સમજી કે મોટી શેખીવાળા મુનિ આવ્યા તો છે પણ ભાર ખોઇને જવાના છે. તેણે તેને ષટ્રસ ભોજન જમાડયાં પરંતુ રખેને તે પોતાનું વ્રત ચૂકે અને મને પણ દોષિત કરે એ ડરથી તેણે ઝાઝા શણગાર, હાવભાવ, દૃષ્ટિપ્રહાર વગેરે કાંઈ કર્યું નહિ. તેમ છતાં નવયૌવનાની કુદરતી સુંદરતા ગમે તેટલો ઢાંક પીછોડો કરવા છતાં વચ્ચે વચ્ચેથી ઝળકી ઉઠતી તે જોઈ મુનિ વિહ્વળ બની ગયા અને શરમ છોડીને અયોગ્ય માગણીઓ કરવા લાગ્યા. અગ્નિ કોને નથી બાળતી ? લક્ષ્મી કોને મોહ નથી પમાડતી ? વિધાતાને વશ કોણ થતું નથી ? છતાં એ ત્રણે સ્ત્રીઓજ છે.

મુનિને વિષયાંધ બન્યા જોઈ ગણિકાએ કહ્યું કે "અમારે તો દ્રવ્ય જોઇએ." મુનિ બોલ્યાઃ "હાલ તે મારી પાસે નથી પણ પછીથી લાવી આપીશ." શ્રી સ્થૂળભદ્રના બોધથી ગુણીઅલ બનેલી

ગણિકાએ તેને પ્રતિબોધ પમાડવા અર્થે કહ્યું કે " હે મુનિ ! ભોગની ઇચ્છા હોય તો જાઓ **ને**પાળ દેશમાં, ત્યાંનો રાજા સાધુઓને લક્ષમૂલી રત્નકાંબળ આપે છે, તે લઇ આવીને તમારૂં ઇચ્છિત કરો."

એકલો કામજ નહિ પણ ક્રોધ, લોભ, મોહ આદિ આઠે શત્રુઓનો સ્વભાવ છે કે જેમના ઉપર તે હુમલો કરે તેમને અગાઉથી અંધ બનાવી દે છે, કે જેથી તે ફાવી શકેજ નહિ. તેવી રીતે આ મુનિ પણ કામથી અંધ બની ચોમાસાનો કાદવ કચરો ખુંદતાં એટલી દૂર ભૂમિએ ગયા અને રત્નકાંબળ લઇ પાછા ફર્યા. રસ્તામાં **પ**લ્લિપતિનો પોપટ તેને જોઇને બોલ્યો કે " લક્ષ જાય છે ! લક્ષ જાય છે ! ! " એ સાંભળીને પલ્લિપતિએ મુનિને પકડી લક્ષદામની કાંબળ લુંટી લીધી. છતાં નાહિમ્મત નહિ થતાં રૂપ બદલી બીજીવાર **ને**પાળ જઇ પોકળ વાંસમાં રત્નકાંબળ ઘાલી સહિસલામત વેસ્યા પાસે આવ્યા. અહો ! **આવીજ દૃઢતા, આવીજ હિમ્મત તથા આવોજ રાગ ધર્મમાં હોય તો મોક્ષસુખ કેટલું બધું નજીક થઈ પડે?**

વેસ્યાએ તે ભેટ લઇને, સ્નાન કરી, તે વડે શરીર લુછી ખાળમાં ફેંકી દીધી. એ જોઇ આશ્ચર્ય પામેલા મુનિ બોલ્યા કે, " અહો **કોસ્યા**! સુજ્ઞ છતાં, મહા મહેનતે મેળવેલી આ મહામુલી રત્નકાંબળ આમ ખાળમાં શા માટે ફેંકી દે છે?" કોસ્યા બોલીઃ **" અહો ઉત્તમ પ્રાણી ! સુજ્ઞ છતાં, અત્યંત મુશીબતે મેળવેલો આ માનવભવ- નિરોગી દેહ- ઉત્તમોત્તમ ધર્મ અને તેમાં વળી આ શ્રેષ્ટ મુનિવ્રત આમ મારા જેવી જગતની ચાટ જેવી ખાળમાં ફેંકી દેવા શા માટે ઉત્સુક થયા છો ?** તમને જ્યારે એક લક્ષ મૂલ્યની પણ નાશવંત કાંબળ માટે આટલી દરકાર છે તો જેનું મૂલ્ય થઈ શકે નહિ તેવા અને નાશવંત સ્થિતિથી બચાવનારા આ મુનિવ્રતને કેમ તૃણવત્ લેખો છો ? "

કામે હરી લીધેલાં ચક્ષુ એક ગણિકાએ ઉઘાડયાં અને મુનિ હવે પોતાનો મહા દોષ પ્રત્યક્ષ જોવા લાગ્યા. પછી તે ગણિકાને ખમાવી (ક્ષમા માગી) તેનો ઉપકાર માની ગુરૂ પાસે ગયા. અને પોતાનાં પાપો આળોવ્યાં.

મુનિ શ્રી **સ્થૂ**ળભદ્રજી ચૌદ પૂર્વના ધારણહાર થઈ, તપશ્ચર્યા કરતા અનેક ભવ્ય જીવોને પ્રતિબોધતા વિચરતા. તેમના સ્વર્ગવાસ પછી ચાર પૂર્વ વિચ્છેદ ગયાં.

આ વાર્તાનો ઉપદેશ સર્વ કોઈ સ્હેલાઈથી સમજી શકે તેમ છે. એમાં એક ખરેખરા શિયળવંત મહા પુરૂષનું ચરિત્ર વર્ણવ્યું છે. વળી આ વાત ઉપરથી એમ પણ સમજાય છે કે, સ્ત્રી અથવા પુરૂષના શિયળની પરીક્ષા ક્યારે થાય કે જ્યારે એકાંત મળવા છતાં તથા એક બીજાનાં અંગોપાંગ નિરખવા છતાં તેમજ રૂપ, ગુણ, દ્રવ્ય, સત્તા આદિ હજારો લાલચો છતાં ચળિત થાય નહિ ત્યારે જ. કેટલાક વીર્યહિન હોવાથી, કેટલાક કુરૂપ હોવાથી, કેટલાક પ્રસંગ નહિ મળવાથી, કેટલાક ઉપર જાપતો હોવાથી અને કેટલાક શરમાળ હોવાથી પરસ્ત્રી ભોગવી ન શકે તેથી તેઓ કાંઈ શિયળવંત કહેવાય નહિ. પણ જ્યારે ઉપર પ્રમાણે લાલચો છતાં વિષય જાળમાં ન લપટાય ત્યારે તેને ખરો શિયળવંત કહેવો. અને એવા પુરૂષનુંજ મુખવચન ફળે છે. નિર્ધન, ત્યાગી કહેવાય નહિ પણ જે છતાભોગ વૈભોગ છાંડે તેજ ત્યાગી કહેવાય.

અગ્નિમાં પ્રવેશ કરવા છતાં જે દાઝયા નહિ, ખડ્ગના અગ્ર ભાગને પામવા છતાં છેદાયા નહિ, કાળા સર્પના જડબામાં સુવા છતાં દંશ પામ્યા નહિ અને કાજળના ઘરમાં રહેવા છતાં જેનો લેશમાત્ર ડાઘ લાગ્યો નહિ એવા શ્રી **સ્થૂ**ળભદ્રજી સર્વને શિયળથી દીપતા અને ધર્મથી શોભતા બનાવો !

દોહરો.

વેદ પઠન કવિ ચાતુરી, સઘળી વાતો સ્હેલ;
આભ ચઢન ઇંદ્રીદમન, કામજીતન મુશ્કેલ.

સત્ય બોલતાં સાચવવાનો વિવેક.

ભરતક્ષેત્રના રાજપુર નગરમાં હંસરાજા રાજ્ય કરતો હતો. તે મૃષાવાદ વિરમણ વ્રતનો જબરો આરાધક હતો. એનું આખું ચરિત્ર આપવા માટે નહિ, પણ તેનું સત્ય કેવા પ્રકારનું હતું તે જણાવવા અર્થે, એક પ્રસંગનો ઇતિહાસ અત્રે આપીશું.

એકદા, જંગલમાં ફરતાં હંસરાજાની દૃષ્ટિએ એક મૃગ પડ્યો. થોડી વાર પછી તીરકામઠા સહિત દોડતો એક ભિલ્લ તેની પાસે આવીને પૂછવા લાગ્યો કે, " આ રસ્તે મૃગ નાઠો છે તે મારો ભક્ષ છે, માટે તે ક્યાં ગયો તે મને કહે."

રાજાએ વિચાર્યું કે, જો હું સત્ય કહીશ તો મૃગનો વધ થશે અને અસત્ય કહીશ તો વ્રતનો ભંગ થશે. માટે તેણે બુદ્ધિબળ વાપરીને કહ્યું કે, " ભાઈ! તું મને પૂછે છે તો હું કહું છું કે, માર્ગમાં ભુલો પડવાથી હું અહીં આવી ચડ્યો છું." ભિલ્લ કહે, " અરે! હું તને તે પૂછતો નથી. હું તો એમ જાણવા માગું છું કે, મૃગ ક્યાં ગયો?" રાજાએ ફરીથી કહ્યું; " બંધુ! મારૂં નામ હંસ છે." ભિલ્લે કહ્યું: " પણ તને નામ કોણ પૂછે છે? બોલ કે મૃગ કઇ દિશામાં નાઠો?" રાજાએ કહ્યું: " મારૂં ઘર રાજપુરમાં છે."

ભિલ્લ ગુસ્સે થઇને બોલ્યો: " અરે મૂર્ખ! જે પૂછું છું તે બોલની?" ફરી રાજાએ કહ્યું: " જો તું મારૂં કૂળ પૂછતો હોય તો હું ક્ષત્રિય છું." ભિલ્લ કહે: " શું તું બહેરો છે!" રાજા કહે: " તું જે માર્ગે જવાનું કહીશ તે માર્ગે જઇશ."

હવે ભિલ્લ સમજ્યો કે આ કોઇ બહેરો હશે; તેથી તેને મુકીને ચાલ્યો ગયો.

રાજા આગળ ચાલ્યો ત્યાં તેમણે એક મુનિને જોયા. તેમને વંદન કરી આગળ ચાલવું શરૂ કર્યું. એવામાં લાલ નેત્રવાળા બે ભિલ્લો તેને મળ્યા, તેમણે તેને કહ્યું કે, "હે મુસાફર! આ વનમાં એક મલ્લપતિ રહે છે તે ઘણે દિવસે ચોરી માટે પ્રયાણ કરતો હતો તેવામાં એક સાધુએ સામા આવીને અપશુકન કર્યા, તેથી તેને મારવા તે મલ્લપતિએ અમને મોકલ્યા છે. માટે તે મુંડી કઈ દિશામાં ગયો તે અમને કહે."

અહીં પણ રાજાને વિચારવા જેવી વાત થઇ પડી. તેણે કહ્યું: "તમે શું કહો છો?" ભિલ્લોએ કહ્યું: "સાંભળ, તે સાધુ તારી આગળ થઇને ક્યાં ગયો? તે અમને કહે એટલે અમે તેનો વધ કરીએ." રાજા કહે:" અરે ભિલ્લો! જે *જુએ છે તે બોલતાં નથી અને જે †બોલે છે તે જોતી નથી." ભિલ્લો કહે: "અમે તો એમ પૂછીએ છીએ કે, તે સાધુ ક્યાં ગયો?" ફરીથી રાજાએ તેજ ઉત્તર આપ્યો કે, "જે જુએ છે તે બોલતાં નથી અને જે બોલે છે તે જોતી નથી."

ભિલ્લો તેને ગાંડો સમજી રસ્તે પડયા. રાજા પણ ચાલ્યો. સંધ્યા સમયે એક વૃક્ષ તળે બેસી તેણે પ્રતિક્રમણ કીધું. હવે એજ વૃક્ષ ઉપર કેટલાક લુંટારાઓ સંતાઇને વાતો કરતા હતા કે, "આ જગાએ સમૃદ્ધિવાળો સંઘ આવશે, તેમાંના કેટલાકનો જીવ લઇને બીજાને નસાડી મુકવા અને સર્વ ધન આપણે લઈ લેવું."

રાજા પ્રતિક્રમણ કરી રહ્યો એટલામાં કેટલાક સુભટો હથીઆર સજીને તથા દીવીવાળા માણસોને લઇને ત્યાં આવી તેને પૂછવા લાગ્યા કે, "આર્ય! તેં કોઇ પણ ચોરને આ રસ્તે જોયા? તેઓ એક સંઘને લુંટનારા સંભળાય છે અને તેમને પકડી મારવા માટે રિપુમર્દન રાજાએ અમને મોકલ્યા છે."

---

* બે નેત્રો. † જીભ.

અહીં પણ રાજા વિચારમાં પડયો. જો તે ખરૂં કહે છે તો પંચેન્દ્રિય જીવોની હિંસાનો દોષ વ્હોરે છે અને ખોટું કહે છે તો વ્રત ભંગ થવા ઉપરાંત પૂજ્ય સંઘના વિનાશના કારણરૂપ બને છે. તેથી તેણે કહ્યું: " સુભટો ! મેં ચોરોને દૃષ્ટિથી જોયા નથી. પરંતુ તમારે સંઘની પાસે જવા વિલંબ કરવો યોગ્ય નથી. તમે ત્યાં જઇ સંઘનું રક્ષણ કરો, તે ચોરો પણ ત્યાં આવશે. તમે જલદી જઈ પહોંચશો તો તમને મહા પુણ્ય થશે. " સુભટોએ તેમ કર્યું. તેઓ ચાલ્યા.

પેલા લુંટારા વૃક્ષોમાંથી ઉતરી રાજાના પગે પડયા " અહો પવિત્ર પુરૂષ ! અમારી વાત સાંભળવા છતાં અમારા પ્રાણ બચાવવા ખાતર તમે તે ચાહન નહિ કરી, વળી જૂઠું પણ ન બોલ્યા એ તમારી દયા, સત્યતા અને બુદ્ધિની અવધિ છે. પ્રાણદાતા ! અમે જીંદગી પર્યંત તમારા આભારી રહીશું. " એમ કહી તેઓ રસ્તે પડયા.

પાછળથી તુરતમાંજ કેટલાક ઘોડેસ્વારોએ આવીને રાજાને પૂછ્યું કે " હે પથિક ! અમારા રાજા દંડીએ રાજપુર નગર જીતી લેવાથી ત્યાંનો રાજા હંસ નાશી ગયો છે, તેને મારવા અમને મોકલ્યા છે. માટે તે રાજા તારા જોવામાં હોય તો કહે. "

રાજાએ વિચાર્યું કે " પોતાના પ્રાણ માટે કોણ મૃષાવાદ બોલે ? ભલે મારૂં જીવિત નાશ પામે ! પણ હું મૃષા ભાષણ નહિ કરૂં. " એમ વિચારી તેણે ઉત્તર આપ્યો: " હે સુભટો ! હું પોતેજ હંસ રાજા છું. " એમ કહી પોતે નમોકાર મંત્રનું સ્મરણ કરી સ્થિર થઇ ઉભો.

વ્રતમાં સ્થિરતા અને નમોકાર મંત્રના ધ્યાનમાં સ્થિરતા (અર્થાત્ રમણતા) એમાં એવી સત્તા છે કે તે ન કરે તેટલું થોડું. દેવદુંદુભિના શબ્દસહિત પુષ્પવૃષ્ટિ થઇ અને આકાશવાણી થઇ કે, " હે સત્યવાદી રાજા ! તું જય પામ ! જય પામ ! "

આગળ પાછળની વાત વિસ્તારી કહેવા સાથે આપણને કામ નથી. ટુંકામાં કહી લેવા દો કે, તેને દેવ સહાયથી રાજ્યવૈભવ પાછાં મળ્યાં અને સુખરૂપ જીંદગી ગુજારી, છેવટે ઉત્તમ ગતિ પામ્યો.

સત્યનો વિજયજ છે. પણ સત્ય બોલવામાં પણ બુદ્ધિ વાપરવાની જરૂર છે.. વેદમાં પણ કહ્યું છે કે. " **सत्यं ब्रुहि, प्रियं ब्रुहि.** "

દોહરો.

સત્ય વચન વદતાં થકાં, જીવહિંસા જો થાય;
મૌન રહેવું, કે બોલવું-વિવેકની લે સહાય.

વ્રત ખંડિત નહિ કરવાનું ફળ.

વસંતપુર નગરથી વિહાર કરીને કેટલાએક સાધુઓ બીજે ગામ જતા હતા. રસ્તામાં એક વૃદ્ધ સાધુ પાછળ રહેવાથી ભુલા પડ્યા અને એક ભયંકર વનમાં જઇ ચઢ્યા. આ વખતે ચૈત્ર માસનો દિવસ અને ખરો મધ્યાન્હકાળ હોવાથી ભૂખ, તરસ અને તાપથી આકુળવ્યાકુળ થઇને વૃદ્ધ મુનિ વૃક્ષની છાયાએ આરામ લેવા બેઠા. ત્યાં એક **દેવદત્ત** નામના કઠિયારાને લાકડાં કાપતો જોઇ કહેવા લાગ્યા કે, " હે ભાઇ! મને તરસ ઘણી લાગેલી છે પણ ટાઢું પાણી અમારાથી પીવાય નહિ માટે જો તારી પાસે છાશ હોય તો તે તું મને વહોરાવ. કઠિયારે ખુશાલીથી છાશ અને કડકો રોટલો સાધુને વહોરાવ્યાં. સાધુએ એકાંત જગોમાં બેશી આહાર પાણી કરી ભૂખ તરસનો પરિસહ દૂર કીધો. પછી કઠિયારાને થોડે છેટે સુધી રસ્તો બતાવવાને સાથે લીધો. કઠિયારો સાધુને સીધે રસ્તે ચઢાવી પાછો વળતો હતો તે વખતે તેને સાધુએ

કહ્યું કે, "હે દેવદત્ત કઠિયારા! તેં મને આહાર પાણીથી સંતોષી ભયંકર અટવીમાંથી બહાર નીકળવાને સીધો રસ્તો બતાવ્યો તો હું પણ તને આ સંસાર રૂપી ભયંકર અટવીથી બહાર નીકળવાને સીધો રસ્તો બતાવું તે તું ગ્રહણ કરીશ?"

કઠિઆરો—હા બાપજી, આપ જેમ કહેશો તે પ્રમાણે કરવા હું કબુલ છું.

સાધુ—'દર પૂર્ણિમાના દિવસે શિયળ પાળવું.' એવું વ્રત અંગિકાર કરાવું તે તું કર.

કઠિયારો—બાપજી, હું જન્મથી કુંવારો છું. વળી ગરીબ હાલતનો હોવાથી મને સ્ત્રી મળી શકે તેમ નથી તો મને જીવું ત્યાં સુધી એ વ્રત અંગિકાર કરાવો.

સાધુ—તારાથી જીંદગી પર્યંત એ વ્રત પળી શકે નહિ, પણ માત્ર એક પૂર્ણિમાના દિવસે પાળવું એવાં પચખાણ (પ્રત્યાખ્યાન) કરાવું છું તે તું બરાબર પાળજે.

કઠિયારો—બહુ સારૂં બાપજી, હું તે બરાબર પાળીશ. એમ કહી વ્રત અંગિકાર કર્યું.

સાધુજી, કઠિયારાને વ્રત અંગિકાર કરાવી ચાલતા થયા અને કઠિયારો પોતે કાપેલાં લાકડાના ઢગલા પાસે આવ્યો.

અનુક્રમે કેટલાએક દિવસ વ્યતીત થયા પછી **દેવદત્ત** કઠિયારો એક દિવસ **વસંતપુર** નગરના વિષે લાકડાં વેચવા ગયો, ત્યાં **કામલત્તા** નામની એક મહારૂપવંત ગણિકાને જોઇને મોહિત થયો અને તેનાથી વિષય ભોગવવાની ઇચ્છાએ એક પુરૂષને પુછવા લાગ્યો કે—"હે ભાઇ! આ ગણિકા, વિષય ભોગના કેટલા દામ લેતી હશે?" આ વચન સાંભળી પેલો પુરૂષ તેને હાસ્ય અને ધિક્કારના વચને કહેવા લાગ્યો કે, 'હે મૂર્ખ! તને શેર ધાન્ય ખાવા તો મળતું નથી છતાં

અમૃત ફળની ઇચ્છા કરે છે તે શા કામની છે? તેની સરત એક સોના મહોરની છે, તે તારી આખી જીંદગીમાં પણ તને ક્યાંથી મળવાની હતી? ત્યારે તું આવી ખોટી ઇચ્છા શા માટે કરે છે?'

કઠિયારો, ઉપરનાં વચન સાંભળી બોલ્યા ચાલ્યા વગર નીચા મોંઢે ત્યાંથી ચાલતો થયો, પણ તેના હૃદયમાં કામદેવનું કારી બાણ વાગ્યું તેથી વિષય ભોગવવાની ઇચ્છાને તદ્દન આધીન થઇ ગયો. તેણે તે દિવસથી એવો નિયમ લીધો કે, લાકડાં વેચતાં જે કાંઇ મળે તેમાંથી અર્ધા દામ કોરે મુકી બાકીના વડે પોતાનું ગુજરાન ચલાવવું.

નિયમ પ્રમાણે દરરોજ થોડું થોડું બચાવતાં બે ચાર વરસે રૂ. ૧૫) ના પૈસા ભેગા કર્યા, તે લેઇ એક દિવસ કોઇ શાહુકારને ત્યાં વટાવી તેની એક મહોર લેઇ રાત્રિના સમયે પેલી કામલત્તા ગણિકાના ઘેર ગયો અને તેને મહોર આપી પોતાની ઇચ્છા જણાવી. ગણિકા, કઠિયારાને માન્યપૂર્વક યોગ્ય આસને બેસાડી સ્નાન કરી વસ્ત્રાલંકાર પહેરી ઘરના આગલા ભાગની અગાશી ઉપર આવી, ત્યાં પૂર્ણિમાના ચંદ્રનો સંપૂર્ણ પ્રકાશ અને ચંદની રાત ખીલેલી જોઇ પોતાની દાસીને કહેવા લાગી કે—" હે દાસી, આ પૂર્ણિમાની રાત્રિ કેવી ખીલી રહી છે?"

દાસી અને ગણિકાને સરદપુનમની રાત્રિની શોભાનું વર્ણન કરતાં સાંભળી કઠિયારાને સ્વપ્નવત્ પોતાએ લીધેલા પૂર્ણિમાના વ્રતની સ્મૃતિ થઇ આવી, એટલે તરતજ પેલાં બન્નેની સરત ચૂકાવી ગુપ્ત રીતે ત્યાંથી પલાયન કરી ગયો. રસ્તામાં ચાલતાં વિચારવા લાગ્યો કે, " સારૂં થયું કે મેં દાસી અને ગણિકાના મુખની વાત સાંભળી, નહિ તો આજે મારૂં માથા સાટે લીધેલું પૂર્ણિમાનું વ્રત ખંડિત થાત. એમ વિચાર કરતો ઘેર આવ્યો.

હવે અહીં ગણિકા, કઠિયારાની વાટ જોતી બેઠી છે પણ તે મોડી રાત સુધી આવ્યો નહિ, તેથી દાસીને ખોળવા મોકલી, પરંતુ તેનો પત્તો લાગ્યો નહિ. તેથી વિસ્મય પામી વિચારવા લાગી કે–" એ માણસ પૈસા પહેલા આપીને કેમ ચાલતો થયો હશે ? શું તે મારી પરીક્ષા કે ચર્ચા જોવા આવ્યો હશે અગર કાંઈ ચોરી જવા આવ્યો હશે ?" એમ ભિન્ન ભિન્ન વિચારમાં આખી રાત્રિ તેને ઉંઘ આવી નહિ. બીજે દિવસે સવારમાં ગણિકા પંડે કઠિયારાનો શોધ કરવા નીકળી, તો એક શાહુકારને ઘેર તેને લાકડાં કાપતાં જોયો. એટલે વિસ્મય પામી તેના હાથ ઝાલી પોતાના ઘર તરફ ખેંચવા મંડી. કઠિયારો કહે, " કેમ બાઈ, મને શા માટે ખેંચે છે ? મેં તારો કાંઈ ગુન્હો કીધો નથી. પણ ઉલટું મારી મહોર તારી પાસે રહી છે. મેં તારૂં કાંઇ લીધું હોય તો કહે ?"

ગણિકા, કઠિયારાને સમજાવીને પોતાને ઘેર તેડી ગઈ અને તેને રાત્રે નાશી જવાનું કારણ પૂછ્યું, તો તેણે પોતાએ લીધેલું પૂર્ણિમાનું વ્રત ભંગ થવાનું જણાવ્યું. આ વાત સાંભળી ગણિકા વિસ્મય પામી વિચારવા લાગી કે–" ભલા ભગવન્ ! આવો સત્યવંત અને અડગ પુરૂષ આવી ગરીબ હાલતમાં પણ છે ખરો ! જેણે સખત મજુરી કરી અર્ધ ભૂખ વેઠી લાંબી મુદત સુધી સંગ્રહ કરેલું દ્રવ્ય, મને આપી કામ ભોગની ઇચ્છા પરિપૂર્ણ કરવાનું ધારેલું; તે ઇચ્છા, વ્રત ખંડિત થવાના કારણથી પૂર્ણ નહિ કરતાં અને મહા કષ્ટે બચાવેલા પૈસાની પણ દરકાર નહિ રાખતાં એકદમ કામભોગની ઇચ્છાને દબાવી દેઈ ઘેર ચાલતો થયો એ કેવું અદ્‌ભૂત કાર્ય ! માટે મારે આ પુરૂષથીજ ઘર માંડીને રહેવું એ સારૂં છે. મારી પાસે દ્રવ્ય પુષ્કળ છે તો હવે અન્ય પુરૂષોથી શા માટે એ દુષ્કૃત્ય કરવું જોઇએ ?" એમ વિચારી એ કઠિયારાને પોતાની તમામ મિલ્કત સોંપી તેની અર્ધાંગના (સ્ત્રી) થઇ રહી.

એક દિવસ કઠિયારાને ભાન થઇ આવ્યું કે, " ધન્ય છે ! આ વ્રત અખંડિતના મહિમાને ! મને માત્ર એકજ વ્રત પાળવાથી આટલો બધો લાભ મળ્યો તો બીજાં વ્રત પાળવાથી કેટલો બધો લાભ મળવાનો ? એમ વિચારી પોતે તથા ગણિકાએ શ્રાવકનાં બાર વ્રત અંગિકાર કીધાં.

દોહરો.

ત્રિયોગે કરી પાળવું, વ્રત ખાંડાની ધાર;
કષ્ટ પડયે નવી ભાગતાં, મહાન ફળ મળનાર.

મોટાનું મન મોટું !

ભરત રાજાએ સર્વ ભૂમિ વશ કરી ત્યારે તેના મંત્રીએ તેને કહ્યું કે, " તમે સમજતા હશો કે હું અજિત છું; પણ બળિષ્ટ બંધુ **બા**હુબળજીને જીત્યા નથી ત્યાં સુધી તમારી જીત અપૂર્ણજ ગણાશે." આથી ઉશ્કેરાઇને **ભ**રત ચક્રવર્તીએ **બા**હુબળીને ત્યાં દૂત મોકલ્યો. દૂતે બાહુબળ પાસે પોતાના નાથનું સામર્થ્ય કહ્યું અને વળી કહ્યું કે, " એવા સમર્થ રાજનની આણ માન્યા સિવાય તમારો છૂટકો નથી." **બા**હુબળે અપમાન ભર્યા હાસ્ય સાથે બેદરકારીથી જવાબ વાળ્યો કે, " હું તે બળિષ્ટના બળની કસોટી કરવા માગું છું. માટે જા જઇને કહે કે યુદ્ધ કરવા કાલે આવતા હોય તો હમણાંજ આવે ! "

દૂતે પોતાના પતિને સંદેશો કહ્યો કે લાગલીજ રણસંગ્રામની તૈયારીઓ થવા લાગી. ૮૪ લાખ હાથી, તેટલાજ ઘોડા, તેટલાજ રથ, તેટલાજ નિશાન ડંકા ઉપરાંત ૯૬ કરોડ પાયદળ: એવા મહાન

સૈન્ય સહિત **ભ**રત ચક્રવર્તી, **બા**હુબળજીના બહોળી દેશની સીમમાં આવી પહોંચ્યા. **બા**હુબળજીને ત્રણ લાખ તો પુત્રજ હતા, તો પછી બીજા સૈન્યનું તો પૂછવુંજ શું ? આ બે મહાસૈન્યોનું યુદ્ધ બાર વરસ સુધી ચાલવા છતાં ફતેહે કોઇનો પક્ષ કીધો નહિ, ત્યારે **સુધર્મેન્દ્ર** દેવ આવીને બોલ્યા કે, "નાહક અસંખ્ય યોદ્ધાઓનાં લોહી વહેવડાવવા કરતાં તમે બે રાજન્ જો દ્વંદ્વ યુદ્ધ કરો તો ટંટાનું પરિણામ જલદી આવશે." એ સાંભળી બંને શૂરાઓ તે સલાહ કબુલ કરી દ્વંદ્વ યુદ્ધ માટે સજ્જ થયા.

આ દ્વંદ્વ યુદ્ધનું પરિણામ પાંચ કસોટીઓ ઉપર હતું. પ્રથમ દૃષ્ટિ યુદ્ધ, પછી વચન યુદ્ધ, પછી બાહુ યુદ્ધ, પછી મુષ્ટિ યુદ્ધ અને છેવટે દંડ–યુદ્ધ : એ પાંચ કસોટીઓમાંથી બંને બાંધવોને પસાર થવાનું હતું.

પ્રથમ કસોટી માટે તૈયાર થયેલા **ભ**રતરાજે નજર તાકી તો થોડી વારમાં આંખો અશ્રુમય થઈ રહી. પછી તેમણે સિંહનાદ કીધો, કે જેને **બા**હુબળના બેડાનાદે ઢાંકી દીધો. **ભ**રતજીએ હાથ લંબાવ્યો તેને **બા**હુબળે તુરત વાળી નાખ્યો. ચોથી કસોટી માટે જ્યારે **ભ**રતે બંધુના માથામાં મુઠી મારી ત્યારે તે જાંગ સુધી જમીનમાં ઉતરી ગયા, **બા**હુબળે તેવીજ રીતે મુઠી મારીને તેમને કંઠ સુધી જમીનમાં ઉતારી દીધા. પછી **ભ**રતે દંડ વતી **બા**હુબળનો મુગટ ભાગ્યો એટલે **બા**હુબળે પોતાના દંડથી તેમના બખ્તરના ટુકડે ટુકડા કીધા. તે વારે લડાઇના સાક્ષીભૂત દેવોએ ત્યાં આગળ **બા**હુબળની જીતનો પોકાર કીધો અને તેના ઉપર ફુલની વૃષ્ટિ કરી.

પ્રતિપક્ષીનું આટલું બધું માન અને પોતાનું આવું સજ્જડ અપમાન સહન નહિ થવાથી **ભ**રતરાયે ઉશ્કેરાઇને બંધુને હણવા તેના **ભણી** ચક્ર મૂક્યું; પરંતુ તે ચક્ર ઘરની પ્રદક્ષિણા કરીને પાછું પોતાની પાસે

આવ્યું. આ ઉદ્ધત કામથી ચીડાઈ **બા**હુબળે **ભ**રતને ચકચુર કરવા જોરથી મુઠી ઉગામી.

કથાનું ખરૂં રહસ્ય તો અહીંજ રહેલું છે. આ વાર્તામાં જો કાંઈ પણ રસ હોય, કાંઈ પણ શિખામણ લેવા જેવું હોય તો તે માત્ર આ બનાવજ છે, તે એ કે **ભ**રતને ચકચુર કરવા ઉગામેલી મુઠીનુ જોર **બા**હુબળે પોતાનાજ શિરના કેશ ઉપર અજમાવ્યું ! ઉત્તમ અને સુજ્ઞ **બા**હુબળે વિચાર કર્યો કે, " શું શક્તિનો આવો ખોટો ઉપયોગ કરવો ? પોતાનાજ ભાઇને મારવો ? શું પોતાનાજ ઘરમાં અશુચી (અપવિત્રતા) કરવી ? " વળી વિચાર થયો કે, " ત્યારે શું મારી ઉગામેલી મુઠી પાછી પણ ફરે ? " એમ, ' મોંમાં છછુંદર પકડેલા સાપ'ની સ્થિતિ પામેલા પુણ્યવંત **બા**હુબળે તેજ મુઠીથી પોતાના કેશનો લોચ કીધો—સંયમ ગ્રહણ કીધો ! આહાહા ! મહાન્ પુરૂષો કેવા ઉદાર દીલના હોય છે ! જેવા તેઓ બાંધવામાં શૂરા હોય છે તેવાજ છોડવામાં પણ હોય છે.

શરમિંદા થયેલા **ભ**રતેશ્વર કાલાવાલા કરવા લાગ્યા કે, " હે બંધુ, મારો આટલો અપરાધ ખમો ! હું ઓછો (ઓછી બુદ્ધિવાળો) અને ઉછાંછળો છું અને તમે તો મહાસાગર જેવા મોટા દીલના છો. મેં પાપીએ ૯૮ બંધવનાં રાજ્યો પચાવ્યાં, તોપણ તૃપ્ત નહિ થતાં નવાણુંમા ભાઈ તમને પણ લુંટવા અને છેવટે તેમાં નહિ ફાવતાં અન્યાયથી મારવા તત્પર થયો, માટે મને તથા મારા આ અનંત લોભને ધિક્કાર હો ! હવે મારૂં આ સર્વ રાજ્ય તમે સુખેથી ભોગવો ! " **આટલું કહેવા છતાં પણ બાહુબળજી** સંસાર સાગરમાં પાછા ફરવા **નહિ લલચાતાં સંયમ** લઇ, ખાંડાની ધાર પેઠે તે પાળી, કૈવલ્યજ્ઞાન **પામી મોક્ષે પહોંચ્યા.**

કોઇ કોળી-નાળી જેવું શરીર-બળ મેળવીને, કોઇ ધન સંપાદન કરીને, કોઇ વિદ્યા કે સત્તા પામીને પોતાનાજ સ્વજનો (જ્ઞાતિજનો, સ્વધર્મીઓ, સ્વદેશીઓ કે કુટુંબીઓ) ઉપર પોતાનું સામર્થ્ય અજમાવવા તૈયાર થાય છે, તેવા લોકોએ આ મહા બળિષ્ટ, ઋદ્ધિ-સ્મૃદ્ધિવંત અને સમર્થ છતાં સુજ્ઞ તથા ક્ષમાગુણી પુરૂષનું દ્રષ્ટાંત યાદ રાખવું અને મનમાં ચોકસ સમજવું કે ઉત્તમ પુરૂષો ખોટા બનાવોને પણ પોતાના લાભમાંજ લાવે છે અને હલકા માણસો ઉત્તમ તકોને પણ પોતાના ગેરલાભમાંજ દોરે છે.

દોહરો.

મન મોટું છે જેહનું, તે જન મોટા હોય;
ક્ષમાગુણ ને નમ્રતા, સદાય તેમાં જોય.

"કશાથી ડરો તે પહેલાં વણઝારાની વાત યાદ કરજો!"

એક વિકટ વેરાનમાં જુદી જુદી જાતનાં જાનવર વસતાં હતાં. તે બધાંનો રાજા સિંહ તથા તેની સિંહણ, જંગલમાંનાં બધાં પ્રાણી કરતાં જોરાવર ગણાતાં હતાં. તેઓ બાદશાહી અને પ્રૌઢ સત્તા ભોગવતાં હતાં.

એકદા ઉનાળાના બપોર વખતે, આ સિંહ ઘણો તરસ્યો થવાથી, સિંહણને કહીને નદી તરફ નીકળી પડયો. તે નીકળ્યો ત્યારે સૂર્ય પણ તેના જેટલાજ જોરમાં હતો. પરંતુ રસ્તામાં મળતા ઘોડા, હાથી, વાઘ વગેરેની સલામ તથા ગાય, ભેંસ, બકરાં, ઘેટાં વગેરેના પ્રણામ તથા કુતરા, બિલાડી, ઉંદર, કીડી વગેરેના સાષ્ટાંગ દંડવત સ્વિકારતાં સ્વિકારતાં જવાનું હોવાથી, જ્યારે તે નદી કીનારે

પહોંચ્યો ત્યારે સૂર્ય મોટી થાળી જેવડો બની પ્રકાશિત રંગનાં વાદળાંમાં સંતાકુકડી રમવા લાગ્યો હતો.

એજ વખતે પાસેના ગામડામાંથી એક ડોશી પાણી ભરવા આવી. સંધ્યાસમય નજીક આવવાથી તે બિચારી ડોશીથી બરાબર દેખી શકાતું નહોતું, તેથી એક બે વાર પડી જતાં જતાં રહી ગઈ. છેક અંધારૂં થઈ જવાની બીકથી ડોશી પાણી ભરીને જરા ઉતાવળે પગે ચાલવા ગઈ, પણ ઘરડપણને લીધે પગમાં જોર નહિ હોવાથી તે પડી ગઈ અને બેડું ફુટી ગયું. બાપડીને જરા વાગ્યું પણ હશે; તો પણ વધારે અંધારૂં થઈ જશે તો વધારે હેરાન થવું પડશે, એવા ડરથી તે બિચારી ઉઠીને ઝટ રસ્તે પડી. જતાં જતાં બોલી કે " રાતની ફોજ સામટી ચડી આવે છે; માટે જો જલદીથી નહિ નાસું તો મારી જઈશ. સિંહ કરતાંય એનું બળ ઘણું છે. માટે એનાથી તો તોબા !"

પાણી પીને પાછાં ફરતાં સિંહે આ શબ્દો સાંભળ્યા. અને તે વિચારવા લાગ્યો કે " મારા કરતાં પણ જોરાવર દુશ્મનની ફોજ અહીં આવે છે એમ ડોશી કહે છે તે ખરૂં હશે ? મારા કરતાં પણ જોરાવર ? પણ ના, ઘરડાં માણસ અનુભવી હોય છે માટે એમનું કહેવું ખરૂં હોવું જોઇએ. ડોશીનું ઘર તો નજીકમાં હશે માટે તે તો **રાતની ફોજ** આવી પહોંચ્યા પહેલાં ઘર ભેગી થઈ જશે. પણ મારૂં રહેઠાણ તો અહીંથી ઘણું દૂર છે માટે ત્યાં પહોંચતાં પહેલાં કદાચ **રાતની ફોજ** રસ્તામાંજ મળે તો મારાં સોએ વરસ પૂરાં કરે એમાં કોઈ શક ? અહીં ઝાડી પણ ઠીક જણાય છે. લાવ તેની પાછળ સંતાઈ રહું. તે ફોજ ઉપડયા પછીજ નીકળવું સહી સલામત છે."

જ્યારે આ તરફ વનનો રાજા ઝાડી વચ્ચે સંતાઇ ગયો ત્યારે આખા જગતનો રાજા (સૂર્ય) પણ વાદળમાં પૂરેપૂરો સંતાયો. ધરતીએ અંધાર પછેડો ઓઢયો. અંકુશ રહિત બનેલી, વનરાજની વસ્તીનો

કોલાહોલ તે અંધાર પછેડાને છાજે તેવોજ હતો. એવામાં એક વણ-ઝારો ખચ્ચરો ઉપર અનાજ લાધીને વેચવા સારૂ પોતાના માણસો સહિત નજીકના ગામમાં આવતો હતો તે ગામના દરવાજા બંધ થઇ જવાથી, અહીં નદી કીનારે ઉતર્યો. પોઠો બધી નીચે ઉતારી એટલે ખચ્ચરો આડા અવળા ભટકવા લાગ્યા. વણઝારાના માણસો લાકડાં સળગાવીને તાપવા લાગ્યા. કોઇ રાગોટા તાણવા લાગ્યા. ખચ્ચરો ખુંખારવા લાગ્યા. એમ ચોતરફની ગરબડ તથા અંધારા વચ્ચે રહી રહીને ઝબકતા ભડકા જોઇને સંતાયલો સિંહ ખરેખર આ સર્વ " **રાતની ફોજ**નું ધાંધળ " કલ્પીને ડરવા લાગ્યો. તે મનમાં બોલી પણ ગયો કે " ખરેખર આજ મારૂં આવી બન્યું છે. ડોશીનું કહેવું યથાર્થ છે. આમાંથી બચું તો હું કેવો ભાગ્યશાળી ! "

પ્રાતઃકાળ થવાની ઘણી વાર હતી એટલામાં તો વણઝારાએ પોતાના બધા માણસોને જગાડયા. નજીક આવેલું લાભનું સ્થળ જોઇ તે ધીરજ, ઉંઘ અને હરકોઈ પ્રકારનો (**રાતની ફોજ**નો પણ !) ડર ખોઈ બેઠો હતો. આડાઅવળા વેરાઈ ગએલા ખચ્ચરોને એકઠા કરી તેમના ઉપર ગુણો લાધી. એક ખચ્ચર બીજાથી જૂદું પડી ગયેલું તે, મગરનો ભોગ થઈ પડેલું તેની કોઇને ખબર નહિ. તેની શોધમાં ફરતાં વણઝારાએ ઝાડીમાં જરા ખડબડાટ સાંભળ્યો. તદ્દન અંધારૂં હોવા છતાં **રાતની ફોજ**થી પણ નિડર વણઝારાએ ઝાડીમાં જવાની હિમ્મત ધરી. પોતાની નજીક આવતાં પગલાંનો અવાજ સાંભળીને સિંહ તો ધ્રુજવા અને થરથરવા લાગ્યો. જે ચોઘડીઆમાં તે સિંહણથી જૂદો પડયો હશે તે ચોઘડીઆને ગાળો દેવા લાગ્યો. દૈવ ઉપર શ્રાપ વરસાવવા લાગ્યો. અને જ્યારે ભવિષ્યના નફાના કેફથી નિડર અને નિઃસંશય બનેલા વણઝારાએ તેને કાન પકડી બીજાં ખચ્ચરો પાસે લાવી તેના ઉપર ભારે પોઠ લાધી ત્યારે તે રાંક કાંઇ બબડી પણ શક્યો નહિ.

વણઝારા તથા તેના કાફલાએ કુચ શરૂ કરી. સેંકડો પોઠીઆ વચ્ચે આ નવા કુળવાન પોઠીઓ પણ રાંક પોઠીઆની પેઠે નીચે માથે અને મુંગે મુખે પોઠ ઉચકીને, પોઠીઆનાં પગલાં ભરતાં શીખવા લાગ્યો.

હવે સિંહણે વિચાર કર્યો કે પાણી પીને આવતાં સિંહને આટલી બધી વાર કદી લાગી નથી. માટે નક્કી તેને માથે કાંઇ આફત આવી પડી હોવી જોઇએ. એમ વિચારી સિંહની શોધમાં પતિવ્રતા નીકળી પડી. પતિ–ભક્તિ તથા શૌર્ય માટે સિંહણજાત સુપ્રસિદ્ધ છે. નદી કીનારે આવીને જોતાં કોઇ જગાએ સિંહ દેખાયો નહિ. તોપણ તેનું પ્રેમાળ મન, સ્નેહીનાં પગલાં તરત ઓળખી શક્યું. એ પગલાં પાછળ કુચ શરૂ કરી. કેટલેક દૂર ગયા પછી એક મોટી ફોજ જતી જોઇ. તે વચ્ચે પોતાના–સઘળા પશુના–આખા વનના પતિને પીઠ ઉપર બોજ સહિત ચુપકીથી ચાલતાં જોયો. પોતાની આંખનો વિશ્વાસ પણ તે ખોવા લાગી. આશ્ચર્ય અને ક્રોધથી તે બોલી: “ મારે તે મારી આંખને માનવી કે મારા પતિ–સ્વભાવ જાણનારા મનને? આ નિર્ભય, નિડર, પ્રબળ પશુ–પતિ, આ સિંહણનો સ્વામી તેને આ તુચ્છ પ્રજા વચ્ચે મુંગે મુખે ગુલામી? ”

સિંહે માથું ઉંચું કર્યા સિવાયજ ધીમે સાદે ઉત્તર વાળ્યો કે “ તારા શક્તિ વિનાના ક્રોધથી કાંઇ વળે તેમ નથી. આપણા બે જેવા હજારો કરતાં પણ જબરી એવી આ **રાતની ફોજ** હમણાં તારા ઉપર તુટી પડશે. માટે, તને જીવતર વ્હાલું ન હોય તોપણ આપણાં બચ્ચાંની ખાતર રસ્તે પડ.” પતિ ઉપર ગુજરાયલા આ અન્યાય અને પોતાના કુદરતી સ્વભાવથી ઉશ્કેરાયલી સિંહણ આ શબ્દો ઉપર કાંઇ ધ્યાન નહિ આપતાં એક મોટી ગર્જના સહિત કાફલા ઉપર તુટી પડી. ચારે પાસથી જમીન બધી ધ્રુજી ઉઠી. ઝાડ કંપવા લાગ્યાં. પ્રાણી

માત્ર ત્રાસ પામ્યાં. પોઠીઆ સર્વ જીવ લઇને નાઠા. એકાદ બે બિચારા ત્યાંજ 'જીવીઆઓ વવરોવીઆ' (પ્રાણરહિત) થઇ ગયા. વણઝારાના માણસમાંના કેટલાકે બીકથી પ્રાણ છોડયા, કેટલાક દોડતા પોઠીઆ તળે ચગદાઇ મુઆ, અને વણઝારો પોતે તથા મુઠીભર બીજા માણસો સહીસલામત નાશી છૂટયા.

સિંહણે બીજી ફાળ ભરી. પણ તે ક્રોધની નહોતી. તે માત્ર પ્રેમની હતી. તે પોતાના પતિને વીંટળાઇ વળી. શરમાઇ ગયેલો સિંહ ઉંચું જોઇજ શક્યો નહિ. સિંહણે તેને બોલાવીને શરમ દૂર કરવા પૂછ્યું : "પ્રાણનાથ ! આપ સર્વ પશુના પ્રભુ કહેવાઓ છો છતાં આ કમજોર પોઠીઆથી ડર્યાં એ શું ? એક તલભાર બોજો કદી ઉપાડયો નથી એવા મહાન્ છો છતાં ભારે પોઠ ઉચકી એ શું ? તમારી અગ્નિ જેવી આંખો અને દબદબાવાળો દેખાવ, મનુષ્ય જેવા પ્રાણીને પણ દૂરથીજ મુતરાવી નાખવા બસ છે, તો પછી આજ ગરીબ બકરી જેવા થઈ ગયા એ શું ? કહો ન કહો પણ આ વાતમાં કાંઇક ઉંડો ભેદ છે ખરો." સિંહે બધી વાત કહી સંભળાવી એટલે તે પાછી બોલી : "આપનો જાતિ સ્વભાવ ભુલાવનાર એક ડરજ છે એ હું હવે સમજી. **ડર** ખરેખર સૌથી જોરાવર છે એમાં કાંઇ શક નથી. પણ સિંહને **ડર** શો ? મહારાજાને બીક શાની ? સિંહણના સુત અને સિંહણના પતિને ભય શો ? હવે પછી, **કશાથી ડરો તે પહેલાં વણઝારાની વાત યાદ કરજો.**"

આ સિંહ અને સિંહણ પછી ઘણાં વરસ ભેગાં રહ્યાં અને સુખી થયાં. પણ વાંચનાર ! એવા કેટલા સિંહ ડરતા ફરે છે તે તું જાણે છે ? તું એક બીકણ સિંહ છે; હું પણ તેવોજ છું; મારી તારી આસપાસનાં ઘણાંખરાં મનુષ્યો પણ તેવાંજ છે. મારી વાતના સિંહની બીક સાંભળીને તું તેની મશ્કરી કરે, અગર એવી અસંભવિત વાત

લખનારની અજ્ઞાનતા ઉપર હસે, તે પહેલાં મારે તને કહેવું જોઇએ કે તે સિંહની બીક તો દૂર થઈ અને તે સિંહણની, સહાયથી નિડર—નિશ્ચય એવો તેનો જાતિસ્વભાવ પાછો વળ્યો પણ ખરો. પરંતુ ગરીબ બિચારો તારો આત્મા અને ગરીબ બિચારો મારો આત્મા! તે પોતાના નિડર-નિશ્ચય સ્વભાવે ક્યારે આવશે તે તો કૈવલ્યજ્ઞાની પ્રભુજ જાણે! તારી અને મારી શોધમાં આપણી સિંહણો (**સુમતિ**) ક્યારે નીકળી પડશે, આપણાં પગલાં ક્યારે શોધી કાઢશે, આપણા ઉપર વધારે સત્તાના, લાલચુ, ઘાતકી અને વગર જોરે જોરાવર મનાતા વણઝારાને (**વિકારને**) ક્યારે હંફાવશે અને આપણને આપણી તથા આપણા શત્રુની શક્તિની સરખામણી કરી બતાવી આપણા જાતિસ્વભાવે ક્યારે લાવશે તેની તને કે મને કલ્પના પણ નથી.

મનુષ્ય **સ્વ**ભાવ (જેને સિંહની ઉપમા આપી તે) નિર્ભય, નિડર, નિશ્ચળ અને પવિત્ર છે. દુષ્ટ **વિકારો**એ આપણને ડરાવ્યા છે. આપણા ઉપર **પ્ર**વૃત્તિની પોટ લાદી છે. બીજાઓને તેનાથી ડરતાં તથા તેના ડરની વાત કરતાં જોઇ આપણે એક વાર ડરી જઇ, રાંક મુખે અને ધ્રુજતે શરીરે તે ઉચકીએ છીએ. ઉંચું માથું કરી શકતા નથી એવા નિર્બળ, બીકણુ, વીર્યહીન થઇ ગયા છીએ. એ **વિકારો**ની તાબેદારીની બેડીનો સહવાસ પડી જવાથી શુદ્ધ અને ઉચ્ચ વિચારો કલ્પનામાં પણ આવતા નથી.

એ દુષ્ટ **વિકારો**થી ડરવાની "ના" કહેવાની, અથવા તેમનો હુકમ કે ફેસલામણી થતાં તે પ્રમાણે વર્ત્તવાની "ના" કહેવાની હિમ્મત ઘણી મુસ્કેલ છે. મોટાં છટાદાર ભાષણો આપવાના કામ કરતાં એક ટુંકો ને ટચ શબ્દ "**ના**" યોગ્ય વખતે કહેવો ઘણો મુસ્કેલ છે.

તો પણ, મનુષ્ય-સ્વભાવને તે શક્તિ વારસામાં મળેલી છે. મનુષ્ય અદ્દભૂત કાર્ય કરી શકે છે. ક્ષણવારમાં ત્રિલોકમાં ફરી વળે છે. ટુંકમાં

ત્હેં કે મ્હેં સાંભળ્યા પણ ન હોય એવા ચમત્કાર કરવાની મનુષ્ય-સ્વભાવમાં શક્તિ છે. પરંતુ તે શક્તિ આપણા શત્રુના ડરથી આપણે પોતેજ ખોઇ બેઠા છીએ. પછી આપણા ડરનો લાભ લઈ તે શત્રુઓએ આપણને છેકજ ગુલામ બનાવી દીધા છે. આ બોલ જેવા કેટલાક પ્રાસંગિક બોલ સિંહણના શબ્દ પેઠે હુંકારે છે. પણ મારી વાતની સિંહણના જોર જેટલું આ બોલનું જોર નહિ હોવાથી આપણે કાયમ પોઠીઆજ બન્યા રહીએ છીએ. આપણ દરેક સિંહરૂપી મનુષ્યની દૂર પડેલી સિંહણો આપણને શોધી કાઢો અને આપણો ડર દૂર કરાવી, આપણા જાતિ-સ્વભાવે પાછા લાવો. એજ શ્રી પંચપરમેષ્ઠી પાસે પ્રાર્થના !

પણ હવે પછી **કશાથી ડરો તે પહેલાં** વણઝા**રાની વાત યાદ કરજો !**

દોહરો

સિંહરૂપી આ જીવને, ડર એ તો દુષ્ટવિકાર;
ડરશે ફરશે પોઠમાં, ભાર લઈ વણઝાર.

બૂરી દાનતનું બૂરૂં ફળ.

માળવા દેશના **ધારાનગરમાં** રાજા ભોજ રાજ્ય કરતો હતો. ત્યાં મોતીચંદ કરીને એક વાણિયો સરાફની નામાંકિત દુકાન ચલાવતો હતો.

આ વાણિયો મારવાડથી વખાનો માર્યો ગુજરાન અર્થે અહીં આવ્યો હતો. તે આવ્યો ત્યારે તેના અંગ ઉપર ફાટયાં તુટયાં પૂરાં લુગડાંએ નહોતાં અને ખાવાને પૂરૂં ધાન્ય પણ મળતું નહોતું. હાલમાં તો તેના અંગ ઉપર કીમતી ઘરેણાં અને ઉંચો પોશાક શોભી રહ્યો હતો.

મારવાડથી આવતાં વાંત તે એક સરાફની દુકાનમાં માત્ર ખાવું પીવું ને લુગડાં સાટે ગુમાસ્તો રહ્યો હતો. તે સાફ દાનત અને ચાલાકી બતાવી થોડે થોડે વધી, મોટા પગારની મુનીમગીરી ઉપર રહ્યો અને થોડે થોડે પૈસાનો સંગ્રહ કરી, હમણાં તે ૫-૭ ગુમાસ્તાઓ રાખી, સરાફની આગવી દુકાન કાઢી બેઠો હતો.

મોતીચંદ પાસે ઝાઝાં નાણાંનો બચાવ થયો નહોતો, પણ તેની ઇજ્જત બધવાથી લોકો તેને ત્યાં થોડા દરથી રૂપીઆ વ્યાજે મુકવા આવતા હતા. અને તે જમા માંડેલા રૂપિયા તેનો માલીક માગે કે તરત તેને ઘેર પહોંચડાવતો હતો. આથી તે " મોતીચંદ વહેવારીઓ " એવા નામથી આખા નગરમાં પ્રસિદ્ધ થયો હતો. અને આથી તેને ત્યાં કેટલીક અનામત થાપણો પણ મૂકવામાં આવતી હતી. આવી રીતે તે માત્ર શાખથી પારકે રૂપીએ લાખો રૂપીઆનો વેપાર ચલાવતો હતો. અને ઘણા રૂપીઆ પેદા કરતો હતો. કહેવત છે કે- " નામીચો વાણિયો રળીખાય અને નામીચો ચોર માર્યો જાય. "

આ નગરમાં ગંગારામ કરીને એક બ્રાહ્મણ રહેતો હતો; તેની પાસે દસબાર હજાર રૂપિયા રોકડા હતા. પણ તેને કાંઇ સંતાન નહોતું. માત્ર સ્ત્રી પુરૂષ બેજ હતાં. તેઓ વૃદ્ધાવસ્થાએ આવી પહોંચવાથી બચાવેલા રૂપીઆ જાત્રાઓ કરી પુણ્ય માર્ગે વાપરી દેવા. એવો તેઓએ સંકલ્પ કરેલો હતો.

એક દિવસે ગંગારામે જાત્રાએ જવા સારૂ ત્યાં વાપરવા જેટલા રૂપીઆ રાખી, બાકીના રૂપીઆની ૫૦૦) સોના મોહોરો ખરીદી. અને તે એક મજબુત ખાદીની કોથળીમાં ભરી, મજબુત શીવી, શીલ સિક્કો કરી, તે અનામત મૂકવા સારૂ પેલા " મોતીચંદ વહેવારીઆ "ની દુકાને ગયો. અને ત્યાં જઇ આશિર્વાદ દેઇ બોલ્યો કે-" શેઠ સાહેબ, મારે જાત્રાએ જવું છે માટે મહેરબાની કરી આ મારી કોથળી આપને ત્યાં અનામત રાખશો તો આપનો હું મોટો આભાર માનીશ.

મોતીચંદ—ના, મહારાજ! એ કામ મારાથી નહિ બને. હું આપની પાસે માફ માગું છું. જો તમારે સો બસેં રૂપીઆનો ખપ હોય તો નામે મંડાવી લેઈ જાઓ; તેનું તમારી પાસેથી વ્યાજ નહિ લેઉં પણ એ થાપણ રાખવાનું કામ મારાથી નહિ બને. કારણ કે વખતે જળજોખમ થાય તો તમને જવાબ દેવો પડે. માટે બીજે ઠેકાણે મૂકો. મને આવી બાબતમાં શરમાવશો નહિ.

ગંગારામ—જળજોખમ થશે તો મારા માથે; તમારે લેવા દેવા નહિ. મને બીજા કોઈનો વિશ્વાસ આવતો નથી અને જો વિશ્વાસ-હોય તો રૂપિઆ વ્યાજે મૂકું નહિ? માટે મહેરબાની રાખી આટલી મારી થાપણ રાખો. આપને રાખ્યા સિવાય છૂટકો નથી. હું જાત્રાએથી બહુ તો ચાર મહીને પાછો આવીશ. અને આવીશ એટલે તરત કોથળી લેઈ જઈશ. માટે મહેરબાની કરી આટલી મારી માગણી કબુલ કરો અને મને ખુશી કરો.

મોતીચંદ—હશે, લાવો ત્યારે. તમારો બહુ આગ્રહ છે તો તમારી કોથળી સંઘરૂં છું. પણ તમે ત્યાં "ઝાઝું ટકશો નહિ અને આવો ત્યારે તરત કોથળી લેઇ જજો." એમ કહી કંદોરેથી પટારાની કુંચી છોડીને બોલ્યો કે—"લ્યો આ કુંચી. પટારામાં તમારા હાથેજ મૂકો. અને કોથળી ઉપર તમારો શીલ સિક્કો કરજો કે બદલાય નહિ. અને જ્યારે આવો ત્યારે પટારામાંથી તમારા હાથેજ લેઈ લેજો."

ગંગારામે કુંચી લેઈ પટારો ઉઘાડી માંહે કોથળી મૂકી. અને પાછો પટારો બંધ કરી, તાળું અટકાવી, કુંચી મોતીચંદને આપી, પોતાને ઘેર આવ્યો. અને બીજે દિવસે સર્વે સામગ્રી લેઇ બંને સ્ત્રી પુરૂષ જાત્રાએ ઉપડી ગયાં. આ વાત અંહીથી રહી. હવે પેલી કો-થળીની હકીકત સાંભળોઃ—

કોથળી દેખીનેજ તરત મોતીચંદનું મન ચળ્યું હતું. તેણે વિચાર્યું કે—આ "ન માખિયું મધ" છે. કારણ કે તે જાતે બ્રાહ્મણ છે એટલે

મને શું કરનાર છે ? વળી આ વાતનો કોઇ સાક્ષી નથી તેમ મે તેને કાંઇ દસ્તાવેજ કરી આપ્યો નથી. તેમ તેણે પણ મને નાણું ગણી આપ્યું નથી. માટે લાગ સારો છે. ઘેર બેઠાં લક્ષ્મી ચાલી ચાલી આવી છે, ત્યારે તેને પાછી શું કરવા જવા દેવી જોઇએ ? એમ વિચારી પટારો ઉઘાડી અંદરથી કોથળી બહાર કાઢી; તો તેને માલૂમ પડ્યું કે, અંદર સોના મોહોરો છે, તેથી તેનું મન વધારે લલચાયું. અને તરતજ કોથળીની નીચે એક કાણું (માત્ર સોના મોહોરો નીકળે એવડું પાડી, શીલ સિક્કાને અડચણ ન થાય તેવી રીતે અંદરથી મોહોરો કાઢી લીધી, અને તેને બદલે અંદર મોહોરો જેવા ગોળ અને તેટલા વજનના ૫૦૦) લોઢાના કડકા ઘાલી દીધા. પછી તૈયબઅલી કરીને તેજ નગરમાં એક હોશીઆર લુગડાં તુનનાર રહેતો હતો. તેને બોલાવી રૂ ૨૦) આપવાના કરી, પેલું કાણું તુનાવી લેવરાવ્યું. તુનગરે એવું કામ કર્યું કે કોથળીમાં કયે ઠેકાણે કાણું પાડ્યું હતું તે નિહાળીને જોતાં પણ જણાય નહિ. પછી તેણે કોથળી, પટારામાં જે ઠેકાણે ગંગારામે મૂકેલી હતી તે ઠેકાણુ મૂકી, પટારો બંધ કરી, તાળું અટકાવી દીધું. આ વાત અંહીથી રહી. હવે પેલા ગંગારામ બ્રાહ્મણની હકીકત સાંભળો:—

ગંગારામ તથા તેની સ્ત્રી કાશી, પ્રયાગ અને ગયાજી વગેરે ધામોની જાત્રાઓ કરી, ત્યાં બે હજાર રૂપીઆ વાપરી, ફરતાં ફરતાં છ મહીને ઘેર આવ્યાં. અને અંહી પણ પોતાની નાત તથા સાધુસંત જમાડી બે ત્રણ હજાર રૂપીઆ વાપરી દીધા.

પછી કેટલાક દિવસે સીધુ સામાનના પૈસા આપવા સારૂ કોથળી લેવા ગંગારામ પેલા મોતીચંદની દુકાને ગયો. અને આશિર્વાદ દેઈ કોથળી માગી.

મોતીચંદે તરતજ કંદોરેથી કુંચી છોડીને કહ્યું કે—લ્યો આ કુંચી. તેનાથી પટારો ઉઘાડી તમે જ્યાં કોથળી મુકી હોય ત્યાંથી લ્યો.

ગંગારામે પટારો ઉઘાડી કોથળી લેઈ, પટારો બંધ કરી તાળું અટકાવી, કુંચી મોતીચંદને આપી, પોતાને ઘેર જવા માંડયું. એટલે–

મોતીચંદ—ગંગારામ મહારાજ, ઉભા રહો. તમારી કોથળી શીલ સિક્કા સહિત તપાસી લ્યો. અમે તો તમારી કોથળી નજરે પણ જોઈ નથી, તેમ અંદર શું છે તે પણ જાણતા નથી, તેમ તમને પૂછયું પણ નથી. પટારામાં કોથળી તમારા હાથે મૂકી હતી અને લીધી પણ તમારા હાથે, તોપણ અમારી ફરજ છે કે–એ માણસ સમક્ષ તમારી કોથળી શીલસિક્કા સહિત તમને પાછી સોંપવી. એમ કહી નીચે પ્રમાણે દસ્તાવેજ ગુમાસ્તા પાસે લખાવી તૈયાર કરાવ્યો:–

" મોતીચંદ વહેવારીઆને ત્યાં અનામત મૂકેલી કોથળી શીલસિક્કા સહિત અસલ સ્થિતિ મુજબ આજરોજ મેં તપાસી પાછી લીધી છે. "

સદરહુ દસ્તાવેજ ગંગારામને વાંચી સંભળાવી તેમાં તેની સહી લીધી અને બે આબરૂદાર સદ્‌ગૃહસ્થોને બોલાવી, તેઓની સમક્ષ શીલસિક્કો બતાવી, કોથળી ગંગારામને પાછી સોંપી. અને દસ્તાવેજમાં પેલા સદ્‌ગૃહસ્થોની સાક્ષીઓ કરાવી. કહ્યું છે કે—

દોહરો.

ધૂતા હોય સલક્ષણા, વેશ્યા હોય સલજ્જ;
ખારાં પાણી નિર્મળાં, (એ) ત્રણે વાનાં અખજ્જ. ૧

બિચારો ગંગારામ આ કપટમાં કાંઈ જાણતો નથી. તે તો કોથળી ઉપરનો પોતાનો કરેલો સિક્કો તથા શીલ અસલ મુજબ જોઈ, તથા વજનમાં પણ ફેરફાર નહિ તેથી કોથળીની અંદરનું નાણું છે એમ ધારી, હર્ષ સહિત કોથળી લેઈ ઘેર ગયો અને કોથળી પટારામા મૂકી.

બીજે દિવસે પટારામાંથી કોથળી કાઢી શીલ તોડી અંદરથી મોહોરો કાઢવા જાય છે તો મોહોરોના જેવા આકારના લોઢાના ટુકડા

નીકળ્યા. આ જોઈ ગંગારામ એકદમ બેશુદ્ધ થઈ ભોંય પડયો. જાણે ખોળિયામાંથી શ્વાસ અને પ્રાણ ઉડી ગયા હોય નહિ! ઘણી વારે તેની સ્ત્રીએ તેને પાણી પાઈ સાવધ કર્યો એટલે ધ્રુશકે ને ધ્રુશકે છાતીફાટ રૂદન કરવા લાગ્યો. (અરેરે! બિચારે ભૂખ, તરસ અને કષ્ટ વેઠી મહા મહા મહેનતે દમડી દમડી ભેગી કરી બચાવેલો સંચલ, એકદમ આ પ્રમાણે ગેબ થઈ ગયો તેથી તેને કેટલું બધું દુઃખ ઉત્પન્ન થયું હશે ?) કેટલીક વાર સુધી રૂદન કર્યાં પછી તેની સ્ત્રીએ દિલાસો આપી છાનો રાખ્યો.

ગંગારામને હવે હર્ષમાં શોક અને રંગમાં ભંગ આવી પડયો. તે વારંવાર નિસાસા નાખ્યાં કરે; અને આખો દિવસ શોકસિંધુમાં ડુબેલો રહે ને ઘરમાંથી બહાર નીકળે નહિ. તેને દ્રવ્ય ગયા કરતાં દેવાદારને (સીધુ સામાનવાળાને) શું આપવું તેની ફીકર વધારે થઈ, તેના મુખનું નૂર બળી ગયું ને શુષ્ક બની ગયો. એ પ્રમાણે પ—૭ દિવસ સુધી ઘરમાં પડી રહ્યો. પછી વિચાર કરી પેલા મોતીચંદશેઠની દુકાને જઈ કહેવા લાગ્યો કે,—શેઠ સાહેબ, હું આપને એક વાત કહેવા આવ્યો છું તે સાંભળો તો મોટી મહેરબાની.

મોતીચંદ—(મોટા સાદથી) શું છે, મહારાજ! તમારી કોથળી તો તમને શીલબંધ પાછી સોંપેલી છે, તો હવે તમારે શું કહેવાનું છે? કોઈને ગળેબળે પડવું છે કે શું?

ગંગારામ—(દયામણે મોંઢે બે હાથ જોડી હળવેથી) શેઠ સાહેબ, આપે મને કોથળી શીલબંધ પાછી સોંપી છે, તે વાતની હું કાંઈ ના કહેતો નથી પણ મારાં કર્મ ફૂટી ગયેલાં તેથી " સોનાની મોહોરોને બદલે લોઢાના ટુકડા થઈ ગયા." આટલુંજ હું આપને કહેવા આવ્યો છું. બીજું મારે કાંઇ કહેવા જેવું નથી. પણ જો પરમેશ્વર આપના હૃદયમાં ઉતરે અને મારા ઉપર કૃપાદષ્ટિ કરાવે તો મારી

ગંગારામે પટારો ઉઘાડી કોથળી લેઈ, પટારો બંધ કરી તાળું અટકાવી, કુંચી મોતીચંદને આપી, પોતાને ઘેર જવા માંડયું. એટલે–

મોતીચંદ—ગંગારામ મહારાજ, ઉભા રહો. તમારી કોથળી શીલ સિક્કા સહિત તપાસી લ્યો. અમે તો તમારી કોથળી નજરે પણ જોઇ નથી, તેમ અંદર શું છે તે પણ જાણતા નથી, તેમ તમને પૂછ્યું પણ નથી. પટારામાં કોથળી તમારા હાથે મૂકી હતી અને લીધી પણ તમારા હાથે, તોપણ અમારી ફરજ છે કે–બે માણસ સમક્ષ તમારી કોથળી શીલસિક્કા સહિત તમને પાછી સોંપવી. એમ કહી નીચે પ્રમાણે દસ્તાવેજ ગુમાસ્તા પાસે લખાવી તૈયાર કરાવ્યો:–

"મોતીચંદ વહેવારીઆને ત્યાં અનામત મૂકેલી કોથળી શીલસિક્કા સહિત અસલ સ્થિતિ મુજબ આજરોજ મેં તપાસી પાછી લીધી છે."

સદરહુ દસ્તાવેજ **ગંગારામને** વાંચી સંભળાવી તેમાં તેની સહી લીધી અને બે આબરૂદાર સદ્‌ગૃહસ્થોને બોલાવી, તેઓની સમક્ષ શીલસિક્કો બનાવી, કોથળી ગંગારામને પાછી સોંપી. અને દસ્તાવેજમાં પેલા સદ્‌ગૃહસ્થોની સાક્ષીઓ કરાવી. કહ્યું છે કે—

દોહરો.

ધૂતા હોય સલક્ષણા, વેશ્યા હોય સલજ્જ;
ખારાં પાણી નિર્મળાં, (એ) ત્રણે વાનાં અખજ્જ. ૧

બિચારો ગંગારામ આ કપટમાં કાંઈ જાણતો નથી. તે તો કોથળી ઉપરનો પોતાનો કરેલો સિક્કો તથા શીલ અસલ મુજબ જોઈ, તથા વજનમાં પણ ફેરફાર નહિ તેથી કોથળીની અંદરનું નાણું છે એમ ધારી, હર્ષ સહિત કોથળી લેઈ ઘેર ગયો અને કોથળી પટારામા મૂકી.

બીજે દિવસે પટારામાંથી કોથળી કાઢી શીલ તોડી અંદરથી મોહોરો કાઢવા જાય છે તો મોહોરોના જેવા આકારના લોહાના ટુકડા

નીકળ્યા. આ જોઈ ગંગારામ એકદમ બેશુદ્ધ થઈ ભોંય પડ્યો. જાણે ખોળિયામાંથી શ્વાસ અને પ્રાણ ઉડી ગયા હોય નહિ! ઘણી વારે તેની સ્ત્રીએ તેને પાણી પાઈ સાવધ કર્યો એટલે ધ્રુશકે ને ધ્રુશકે છાતીફાટ રૂદન કરવા લાગ્યો. (અરેરે! બિચારે ભૂખ, તરસ અને કષ્ટ વેઠી મહા મહા મહેનતે દમડી દમડી ભેગી કરી બચાવેલો સંગ્રહ, એકદમ આ પ્રમાણે ગેબ થઈ ગયો તેથી તેને કેટલું બધું દુ:ખ ઉત્પન્ન થયું હશે ?) કેટલીક વાર સુધી રૂદન કર્યાં પછી તેની સ્ત્રીએ દિલાસો આપી છાનો રાખ્યો.

ગંગારામને હવે હર્ષમાં શોક અને રંગમાં ભંગ આવી પડ્યો. તે વારંવાર નિસાસા નાખ્યાં કરે; અને આખો દિવસ શોકસિંધુમાં ડુબેલો રહે ને ઘરમાંથી બહાર નીકળે નહિ. તેને દ્રવ્ય ગયા કરતાં દેવાદારને (સીધું સામાનવાળાને) શું આપવું તેની ફીકર વધારે થઈ, તેના મુખનું નૂર બળી ગયું ને શુષ્ક બની ગયો. એ પ્રમાણે ૫-૭ દિવસ સુધી ઘરમાં પડી રહ્યો. પછી વિચાર કરી પેલા મોતીચંદશેઠની દુકાને જઈ કહેવા લાગ્યો કે,-શેઠ સાહેબ, હું આપને એક વાત કહેવા આવ્યો છું તે સાંભળો તો મોટી મહેરબાની.

મોતીચંદ—(મોટા સાદથી) શું છે, મહારાજ! તમારી કોથળી તો તમને શીલબંધ પાછી સોંપેલી છે, તો હવે તમારે શું કહેવાનું છે ? કોઇને ગળેબળે પડવું છે કે શું ?

ગંગારામ—(દયામણે મોંઢે બે હાથ જોડી હળવેથી) શેઠ સાહેબ, આપે મને કોથળી શીલબંધ પાછી સોંપી છે, તે વાતની હું કાંઈ ના કહેતો નથી પણ મારાં કર્મ ફૂટી ગયેલાં તેથી "સોનાની મોહોરોને બદલે લોઢાના ટુકડા થઈ ગયા." આટલુંજ હું આપને કહેવા આવ્યો છું. બીજું મારે કાંઇ કહેવા જેવું નથી. પણ જો પરમેશ્વર આપના હૃદયમાં ઉતરે અને મારા ઉપર કૃપાદૃષ્ટિ કરાવે તો મારી

ઈજ્જત રહે, નહિ તો મોં દેખાડવા વખત નથી. એટલું બોલતાં બોલતાંમાં મોતીચંદ એકદમ વાઘની પેઠે તાડુકીને બોલી ઉઠયો કે,–"જા જા લુચ્ચા બ્રાહ્મણ!! કોઈને ગળે પડવા આવ્યો છે!! મેં બ્રાહ્મણ જાણી કોથળી સંઘરી ત્યારે ઉલટો આળ નાંખવા આવ્યો છે! જો, આ દસ્તાવેજમાં તારી સહી અને બે સાક્ષીઓ. જો હવે કાંઈ બોલીશ તો લાત ખાઈશ!!!"

એમ કહી મોતીચંદે પેલા બે સાક્ષી ગૃહસ્થોને બોલાવ્યા. તેઓએ પણ ગંગારામને ઠપકો દેઈ કહ્યું કે, "મહારાજ! તમને અમારી રૂબરૂ કોથળી શીલસિક્કા સહિત પાછી સોંપી છે, તો હવે તમારે કાંઈ કહેવા જેવું નથી. અને હવે જો કાંઈ બોલશો તો આબરૂ ખોશો."

આથી ગંગારામ બિચારો શીઆવીઆ થઈ ગયો અને કાંઈ બોલી શક્યો નહિ. આ તો "મુંગાને સ્વપ્ન ભયા સમજ સમજ પસ્તાય" એ પ્રમાણે થયું. પોતાના મનની વાત મનમાં ને મનમાં રહી, ને ઢીલા મોંઢે ઘેર આવ્યો.

થોડા દિવસ પછી વિચાર કરી તેણે રાજા ભોજને નીચેની મતલબની ફરિયાદ આપી:—

"ખુદાવિંદ સાહેબ, આજથી નવ–દસ મહિના ઉપર હું એક કોથળીમાં ૫૦૦) સોનામોહોરો મારા હાથે ભરી, તેને શીવી, શીલસિક્કો કરી, મોતીચંદ વહેવારીઆને ત્યાં અનામત મૂકી જાત્રાએ ગયો હતો. ત્યાંથી આવી કોથળી મેં શીલસિક્કો તપાસી પાછી લીધી અને ઘેર જઈ તોડી તો માંહેથી મોહોરો જેવા લોઢાના ૫૦૦) ટુકડા નીકળ્યા. મોહોરો કોથળીમાંથી શી રીતે ગઈ તે હું કહી શકું નહિ પણ મોતીચંદને ત્યાં કોથળી મૂક્યા પછી ગઈ એ હું ખાત્રીથી કહું છું. માટે મારી ૫૦૦) સોનામોહોરો પાછી અપાવો. આ વાતનો મારો કોઈ સાક્ષી નથી."

ભોજરાજાને આવી મતલબની ફરીઆદ વાંચી આશ્ચર્ય લાગ્યું. અને ફરીઆદીનો કોઈ સાક્ષી નહિ છતાં પોતે પરદુઃખભંજન અને ન્યાયી છે માટે તે નજીવી નહિ ગણતાં તે ઉપર લક્ષ આપ્યું.

પ્રથમ ફરીયાદીને તપાસ્યો તે એવી રીતે કે—તેની પાસે આટલું દ્રવ્ય હતું કે નહિ? આટલું બધું દ્રવ્ય એકી વખતે જવાથી તે ચિંતાતુર છે કે નહિ? ત્યાર પછી ખાલી કોથળી તપાસી તે એવી રીતે કે તેમાં ૫૦૦) સોનામોહોરો માય છે કે નહિ? તથા કેવી રીતે સીવેલી અને કેવી રીતે શીલસિક્કો કરેલો હતો. વગેરે બાબતોની નજવીજ કરતાં માલૂમ પડ્યું કે, ફરિયાદીનું દ્રવ્ય ગયું તે વાત સાચી છે. પણ તે કોણે લીધું અને શીલસિક્કો થયા પછી લીધું કે પહેલાં તે વાત તપાસવાની છે. વળી ફરીઆદીનો કોઈ સાક્ષી નથી તો આ ફરિયાદની મારે બારીકીથી વધારે મહેનત લેઈ ખાનગી તપાસ કરવી જોઇએ.

આ પ્રમાણે વિચાર કરી મોતીચંદને સમન્સ કરી બોલાવ્યો ને તેને કહ્યું કે—મોતીચંદ, આ ગંગારામ બ્રાહ્મણે તમારા ઉપર ૫૦૦) સોનામોહોરો ચોર્યાની ફરિયાદ કરી છે તો તમારે આ બાબતમાં શું કહેવાનું છે?

મોતીચંદ—ગરીબપરવર, હું એની કોથળી રાખતો નહોતો પણ તેનો બહુ આગ્રહ હોવાથી મેં રાખી તો ઉલટા "ગુણના ભાઈ દોષ" એ કહેવત મુજબ મારા ગળે પડે છે. કોથળી મારા પટારામાં એના હાથે મૂકી અને લીધી પણ એના હાથે. એની કોથળી અસલ સ્થિતિમાં શીલસિક્કા સહિત બે આબરૂદાર સદ્‌ગૃહસ્થોની રૂબરૂ પાછી સોંપી છે. જુઓ સાહેબ, આ એના હાથની સહી અને બે સાક્ષીઓની અંદર સહીઓ. હવે કાંઈ કહેવા જેવું છે? હું લાખ્ખો રૂપીઆનો વેપાર કરૂં છું અને આ પ્રમાણે કરતો હોઉં તો મારી "વહેવારીઆ"ની પડેલી છાપ તરત ભુંસાઇ જાય.

રાજા—મોતીચંદ, તમે તમારી વાણીઆવિદ્યા જવા દો, અને ખરી હકીકત કહો. સાચું બોલશો તો થોડી માફી મળશે અને જૂઠું બોલશો તો વધારે ગુન્હેગાર થશો.

મોતીચંદ—ગરીબપરવર, હું તો આ વાતમાં કાંઇ જાણતો નથી. મારે તો ફક્ત એજ કહેવાનું છે.

ભોજરાજાએ ગુન્હો નહિ પકડાયાથી ફરિયાદ ખાનગી તપાસ માટે મુલતવી રાખી અને ગંગારામ તથા મોતીચંદને રજા આપી. અને કહ્યું કે બોલાવીએ ત્યારે હાજર થજો.

હવે પરદુઃખભંજન ભોજરાજાએ આ ગુન્હા માટે ઘણી કાળજી રાખવા માંડી. રાત્રે પોતે નગરચર્ચા જોવા નીકળે ત્યારે પણ આ લોકોના ઘર આગળ તપાસ કરે પણ કાંઇ પત્તો લાગ્યો નહિ. એમ કરતાં કરતાં બે ત્રણ મહિના વહી ગયા ત્યારે નીચે પ્રમાણે કામ કરવાને સૂઝી આવ્યું:—

કચેરીમાં રાજસભા બેસવા માટે ઉંચી જાતનો કીમતી ગાલીચો પાથરવામાં આવતો હતો. તેમાં રાજ્યાસન આગળ રાજાએ એક દિવસ ચપ્પૂ વતી કોઇ દેખે નહિ તેવી રીતે રૂપીઆ જેવડું ગોળ કાણું પાડયું. તે કચેરી બરખાસ્ત થયા પછી સાંજે રાજસભાની હજુરમાં રહેનાર સિપાઇની નજરે પડયું. એટલે તે ડર્યો કે આ કાણું કોઇ હરામખોરે પાડયું હશે, તે જો કાલે રાજા દેખશે તો મને નોકરીપરથી રજા આપશે. એમ ધારી પેલા તૈયબઅલી તુનનારને બોલાવી રૂ. ૪૦) આપવાના કરી રાતોરાત તે કાણું તુનાવી લેવરાવ્યું. તે એવી રીતે કે, કોઇને ખબર ન પડે કે આ ઠેકાણે કાણું પાડેલું હતું.

બીજે દિવસે સવારમાં કચેરી ભરાઇ તે વખતે ભોજરાજાએ આવી, પાડેલું કાણું જોયું તો મળે નહિ. તેથી આખા ગાલીચામાં નિહાળી નિહાળીને જોયું તો પણ કાણું જડયું નહિ; તેથી પહેરાવાળા

સિપાઇને બોલાવી પૂછ્યું કે,–આ ગાલીચો કાલે પાથર્યો હતો તેજ કે બીજો ?

સિપાઈ—ના સાહેબ, એનો એજ.

રાજા—ત્યારે એ ગાલીચામાં મેં કાલે ચપ્પુવતી કાણું પાડ્યું હતું તે જોવામાં આવતું નથી. તેનું શું કારણ ?

સિપાઇ—સાહેબ, મેં ધાર્યું કે એ કાણું કોઇ પરભાર્યા માણસે પાડ્યું હશે. અને મારા પહેરામાં આ પ્રમાણે બન્યું તો રાજાજી કાલે મને નોકરી ઉપરથી રજા આપશે, એમ ધારી મેં રૂ. ૪૦) આપીને એ કાણું તુનાવી લેવરાવ્યું છે.

આથી રાજાએ તુનેલી જગ્યો નિહાળાને જોવા માંડી તો જડી નહિ. તેથી તેમને આશ્ચર્ય સાથે ખુશી ઉત્પન્ન થઇ કે મારા રાજ્યમાં આવા હુન્નરી વસે છે ખરા. વળી આથી પેલી કોથળીના ગુન્હાનો તપાસ કરવાને ખરૂં કારણ મળી આવ્યું. તેમણે વિચાર્યું કે, પેલા બ્રાહ્મણની કોથળીની નીચે મોતીચંદે કાણું પાડી મોહોરો કાઢી લેઇ લોઢાના કડકા ભરી આ તુનનાર પાસે તુનાવી લેવરાવ્યું હોય તો તેમ બને ખરૂં. આ પ્રમાણે વિચારી પેલા તુનનારને બોલાવી પૂછ્યું કે, આ ગાલીચાનું કાણું તમે તુન્યું કે ?

તૈયબઅલ્લી—જી હા, ગરીબપરવર.

રાજા—(તેને પાસે બોલાવીને કોઇ સાંભળે નહિ તેવી રીતે) ત્યારે આજથી આસરે બારેક મહીના ઉપર તમે મોતીચંદ વહેવારીઆને કોથળી તુની આપી હતી કે નહિ ? અને તેમાં શું ભર્યું હતું તે સાચે-સાચું કહો. સાચું કહેશો તો તમારા કીસબનું ઇનામ મળશે અને જૂઠું કહેશો તો ગુન્હેગાર ઠરી શિક્ષાને પાત્ર થશો.

તૈયબઅલ્લી—જી, હા. મેં એક કોથળી મોતીચંદને રૂ. ૨૦) લેઇને તુની આપી હતી, અને તેમાં લોઢાના ગોળ ટુકડા ભરેલા હતા.

રાજા—(કોથળી હાથમાં લેઇને) જુઓ, આ કોથળી હોય કે નહિ ?

તૈયબઅલ્લી—જી હા, એજ કોથળી.

આ પછી તૈયબઅલ્લીને ગુપ્ત ઠેકાણે બેસારી, પેલા મોતીચંદને બોલાવવા સારૂ સિપાઇને મોકલ્યો.

મોતીચંદ આવ્યો એટલે રાજા કહે છેઃ "મોતીચંદ, તમે પેલા બ્રાહ્મણની મોહોરોનું શું કર્યું ?"

મોતીચંદ—ગરીબપરવર, હું એ વાતમાં કાંઇ જાણતો નથી. તેમ છતાં આપને જો મારો દંડ લેવો હોય તો ભલે.

રાજા—ઠીક, ત્યારે. વારૂ, તમે તૈયબઅલ્લી તૂનનારને ઓળખો છો કે ?

મોતીચંદ—જી, હા. આપણા નગરમાં રહે છે તેથી ઓળખું છું.

રાજા—તમે કોઇ દિવસ એની પાસે કાંઇ તૂનાવેલું ખરૂં કે ?

મોતીચંદ—(જરા ગભરાઇને) ના સાહેબ.

રાજા—ઠીક ત્યારે, બેસો. એમ કહી પેલા તૈયબઅલ્લીને બહાર બોલાવીને મોતીચંદને કહે છે કે, જુઓ, આ તૈયબઅલ્લી કે ? (પેલી કોથળી હાથમાં લેઇને) તેની પાસે તમે આ કોથળી તૂનાવેલી કે નહિ ?

મોતીચંદ, તૈયબઅલ્લીને તથા કોથળીને જોઇ કાળોબંઠ થઇ ગયો. અને નીચું જોઇ કાંઇ જવાબ દીધો નહિ.

રાજા—મોતીચંદ, આ તૈયબઅલ્લીના કહેવાથી જણાય છે કે, તમે ગંગારામ બ્રાહ્મણની અનામત મૂકેલી કોથળીમાંથી તળીએ કાણું પાડી સોનામોહોરો કાઢી લેઇ, તેને બદલે લોઢાના ટુકડા ભરી, આ તૈયબ-અલ્લીની પાસે કાણું રૂ. ૨૦) આપી તૂની લેવરાવ્યું છે. માટે ગુન્હો કબુલ કરો છો કે ઇનકાર જાઓ છો ?

મોતીચંદ—(એકદમ ગાભરો બની રોવા મંડી જાય છે અને બે હાથે હાથ જોડી દયામણે મોઢે) ગરીબપરવર, હું ભૂલ્યો. મારી મોટી ભૂલ થઇ છે.

રાજા—(એક સિપાઇને) તમે આ મોતીચંદ સાથે જઈ એની દુકાનેથી ૫૦૦) સોનામોહોરો લેઇ આવો.

સીપાઈએ મોતીચંદને સાથે લેઈ જઇ એની દુકાનમાંથી ૫૦૦) સોનામોહોરો લાવી રાજાને સોંપી. રાજાએ તે મોહોરો પેલા ગંગારામ બ્રાહ્મણને બોલાવીને આપી. વાહ! ન્યાય તે આનું નામ જ.

મોહોરો લેઈ ગંગારામ ખુશી થતો ઘેર ગયો. પેલા તૈયબઅલ્લી જુતનારને પણ રાજાએ શીરપાવ આપ્યો. હવે પેલા મોતીચંદની શી અવસ્થા થઈ તે સાંભળો:—

મોતીચંદને રાજાએ કેદ કર્યો અને તરતજ એની દુકાન તથા ઘર ઉપર જપ્તી બેસારી. ગુમાસ્તાઓને પગાર ચૂકાવી રજા આપી. અને નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે–" મોતીચંદ વહેવારીઆ પાસે જેનું લેણું હોય તે લેવા આવજો; નહિ તો પાછળથી મળશે નહિ." આ પ્રમાણે લોકોને બોલાવી જમા માંડેલાં તમામ નાણાં તેના સિલિકમાંથી ચૂકાવી આપ્યાં. કોઈની પાઈ એક દેવી રહેવા દીધી નહિ. અને વધેલું નાણું તથા મિલકત ધર્માદામાં નાંખી, મોતીચંદને " અલ્લા એક બદામ " કરી મૂક્યો. પછી તેના માથે ચૂનો ચોપડી, એક બાંડા ગધેડા ઉપર અવળે મોંઢે બેસારી, આખા નગરમાં વરઘોડો ફેરવી, તેને કાંઈ નહિ મૂકતાં જીંદગીપર્યંત કેદ કરી નગરમાં રાખ્યો. જેથી આવા બીજા લુચ્ચા વેપારીઓને બોધ મળે.

એ રીતે બૂરી દાનતથી મોતીચંદ બિચારો મેળવેલું દ્રવ્ય ખોઈ, મારવાડથી આવ્યો હતો એવી ગરીબ સ્થિતિમાં આવી જીંદગીપર્યંતનો કેદી થઇ રહ્યો !!!

દોહરે

અંતર મેલું રાખીને, શુદ્ધ જણે વ્યવહાર;
અંત્યે દુ:ખી થાય છે, ખોઇ નિજ પતિયાર.

કર્મનો અચળ નિયમ.

પૂર્વે ભવમાં કરેલાં શુભ કે અશુભ કર્મનું ફળ ભોગવ્યા વિના છૂટકો નથી. સુખ કે દુઃખમાં ગુણ કે અવગુણમાં બીજાં તો નિમિત્ત માત્ર છે. પણ ખરૂં ઉપાદાન કારણ તો પોતેજ છે, મનુષ્યો આ જાણી શકતા નથી, અને તેથી બીજાપર દોષ મૂકે છે, અને નાહક વૈર વિરોધ કરી દુઃખમાં ઉમેરો કરે છે. આપણે આ કર્મના નિયમ બરાબર સમજીએ તે સારૂ અત્રે એક કથા લખીએ છીએ.

ગૌતમી નામે એક વિધવા સ્ત્રી પોતાના એકના એક પુત્રને સાથે લેઈને વનમાં રહેવા સારૂ ગઈ; ત્યાં તે ફળફળાદિ ખાઈને પોતાનું ગુજરાન ચલાવતી, અને તપશ્ચર્યા કરતી હતી. તેનો પુત્ર નાની ઉમરનો હતો. તેને એક દિવસ આશ્રમમાં મૂકી કોઈ કાર્ય પ્રસંગે તે બહાર ગઈ. એવામાં એક મહા ઝેરી કાળો નાગ ત્યાં આવી પહોંચ્યો, અને તે છોકરાને ડસ્યો, જેથી તે છોકરાના પ્રાણ નીકળી ગયા. બાદ ગૌતમી પોતાનું કામ સંપૂર્ણ કરી આશ્રમ તરફ પાછી વળી અને જુએ છે તો પોતાનો પુત્ર મડદાની માફક પડેલો જોયો. આથી તેને બહુ શોક થયો, પણ સામાન્ય પામર મનુષ્યની માફક રડવાને બદલે પોતાના વિવેકબળથી ક્રોધના વેગને સમાવવા તે પ્રયત્ન કરતી હતી, એવામાં અર્જુન નામનો કોઈ વાદી પોતાના મંત્રબળથી તે છોકરાને ડંખ મારનાર સર્પને બાંધીને ત્યાં પકડી લાવ્યો, અને તે સાધ્વી સ્ત્રીને કહેવા લાગ્યોઃ “ માતાજી ! આ અધમ સર્પે તમારા પુત્રના પ્રાણ લીધા, તમે કહો તે રીતે હું તેનો નાશ કરૂં. કહો તો તેને અગ્નિમાં ફેંકી દઉં, અને કહો તો તેના કકડે કકડા કરૂં ! આ પાપીને છોડવા જોઈતો નથી. માટે આજ્ઞા હોય તે ફરમાવો. ”

તે સાધ્વીએ જવાબ આપ્યો, "ભાઇ ! આને મારવાથી શો લાભ થવાનો હતો ? એને મારવાથી મારા પુત્રના પ્રાણ આવશે નહિ, પણ પ્રાણિને મારવાથી કેવળ મને પાપ લાગશે; માટે તેને છૂટો મૂકી દે."

અર્જુને કહ્યું: "જે લોકોનું મન કાબુમાં હોય, તેવાજ આવું બોલી શકે, શોકાતુર મનુષ્યો કદાપિ આવું બોલી શકતા નથી. તમે શોક-પીડિત છો, માટે આ પાપીને મારીને તમારો શોક દૂર કરો. દુર્જન પ્રતિ દુર્જનના દાખવવી એ સનાતન ધર્મ છે."

ગૌતમીએ જવાબ આપ્યો, "હે ભાઇ ! તારી વાત સત્ય છે, પણ મહાત્મા પુરૂષો પાપી તરફ પણ દયાળુ જ હોય છે.

જે ઉપકારી ઉપર ઉપકાર કરે, તેમાં શું આશ્ચર્ય ! પણ જે અ-પકારી ઉપર ઉપકાર કરે છે, તેજ ખરો સાધુ પુરૂષ છે; માટે આ અપરાધીને પણ મારી ખાતર છોડી દે."

અર્જુને જવાબ આપ્યો: "હે માતા ! આ બાળકનો નાશ કર-નાર પાપીને તો સજાજ ઘટે છે; ધર્મના જાણકાર પુરૂષો પણ અપ-રાધીઓને તજી દે છે; માટે આ સર્પનો નાશ કરવાને મને અનુમતિ આપો."

વારંવાર આ પ્રમાણે અર્જુને કહેવા છતાં તે દયાળુ ગૌતમીએ પોતાનો નિશ્ચય છોડયો નહિ, એવામાં તે સર્પ જરા પોતાનું બંધન ઢીલું કરીને મનુષ્યવાણીથી આ પ્રમાણે બોલવા લાગ્યો:—

હે પારાધિ ! તું બાળક છે; તું ધર્મ બિલકુલ સમજતો નથી. મને પ્રેરનાર તો યમ રાજા છે, મેં તો કેવળ ચીઠ્ઠીના ચાકર પેઠે આ-વીને આ છોકરાને ડંખ માર્યો. હું આ કામમાં સ્વતંત્ર નથી; સ્વામીના હુકમથી કામ કરનારા નોકરો તે કામને વાસ્તે બિલકુલ જોખમદાર નથી; માટે મને નિરપરાધીને મારવો તે યોગ્ય નથી.

આ સાંભળી તે અર્જુન નામના પારાધિએ જવાબ આપ્યો: "તું ખરૂં બોલ્યો નથી; તને મૃત્યુએ પ્રેર્યો, છતાં મૃત્યુ અને તું બન્ને

આ છોકરાના મરણના કારણરૂપ છે. માટીનું વાસણ બનાવવામાં કુંભાર એકલો કારણ નથી, પણ તેની લાકડી, ચક્ર .વગેરે પણ કારણો છે, તેમ તું પણ કારણ છે. માટે તારો વધ કરવો જોઇએ.

સર્પે જવાબ આપ્યોઃ—હે પારધિ ! મેં જણાવેલો ધર્મ તું સમજતો નથી, અને તેથી અજ્ઞાનતાથી મારે માથે દોષ મૂકે છે; માટીનો ઘડો બનાવવામાં લાકડી, ચક્ર વગેરે અસ્વતંત્ર છે, ફક્ત કુંભારજ સ્વતંત્ર છે. તેજ રીતે આ બાબતમાં હું તદ્દન અસ્વતંત્ર છું, કેવળ મૃત્યુજ સ્વતંત્ર છે. યજ્ઞમાં જો કે યજ્ઞક્રિયા કરાવનારા આહુતિ નાખે છે, છતાં તેનું ફળ તે ક્રિયા કરાવનારાઓને મળતું નથી, પણ યજમાનને મળે છે. તેમ હું પણ આ કર્મમાં ફળનો ભાગીદાર નથી.

આ પ્રમાણે જ્યારે તકરાર ચાલી રહી હતી, તેવામાં મૃત્યુદેવ ત્યાં આવી પહોંચ્યા; અને સર્પને કહેવા લાગ્યાઃ "હે સર્પ ! મને કાળે પ્રેરણા કરી, અને મેં તને પ્રેરણા કરી. મેઘને જેમ વાયુ અહીં તહીં ખેંચી જાય, અને જેમ તે મેઘ વાયુને પરાધીન છે, તેમ હું પણ આ બાબતમાં કાળને પરાધીન છું. માટે મને તું સદોષ કેમ કહે છે !"

જો હું અપરાધી હોઉં તો તું પણ તેજ રીતે અપરાધી છે. પોતાને નિરપરાધી જણાવી, મને શા સારૂ તું અપરાધી ઠરાવે છે ? જો વિચાર કરશો તો જણાશે કે હું કે તું કોઇ આ છોકરાના મરણનું કારણ નથી, પણ કાળજ કારણ છે.

આ સાંભળી સર્પે જવાબ આપ્યોઃ "હું કહેતો નથી કે તું સદોષ છે કે નિર્દોષ છે; હું તો એટલું જાણું છું કે તેં મને આ કામ કરવાને પ્રેર્યો. કાળ પણ સદોષ છે કે નહિ, તે વિચારવાનો મારો અધિકાર નથી. માટે મારાપર ક્રોધે ભરાતા ના." (અર્જુન તરફ વળી)—હે અર્જુન ! શું તે મૃત્યુનું કથન સાંભળ્યું કે ! હું નિર્દોષ છું, માટે મને હવે છોડી દેવો ઘટે છે.

પારધીએ જવાબ આપ્યો—હે સર્પ ! મૃત્યુના કહેવા માત્રથી તું નિર્દોષ કરતો નથી. મૃત્યુ અને તું બન્ને કારણભૂત છો. મૃત્યુના વચનથી જીવનો ઘાત કરનાર તને ધિક્કાર હો ! અને તને આવા કામમાં પ્રેરવા માટે મૃત્યુને પણ ધિક્કાર હો ! તે સાંભળીને મૃત્યુએ અર્જુનને આ પ્રમાણે કહ્યું:—

विवशौ कालवशगावावौ निर्दिष्ट कारिणौ ।
नातो दोषेण मन्तव्यौ यदि सम्यक्प्रपश्यसि ॥

અમે બન્ને પરાધીન છીએ, કાળને વશ છીએ, અને તેના કહેવા પ્રમાણે ચાલનાર છીએ; જો તું બરાબર વિચાર કરે તો અમને કદાપિ સદોષ ન ધારે.

એવામાં કાળ એકાએક ત્યાં આવી પહોંચ્યો અને કહેવા લાગ્યો:—

वयनेन कृतं कर्म तेनायं निधनं गतः ।
विनाशहेतुः कर्मास्य सर्वे कर्मवशा वयम् ॥
अतो नाहं न वै मृत्युर्न सर्पो न तथा भवान् ।
न चेयं ब्राह्मणी वृद्धा शिशुरेवात्र कारणम् ॥

આ બાળકે જે કર્મ કરેલું, તે કર્મને લીધે તે મરણ પામ્યો. તેના નાશનું કારણ તેનું કર્મ છે, અમે સર્વ કર્મને વશ છીએ, માટે હું, મૃત્યુ, સર્પ, તમે, કે આ વૃદ્ધ બ્રાહ્મણી કોઈ પણ કારણ નથી, માત્ર આ બાળકજ પોતાના મરણનું કારણ છે. આ સાંભળીને ગૌતમીએ તે પારધીને કહ્યું:—

કાળ, કે સર્પ કે મૃત્યુ આ બાળકના મરણનું કારણ નથી, આ બાળક પોતાના કર્મને લીધેજ બાળપણમાં મરણ પામ્યો. મેં પણ એવું કર્મ કરેલું કે જેથી મારાપર આ દુઃખ આવી પડયું. મૃત્યુ તથા

કાળને જવા દે, અને હે અર્જુન ! આ સર્પને છોડી દે. અર્જુને વિચાર્યું કે આ બાળકના મરણનું કારણ તેના પૂર્વ જન્મનું કોઇક કર્મ છે, અને તેથી તે સર્પને છુટો મૂકી દીધો, અને મૃત્યુ તથા કાળ પોતપોતાને સ્થાનકે ગયા. કહ્યું છે કે.

कृतकर्मक्षयो नास्ति कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं कृतकर्म शुभाशुभम् ॥

કરોડો કલ્પ વીતી જાય, તો પણ કરેલા કર્મનો નાશ નથી. શુભ કે અશુભ જેવું કર્મ કર્યું હોય, તેનું અવશ્ય ફળ ભોગવવુંજ જોઇએ. આપણે અત્યારે ઘણાં ખોટાં કામો કરીએ છીએ, તે વખતે ભવિષ્યમાં તે કર્મોનું શું પરિણામ આવશે, તેનો વિચાર કરતા નથી. પણ કર્મની નોંધવહીમાં તમારૂં દરેક કાર્ય, વચન અને વિચાર નોંધાય છે. અને યોગ્ય વખતે પછી આ ભવમાં કે આવતા ભવમાં તેનું ફળ મળે છે. કર્મનું બુરૂં ફળ અનુભવવાનો વખત આવતાં મનુષ્ય દુઃખી થાય છે, પણ તેણે અવશ્ય સ્મરણમાં રાખવું જોઇએ કે દુઃખ એ પૂર્વકૃત અશુભ કર્મની છાયા છે, અને સુખ એ પૂર્વકૃત શુભકર્મનો પ્રતિધ્વનિ છે. માટે જો શુભ ફળ મેળવવું હોય તો શુભકર્મને વાવવાનું શરૂ કર. એક હાથે લેવું હોય તો બીજે હાથે આપવા માંડ. કર્મનો નિયમ અચળ અને શાશ્વત છે. તે કદાપિ કોઇને ઠગતો નથી. તેનાપર લખેલી હુંડી કદાપિ પાછી ફરતી નથી; પણ તે લખતાં પૂર્વે કર્મને ત્યાં સારી મૂડી જમે કરાવેલી રાખવી જોઇએ, અને આ મૂડી તે બીજી કંઇ નહિ પણ શુભ વિચારો, શુભ લાગણીઓ અને શુભ કાર્યો છે.

દોહરો.

વાવે બાંટી કોદરા, કદી ન ઊગે જાર;
કરશે તેવું પામશે, કર્મ નિયમ અનુસાર.

નિઃસ્વાર્થી પ્રેમ અને કરણીનું ફળ.

પ્રેમની ખુબી અલૌકીક છે. જેઓ પ્રેમને ધિક્કારે છે તેઓ દયા ખાવા જેવી નીચી સ્થિતિમાં છે. દુનીઆને અધોગતિએ ઉતારી દેનાર અને સર્વ પાપોને જન્મ આપનાર 'મોહ' એ એક જૂદીજ ચીજ છે. અને દુનીઆને ઉન્નતદશાએ લાવનાર તથા સર્વ પાપોનો નાશ કરનાર 'પ્રેમ' એ પણ જૂદીજ ચીજ છે. સ્નેહમાં 'હું' પણું હોય છે, પ્રેમમાં હુંપણાનો **ભોગ** હોય છે. સ્નેહ પોતાનું સુખ ખોળે છે; પ્રેમ પ્રેમપાત્રનું સુખ પોતાના સુખના ભોગે ખોળે છે. જે **પ્રે**મે મહાવીર જેવા જ્ઞાનીને અનાર્ય દેશમાં ઉપદેશ દેવા મોકલ્યા હતા તે **પ્રે**મને ધિક્કારનાર મનુષ્યો કેટલા બધા નાસ્તિક અને ધર્મના અધિકારથી દૂર ભમતા માનવા ?

પ્રેમના અલૌકીક દ્રષ્ટાન્તને આજે આપણે જૈન સુત્રમાંથી ચૂંટી કહાડીશું.

પુરીમતાલ નગરમાં **સુ**દર્શન શેઠ ને **પ્રિ**યદર્શના શેઠાણીનો અંગજ એવો **ચિત્ર** નામે પુત્ર હતો, કે જે સર્વ કળામાં પ્રવિણ હતો અને આઠ કન્યાઓનો સ્વામી હતો. **ચિત્ર** કુમારને એક વખત અંતઃકરણમાં વૈરાગ્ય સ્ફુરી આવવાથી તેહેણે દિક્ષા લીધી અને ગ્રામ–નગર–પુર–પટ્ટન નિસ્પૃહીપણે વિચરવું શરૂ કર્યું.

હવે એજ અરસામાં **પંચાલ** દેશના **કાંપિલ્ય** નામે નગરમાં બ્રહ્મરાજાની **ચુલણી** રાણીની કુક્ષીએ જન્મેલો **બ્રહ્મદત્ત** નામે ક્ષત્રીય ચક્રવર્તી થઇ રાજ્ય કરતો હતો.

આ **બ્રહ્મદત્ત** અને ઉપર કહેલો વણિકપુત્ર (પાછળથી સાધુ) **ચિત્ર** એ બન્નેના આત્માઓ કેટલાક ભવો થયા એવા જન્મ લેતા

હતા કે જે અવતારોમાં તેઓ એક બીજા નીકટ સમ્બન્ધમાં આવવા પામે. તે બન્ને આત્માઓએ અમુક એક જન્મમાં અરસ પરસ ગાઢો પ્રેમ બાંધ્યો હતો; નિઃસ્વાર્થી પ્રેમ તેઓમાં ઉત્પન્ન થયો હતો, કે જે પ્રેમે ત્યાર પછીના હેમના અવતારોમાં હેમને સાથે ને સાથેજ રાખ્યા હતા અને અંતે તેજ પ્રેમે તેઓ પૈકીના એકને, બીજાને ઉચ્ચગતિ પ્રાપ્ત કરાવવા મદદે મોકલ્યો હતો. તે કેમ બન્યું તે જોવા આપણે વાર્તાના પ્રવાહમાં ઝીપલાવીશું.

બ્રહ્મદત્ત ચક્રવર્તીની કચેરીમાં એક દિવસે નાટયારંગની ધમસાણ ચાલી રહી હતી; એવામાં એક દાસીએ આવીને હેને પુષ્પનો ગુંથેલો દડો આપ્યો. આ દડાને હાથમાં લઈ રાજા રમાડતો હતો, એવામાં એ દડાની ખુબી ઉપર વિચાર થવા લાગ્યો અને એ વિચારમાંથી વળી એવો વિચાર થઇ આવ્યો કે "આવો દડો મ્હેં કય્હાંક જોયો છે ખરો!" આ વિચારમાં ઉંડા ને વધારે ઉંડા ઉતરી જવાથી શરીરનું ભાન ભુલી જઇ રાજા મૂર્ચ્છીત થયો. આ થોડા વખતની તંદ્રાવસ્થા (trance) માં પડેલા રાજાએ જોયું કે આવો દડો પૂર્વે સુધર્મ દેવલોકમાં જોવામાં આવ્યો હતો.

તંદ્રાવસ્થામાં વધુ જોવામાં આવ્યું તે આ પ્રમાણે હતું. સુધર્મ દેવલોકમાં બ્રહ્મદત્તના જીવ સાથે એક બીજો મિત્ર જીવ પણ હતો. તે બન્ને જીવોનો તે પહેલાંનો અવતાર એક ચંડાલના ઘેર બે બંધુ તરીકે હતો.

ભૂતદત્ત ચંડાલના ઘેર પુત્રપણે બ્રહ્મદેવનો જીવ હતો ત્હારે હેનું નામ ચિત્ર એવું હતું અને હેના સહોદર (ભાઈ) નું નામ સંભૂત એવું હતું. તે બન્ને ભાઇઓ દૂધ અને પાણીની માફક, પાણી અને સેવાળની માફક, શરીર અને ચામડીની માફક ભેગા રહેતા હતા—એવોજ હેમનો પ્રેમ હતો. એક માટે બીજો પોતાના પ્રાણ અર્પણ

કરવા તત્પર રહેતો. બીજાને સુખ થતું જોઈ પહેલો સુખી બનતો. આવા નિઃસ્વાર્થી પ્રેમમાં તેઓ બન્ને સાથે ઉછર્યા હતા.

ભૂતદત્ત ચંડાલને (આ પ્રેમી બાંધવોના પિતાને) એકદા તે નગરીના રાજાએ હુકમ ફરમાવ્યો કે " મ્હારા પ્રધાન નમુચિએ એક મહાન્ અપરાધ કર્યો છે માટે ત્હેનો તું હમણાંને હમણાંજ શહેર બહાર જઈ વધ કર."

આ હુકમનો અમલ કરતી વખત ભૂતદત્તને પ્રધાન ઉપર દયા આવવાથી તેણે દીવાનને કહ્યું: " જો તું મ્હારા ઘરમાં ભોંયરામાં છુપાઈ રહી મ્હારા બન્ને પુત્રોને વિદ્યા ભણાવવાનું કબુલ કરે તો ત્હારો જીવ બચાવું."

આ શરત પ્રધાને કબુલ રાખી અને ચંડાળને ઘેર ભોંયરામાં રહી ચિત્ર તથા સંભૂત બન્નેને વિવિધ વિદ્યા–કલાનું શિક્ષણ આપવા માંડયું.

પરન્તુ પ્રધાને એકાંતનો લાભ લઇ ચંડાલપત્ની સાથે વ્યભિચાર સેવવાથી ચંડાલે ત્હેને મારીને ઘરમાંથી કહાડી મૂક્યો. ત્હયાંથી તે હસ્તિનાગપુર ગયો, જ્હયાં સનત્કુમાર ચક્રવર્તીએ ત્હેને પ્રધાન પદ આપ્યું.

હવે, ચિત્ર અને સંભુત બન્ને ચંડાલપુત્રો નગર વચ્ચે એવું તો મધુરૂં ગાયન કરવા લાગ્યા કે હજારો લોકો ત્હેમની આસપાસ એકઠા થવા લાગ્યા. કોઇ ઇર્ષાખોરે રાજાને ચાડી ખાધી કે આ બે ચંડાલપુત્રો લોકોને પોતાના સ્પર્શથી ભ્રષ્ટ કરે છે, અને ભવિષ્યમાં વશીકરણ વિદ્યાથી વધુ નુકસાન નહી બેસશે; માટે અત્યારથી ચેતવાની જરૂર છે. કાચા કાનના રાજાએ તે ઉપરથી તે બન્નેને શહેરમાંથી કહાડી મૂક્યા. તે છતાં એક વખત તેઓ વેશ બદલીને શહેરમાં આવી મધુર ગીત ગાતા હતા, એવામાં રાજ પુરૂષોએ ત્હેમને પુષ્કળ માર મારી શહેરમાંથી બહાર કહાડયા.

વિદ્યા છતાં આવું અપમાન માત્ર હલકા કૂળમાં જન્મવાને લીધેજ સહવું પડે છે, એ જોઈ તેઓને ઘણું લાગી આવ્યું. તેઓએ એજ ઘડીએ પહાડ ઉપર ચ્હડીને ઝંપાપાત કરવાનો નિશ્ચય કર્યો.

આત્મહત્યાનો નિશ્ચય કરી તે બન્ને ભાઇઓ એક પર્વતના ઉંચા શિખર ઉપર ગયા, જ્યહાં તેઓએ જળથી ભરેલા વાદળા સરખા એક ગંભીર અને શીતલ સ્વભાવી મહાત્માને ધ્યાનારૂઢ દશામાં જોયા. બન્ને ભાઇઓ તે મહાત્માના પગે પડયા, એવામાં મહાત્માનું ધ્યાન સમાપ્ત થયેલું હોવાથી ત્હેમણે આ બે દુઃખી યુવાનોને જોઈ ત્હેમના દુઃખનું કારણ પૂછયું. તેઓએ પોતાની સર્વ હકીકત કહી અને છેવટે ઝંપાપાત કરવાનો પોતાનો નિશ્ચય પણ કહી દીધો. મહાત્માએ શાન્ત વદને કહ્યું: “ હે ભવ્યો ! દુઃખમાંથી મુક્ત થવાને માટે ત્હમે જે રસ્તો શોધ્યો છે, તે ભયંકર અને ખોટો છે. તે રસ્તે જવાથી ત્હમને દુઃખમુક્તિ કદીએ નહિ મળે. હલકા કૂળમાં જન્મ આપનારાં પૂર્વ કર્મોનો નાશ કરવાનો આ રસ્તો નથી; આ રસ્તાથી તો માત્ર સ્થૂલ શરીરનો નાશ થશે. પૂર્વ કર્મોના નાશ માટે તો જ્ઞાન અને તપરૂપી અગ્નિમાં ઝંપાપાત કરવો જોઇએ. ”

એવા તે મહાત્માના શુદ્ધ આત્મબળે એ દુઃખી પુરૂષોના બળતા આત્મા ઉપર એવી તો જાદુઇ અસર કરી કે તેઓએ જ્ઞાનાભ્યાસ શરૂ કર્યો અને સાધુ થઈ ભૂમંડલમાં વિચરવા માંડયું. આ અવસ્થામાં પણ તે બન્ને ભાઇઓ સાથેજ વિહાર કરતા.

એક વખતે એક માસના ઉપવાસને પારણે હસ્તિનાગપુર નગરમાં ગોચરી માટે જતા હતા. તેવામાં તે બન્ને સાધુઓને પ્રધાન નમુચિએ દીઠા. ત્હેના મનમાં ફાળ પડી કે જો આ ચંડાલપુત્રો મ્હારી હકીકત લોકોમાં જાહેર કરશે તો મ્હારે લજવાઈ મરવું પડશે. તેથી ત્હેણે તે બન્નેને પોતાના સેવકો પાસે ખુબ માર મરાવ્યો અને બંદુકના કુંદાથી

માર મારતા તે સેવકો ત્હેમને શહેર બહાર કહાડવા લાગ્યા. સંભૂત મુનિને આ પરિસહ વખતે અત્યંત ક્રોધ વ્યાપ્ત થયો. ત્હેના મુખમાંથી અકાળે વાદળાં સરખી વરાળો નીકળવા લાગી અને તે પછી જાજ્વલ્યમાન એવી તેજોલેશ્યા નીકળી, જે વીજળીની પેઠે આકાશમાં ફેલાવા લાગી.

આ ગજબ જોઈ લોકો ભયભીત થઇ મુનિને શાન્ત કરવા એકઠા થયા અને પાછળથી ખુદ સનત્કુમાર ચક્રી પણ અંતઃપુર સાથે મુનિને વાંદવા તથા ખમાવવા આવ્યો. પરન્તુ આ સર્વની આજીજી વ્યર્થ ગઇ. છેવટે ચિત્ર મુનિએ પણ બંધુને મિષ્ટ ઇષ્ટ વચનોથી શાન્ત કરવાની કોશીસ કરી, જે પણ નિષ્ફળ ગઇ.

આજીજીઓ સર્વ નિષ્ફળ ગઇ પણ એક સ્ત્રીનાં દર્શન અને સ્પર્શ માત્રથી તેજોલેશ્યા શમી ગઈ! એમ બન્યું કે સનત્કુમાર ચક્રીની પટ્ટરાણી સુનંદા કે જે અત્યંત મનોહર સ્વરૂપવાળી હતી તે સંભૂત મુનિને નમસ્કાર કરતી હતી. તેવામાં તેણીના લલાટનો સ્પર્શ મુનિને થઇ જવાથી મુનિ રોમાંચિત થયા અને તેથી ક્રોધે ખેપટીઆં મુક્યાં! એક મ્યાનમાં બે તરવાર કેવી રીતે સમાય ?

મુનિએ તે પછી સ્ત્રીની લાલસાને લીધે નિદાન કર્યું કે " મ્હારા આ દુષ્કર તપ-સંયમનું કાંઇ પણ ફળ હોય તો આવતા ભવમાં હું પણ સ્ત્રીરત્નનો પતિ થાઉં એમ બનજો! " આવું નિયાણું બાંધ્યું. નિયાણાની-ઉત્કટ ઇચ્છા અથવા ઉત્કટ વાસનાનો પ્રતાપ કેવો છે તે આપણે આગળ જતાં જોઇશું.

અહો સ્ત્રીની લાલસા-કામભોગની લાલસા શું અકૃત્ય નથી કરાવતી? સીંદુરથી પુરેલા સ્ત્રીના સેંથામાં મોહનારા બિચારા જાણતા નથી કે તેઓ તો સિમંતક નામના નરકાવાસમાં મોહે છે! વનીતાનું વદન જોવામા રચ્યા રહેનાર બિચારાને ખબર નથી કે કાળનું મુખ

જવાનું નજદીકમાંજ છે! સ્ત્રીના કંઠમાં કર નાખનારને વિચાર થતો નથી કે આજકાલમાં પોતાના પ્રાણ કંઠાકંઠ થવાના છે! સ્ત્રીના કરરૂપી લતાના આલીંગનથી સુખી થનારો મૂઢ સમજતો નથી કે કર્મબંધનથી પોતે સજ્જડ બંધાય છે! સ્ત્રીના હોઠનું પાન કરતી વખતે મૂર્ખ નરને એટલુંએ સુઝતું નથી કે પોતાનું આયુષ્ય કૃતાંત અથવા કામદેવથી પીવાય છે! કુચકુંભકનકને જોનારો મૂઢ નરકકુંભિપાકનાં દુ:ખો ભૂલીજ જાય છે! અરેરે, દીવાની જ્યોતને સુવર્ણ ધારીને ભસ્મીભૂત થનારા પતંગીયા જેવા મનુષ્યો કેટલી બધી ખોટ ખાય છે!

ચિત્ર મુનિએ બંધુને ઘણીએ સલાહ આપી પણ ત્હેણે તે વાત કાન પર લીધી નહિ. છેવટે બન્ને ભાઇઓ અનશન વ્રત કરી, આરાધી, આયુઃ કર્મનો ક્ષય થવાથી કાળ કરી સુધર્મ દેવલોકમાં દેવતાપણે ઉપન્યા.

* * * * *

આ પ્રમાણે બ્રહ્મદત્તને પોતાના પાછલા ભવનું જ્ઞાન થયું. એટલુંજ નહિ પણ તે ભવ પહેલાંના પણ ભવો દેખાયા. તે પહેલાંના ભવોમાં તેઓ ગંગા નદીમાં યુગ્મરૂપે હંસનો ભવ પામીને ધીવરના હાથે મૃત્યુ પામ્યા હતા. અને એક પર્વતના મેદાનમાં મૃગપુત્રો તરીકેનો ભવ પામીને સાથેજ શીકારીના હાથે મુઆ હતા. આમ ત્હેમનો અગાધ પ્રેમ ત્હેમને ભવાંતરમાં પણ સાથે ને સાથેજ રાખતો હતો. તેથી હવે બ્રહ્મદત્તે પોતાના પૂર્વજન્મના પ્રેમીબંધુને શોધી કહાડવા ઇચ્છયું. ત્હેણે એક અડધો શ્લોક બનાવી ત્હેમાં પાછલા ભવોનું અધુરૂં વર્ણન કર્યું. અને તે શ્લોકાર્ધ સાથે માણસોને ગામોગામ-દેશોદેશ મોકલ્યા અને તેઓ પાસે એમ જાહેર કરાવ્યું કે જે કોઇ આ શ્લોકાર્ધની પછીનું બીજું પદ લખી આપશે ત્હેને પ્રિતિદાન દેવામાં આવશે.

ઘણાએ વિદ્વાનોએ પોતાની બુદ્ધિની અજમાયશ કરી પણ અહીં બુદ્ધિનું કશું કામ હતુંજ નહિ. અહીં તો **અનુભવ**નો સવાલ હતો. તેથી કોઇની કૃતિ રાજાને પસંદ પડી નહિ.

છેવટે, પુરીમતાલા નગરના શેઠના પુત્ર ચિત્રકુમારે જાતિસ્મરણ જ્ઞાનથી દિક્ષા ધારણ કરેલી તેઓ વિહાર કરતા કરતા આ નગરની બહાર ઉદ્યાનમાં પધાર્યા હતા. ત્હેમણે માળીના મ્હોડેથી અર્ધશ્લોક સાંભળ્યો અને પોતેજ પૂરો કરી આપ્યો.

આખો શ્લોક લઈ માળી બ્રહ્મદત્ત રાજાને મળ્યો. રાજા ખુશી થયો અને આ શ્લોક બનાવનારનો પત્તો પૂછ્યો. તેણે મુનિનો પત્તો આપતાં, રાજાએ ત્હેને પુષ્કળ બક્ષિસ આપી પ્રસન્ન કર્યો અને પોતે ઘણી ચતુરંગી સેના સાથે લેઇને મુનિ પાસે ગયો. મુનિને જોઇ હર્ષથી ગદ્‌ગદીત કંઠે પોતાની સાથે રાજ્યલક્ષ્મી ભોગવવાનું આમંત્રણ આપ્યું. પરન્તુ ચિત્ર-મુનિએ બંધુને આત્મજ્ઞાન આપીને સ્થુલ પદાર્થોના માયામય સુખમાંથી વિરક્ત બનાવી ખરા અને જાથુના આનંદની પીછાન કરાવી. એમ કરી પોતે ત્યહાંથી વિહાર કર્યો.

ચિત્ર મુનિ અનેક જીવને તારી કર્મક્ષય કરી કૈવલ્ય પામીને મોક્ષમાં ગયા.

સંભૂતનો જીવ અથવા બ્રહ્મદત્ત ચક્રવર્તીનો જીવ ચિત્રની અસાધારણ મદદ (ઉપદેશના રૂપમાં) મળવાને સબબે જરૂર તેવીજ ગતિ પ્રાપ્ત કરત; પરન્તુ જે નિયાણું ત્હેણે બાંધ્યું હતું ત્હેને લીધે આ ભવમાં તો ત્હેને વિષય-કષાય વગર બીજા કશામાં આનંદ પડે તેમ હતુંજ નહિ. કારણ કે એ દશા તો ત્હેણે માગી લીધી હતી !

આથી ત્હેણે અનેક મનુષ્યોની હિંસા કરી છેવટે સાતમી નરક પ્રાપ્ત કરી !

અલબત મનુષ્ય પોતાનીજ કરણીનું ફળ ભોગવે છે; પરન્તુ નિઃસ્વાર્થ પ્રેમ એ મદદ કરવા તો દોડે છેજ.

સમાપ્ત.

દરેક માણસે ખરીદવા લાયક ઉત્તમ પુસ્તકો.

નામ.	કીંમત.
*૧ ગુજરાતી શબ્દાર્થ કોષ (બીજી આવૃત્તિ)	૦–૬–૦
૨ પ્રાણીહિંસા અને પ્રાણી ખોરાક નિષેધક (બીજી આવૃત્તિ)	૦–૫–૦
૩ સદુપદેશ માળા (બીજી આવૃત્તિ) કાચું પુંઠું ...	૦–૬–૦
*૪ સતી દમયંતી (નૉવેલ છબી સાથે)	૦–૬–૦
૫ શ્રાવકની આલોયણા બાળબોધ લિપિ (બીજી આવૃત્તિ)	૦–૩–૦
૬ એંગ્લ ગુજરાતી લિપિ (ત્રીજી આવૃત્તિ)... ...	૦–૨–૦
૭ બારવ્રત...	૦–૨–૦
૮ મોતી કાવ્ય. (ખંડ ૧ લો)	૦–૨–૦
૯ સુબોધ કથામાળા.	૦–૩–૦
૧૦ †શ્રી રામરાસ...	૧–૮–૦
૧૧ સાત સુત્રોનો સાર.	૦–૮–૦
૧૨ સંસારમાં સુખ ક્યાં છે ? ભાગ ૧ લો	૦–૪–૦
૧૩ સંસારમાં સુખ ક્યાં છે ? ભાગ ૧–૨ ભેગો... ...	૦–૬–૦
૧૪ ખરા સુખની કુંચીઓ	૦–૬–૦
૧૫ નમીરાજ (આધ્યાત્મિક નૉવેલ)	૦–૮–૦

* આ ચિન્હવાળાં પુસ્તકો સરકારી તથા ગાયકવાડી કેળવણી ખાતાએ ઇનામ તથા લાઇબ્રેરી સારૂ મંજૂર કર્યા છે.

† આ રાસનું પુસ્તક મુનિશ્રી કેસરાજજીએ સંવત ૧૬૮૩ માં રચેલું તે ઘણું અશુદ્ધ હોવાથી શુદ્ધ કરીને બાળબોધ લિપિમાં ટીકા સહિત છપાવ્યું છે, તે નામદાર ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ લાઇબ્રેરીમાં રાખવા સારૂ મંજૂર કીધું છે.